

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

رَبِّ زِدْنِيْ عِلْمًا وَّارْزُقْنِيْ فَهْمًا

**અય મારા રબ! મારું ઈલ્મ વધાર,**
**અને મને સમજદારીની રોજી અતા કર.**



**સરપરસ્ત**

**મર્હૂમ અલ્હાજ પીર સૈયદ મોહંમદ મુજાહિદહુસૈન જાફરી (રહ.) અને પીર સૈયદ મોહંમદ કામરાનહુસૈન જાફરી (મદ્દે.)**




અખિલ ગુજરાત શીઆ જાફરી મશાયખી મોમિન સમાજનું ગૌરવવંતુ સામયિક

# جعفری آواز

# જાફરી આવાઝ

શીઆ જાફરી મશાયખી વિકાસ મંડળનું મુખપત્ર

**Vol.-12, Issue-3, February-2025**

વર્ષ : ૪૨ સળંગ અંક : ૫૧૮



**સંપાદક મંડળ**

આદ્ય તંત્રી : મર્હૂમ 'દીપક' દાંત્રેલિયા

તંત્રી : કાસિમભાઈ વિજાપુરા–૯૪૨૬૫૪૧૪૭૨

સહતંત્રી : ફૈઝમોહંમદ મસી

સલાહ–માર્ગદર્શન : મૌલવી હાસમભાઈ ગાંધી (સિદ્ધપુર)

લેસર&ગ્રાફીક વર્ક : શબ્બીરઅલી રેવાસીયા
અકબરહુસૈન ફત્તેહ

**વ્યવસ્થાપક મંડળ**

વ્યવસ્થાપક : રઝાઅલી ખાણશીયા–૮૪૬૦૪૯૨૪૨૯



**કાર્યાલયનું સરનામું**

**'જાફરી આવાઝ' (માસિક)**

મુ.પો. ઈલોલ તલાવ, તા. હિંમતનગર, જિ. સાબરકાંઠા
પીન – ૩૮૩૨૨૦

Website : www.jafariaawaz.com ❄ email : jafariaawaz@gmail.com


Title Calligraphy: www.freepik.com

## લેખાનુક્રમ


- **ઉઘડતે પાને**

હિદાયત: હઝરત સુલયમાન (અ.)નો કિસ્સો . 3

- **તંત્રી લેખ**

અલ્લાહની કુદરત ............................. 7

- **કુરઆન અને હદીસ**

કુરઆન શિક્ષણ ...............................11

ગુરરુલ હિકમ ................................13

નહ્જુલ અસરાર ..............................15

- **તરીકત**

મશાયખવાણી...............................19

- **અદબિયાત**

મીર અનીસના મરસિયા .................... 23

- **તારીખ અને ભૂગોળ**

સીરતે અઈમ્માએ અહલેબૈત (અ.)......... 27

અલ ઈર્શાદ ..................................31

- **અખ્લાક**

જ્ઞાનગોષ્ઠિ ....................................37

તહ્ઝીબુલ ઈસ્લામ ...........................41

આધુનિક સમયમાં એક મુસ્લિમ માટે માર્ગદર્શન.. 45

- **દુઆ અને મુનાજાત**

ઈબાદાત......................................51

- **અન્ય**

વ્યક્તિ વિશેષ – ઝુહૈર ઈબ્ને કૈન ઈબ્ને કૈસ બજલી (અ.) 57

ખુત્બએ શાબાનીયા ..........................61

આપણા ઘરની વાતો ........................ 63

'જાફરી આવાઝ'ને મળેલ ડોનેશન........... 65

## હિદાયત:

# હઝરત સુલયમાન (અ.)નો કિસ્સો

અલ્હાજ પીર સૈયદ મોહંમદ મુજાહિદહુસૈન જાફરી (રહ.)

اَعُوْذُ بِاللّٰهِ مِنَ الشَّيْطَانِ الرَّجِيْمِ

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

اَلْحَمْدُ لِلّٰهِ رَبِّ الْعٰلَمِيْنَ وَالصَّلٰوةُ وَالسَّلَامُ

عَلٰى مُحَمَّدٍ وَّاٰلِهِ الطَّيِّبِيْنَ

આજે હઝરત સુલયમાન (અ.) વિષે આપણે જોઈ લઈએ.

قرآن کریم میں حضرت داوودؑ کو سلیمانؑ جیسا باشرف بیٹا عطا فرمانے کی خبر دی گئی ہے کہ جو ان کی حکومت و رسالت کو باقی و جاری رکھنے والے تھے۔

હઝરત દાવૂદ (અ.)ને રિસાલતની સાથેસાથે હુકૂમત પણ આપેલી અલ્લાહે. અને એ જ હુકૂમત અને રિસાલતને આગળ વધારવાવાળા એમના દીકરા સુલયમાન (અ.) થયા. કુરઆન શરીફ તેમનો આ રીતે પરિચય કરાવે છે.

"ہم نے داوودؑ کو سلیمانؑ عطا کیا، کیا ہی اچھا بندہ تھا کیونکہ وہ ہمیشہ دامن خدا کی طرف اور آغوش حق کی طرف لوٹتا تھا۔"

(સૂરા સાદ, આયત-૩૦)

પ્રશંસા કરતાં અલ્લાહ ફરમાવે છે કે, દાવૂદ (અ.)ના દીકરા હઝરત સુલયમાન (અ.), અલ્લાહના ઘણા સારા બંદા હતા, એટલા માટે કે તે ફરી ફરીને — એટલે કે તોબાનું સ્વરૂપ છે આ — અલ્લાહ તરફ અને હક તરફ, સત્ય તરફ આવતા હતા.

قرآن مجید سلیمانؑ کو خدا کا ایک عظیم پیغمبر شمار کرتا ہے، اور انہیں قدرت اور بے نظیر حکومت کے نمونہ کے طور پر پیش کرتا ہے، اور سلیمانؑ سے مربوط مباحث کے دوران بہت ہی عظیم درس انسانوں کو دیتا ہے، ان داستانوں کے ذکر کرنے کا اصل مقصد وہی ہیں۔ خدا نے اس بزرگ پیغمبر کو بہت ہی عظیم نعمتیں عطا فرمائی تھیں۔ بہت ہی سریع اور تیز رو سواری...

અલ્લાહે કઈ કઈ નેઅમતો હઝરત સુલયમાન (અ.)ને આપી હતી તેમાંથી પહેલી: એક સવારી. દંતકથાઓમાં આપણે શેતરંજીના સ્વરૂપે વાંચીએ છીએ, તે એક સવારી હતી જે એમનો મોઅજિઝો હતી. એ શેતરંજી હોય કે કંઈ પણ હોય, કુરઆન શરીફમાં તેનું સવારીના રીતે વર્ણન કરવામાં આવ્યું છે.

تیز رو سواری کہ جس کے ذریعے وہ مختصر سی مدّت میں اپنے سارے ملک کی سیر کر سکتے تھے۔

એમની સવારી એવી હતી કે એમની આખી સલ્તનત કે આખો દેશ જે હતો, તેમાં થોડાક જ

સમયમાં તેની મુસાફરી કરી શકતા હતા.

مختلف صنعتوں کے لئے فراواں معدنی مواد۔

આ છે ટેકનોલૉજી માટે અલ્લાહે જે ભૌતિક નેઅમતો આપેલી છે એનો ઝિક્ર. આપણે જોઈ ગયા હઝરત ઝુલ્કરનૈનના કિસ્સામાં. એમને પણ અલ્લાહે આ બધી વસ્તુઓ આપેલી હતી ટેકનોલૉજી માટે, પરંતુ ઝુલ્કરનૈન પયગમ્બર ન હતા, અને સુલયમાન (અ.) રસૂલ છે, એટલે કે હઝરત દાવૂદ (અ.)ના જાનશીન છે.

اس معدنی مواد کو استعمال کرنے کے لئے کافی فعال قوت۔

અને આ બધી જે ટેકનોલૉજીની સામગ્રી આપી, એનો ઉપયોગ કરવા માટે લોકોની મદદ પણ સુલયમાન (અ.)ને આપી અલ્લાહે.

انہوں نے ان وسائل سے فائدہ اٹھاتے ہوئے بڑے بڑے عبادت خانے بنائے،

લોકોને ઈબાદત તરફ રાગિબ કરવા માટે ઈબાદતખાનાઓ બનાવ્યાં.

اور لوگوں کو عبادت کی طرف ترغیب دی، علاوہ ازیں حکومت کی فوجوں، کارکنوں اور کمزور لوگوں کے طبقات کی پذیرائی کے لئے وسیع و عریض پروگرام منظّم کیا،

ગરીબ લોકો માટે સુલયમાન (અ.)એ સારા એવા પ્રોગ્રામો બનાવ્યા.

کہ جس کے برتنوں کے نمونہ سے باقی چیزوں کا اندازہ لگایا جا سکتا ہے۔

સુલયમાન (અ.)ના જમાનાનાં વાસણો, હાલ જે જોવામાં આવે છે એનાથી અંદાજો આવે છે કે સુલયમાન (અ.)એ કેવાં કેવાં પ્રયોજનો ગરીબો માટે અને તેમના લોકો માટે કર્યાં હશે.

ان تمام نعمتوں کے مقابلہ میں انہیں شکر گزاری کا حکم دیا،

અલ્લાહે કીધું કે, આ બધી નેઅમતો મેં તમને આપી છે. હવે તમારી ફરજ છે, ફક્ત મારી શુક્રગુઝારી, કદમ કદમ પર મારી શુક્રગુઝારી કરતા રહો.

اس مطلب پر تاکید کرتے ہوئے کہ خدا کی نعمتوں کے شکر کا حق بہت ہی کم لوگ ادا کر سکتے ہیں۔ اس کے بعد یہ واضح و روشن کیا کہ ایک شخص اس قدرت و عظمت کے باوجود موت کے مقابلہ میں کتنا کمزور اور ناتواں تھا،

હવે આગળ પણ આવશે, પણ અહીં પણ થોડુંક વર્ણન આમણે કરી દીધું છે. કુરઆન શરીફમાં જેમ હઝરત સુલયમાન (અ.)નું મોત કેવી રીતે થયું તેની આયતો છે કે, સુલયમાન (અ.)ને એવી સલ્તનત અતા કરવામાં આવી હતી કે બધા જિન હોય કે પક્ષી હોય કે જનાવર હોય, બધાં તેમની રૈયત હતાં. તેમ છતાં જ્યારે તેમનું મોત આવ્યું, તો એવી રીતે આવ્યું કે કોઈને ખબરેય ના પડી. આ એક ઈબ્રતનાક મોત છે. આલિમો લખે છે કે આવા મોટા બાદશાહનું મોત આવી ગયું અને કોઈને ખબરેય ના પડી. આ એક ઈબ્રતનાક મોત હતું. પરંતુ હું વિચારું

છું તો મને એ પણ લાગે છે કે આ બાશરફ મોત પણ હોઈ શકે, ઈબ્રતનાક જ શા માટે? કોઈ માણસને એવી રીતે મોત આવે કે એને તકલીફ જ ના થાય, તો આ ઈબ્રતનાક ગણાય કે બાશરફ મોત ગણાય? પણ એ બધો આલિમોનો વિવાદ છે. આપણે કુરઆન શરીફની આયતો જોઈએ.

کہ وہ ایک ہی لمحہ میں ناگہانی موت کے ذریعہ دنیا سے چل بسا،

એક ક્ષણમાં જ.

اس طرح سے کہ اجل نے اسے بیٹھنے یا بستر پر لیٹنے کی مہلت بھی نہ دی،

ન બેસવાની મહેતલ આપી, ન પથારી ઉપર આડા પડવાની.

تاکہ مغرور، سرکشی کرنے والے یہ گمان نہ کر لیں کہ اگر وہ کسی مقام پر پہنچ جائیں اور قدرت و قوّت حاصل کر لیں تو واقعی طور پر وہ توانا ہو گئے ہیں، وہ جس کے سامنے جن اور انسان، شیطان و پری خدمت میں لگے ہوئے تھے، اور زمین و آسمان جس کی جولانگاہ تھے، اور جس کی حشمت اور شان و شوکت میں جو بھی شک کرے اس کی عقل و فکر پر مرغ و ماہی قہقہہ لگائیں،

એવી શાનોશૌકત હતી કે કોઈ એમ કહે કે સુલયમાન (અ.)ની કોઈ શાનોશૌકત જ નથી, તો એ તો નરી મૂર્ખામી છે. એવી શાનોશૌકતવાળા સુલયમાન (અ.)ને, આ લોકો કહે છે કે, આવું મોત અલ્લાહ તઆલાએ એટલા માટે આપ્યું કે જેથી જે રાજાઓ હોય તે સબક લઈ લે અને સમજી જાય કે આવા સુલયમાન (અ.)નું મોત આવી રીતે થયું છે, તો તેઓ પણ સુરક્ષિત નથી. મોત આવશે તો તેમને પણ લઈ ડૂબશે.

اور وہ ایک مختصر سے لمحہ میں سمندر کی موجوں پر ابھرنے والے بلبلے کی طرح محو و نابود ہو گیا۔

આવો બાદશાહ એક ક્ષણમાં નાબૂદ થઈ ગયો.

اور یہ بھی واضح و روشن کر دے کہ ایک ناچیز عصا اسے ایک مدّت تک کس طرح اٹھائے رہا اور جن اسے کھڑے ہوئے یا بیٹھے ہوئے دیکھتے رہنے کی وجہ سے کیسے سرگرمی کے ساتھ اپنے کاموں میں مشغول رہے۔

સુલયમાન (અ.)ને, આપણે જાણીએ છીએ કે, જ્યારે એમને મોત આવ્યું તો એમનો અસા, જે લાકડી હતી, તેની સાથે ઊભા હતા અને સામે જિન — જે તેમની રૈયતમાંથી હતા, તે — એક મહેલ બનાવી રહ્યા હતા, અને સુલયમાન (અ.)ને મોત આવી ગયું, અને જિન લોકો એમને ઊભા ને ઊભા જોઈને, જાણે કે અમારો રાજા અમને જોઈ જ રહ્યો છે, તેમ બિલકુલ જોશથી કામ કરતા ગયા અને કામ પૂરું થઈ ગયું, પછી એ નીચેથી ઊધઈ લાગવા માંડી તેમના અસાને, અને અસા તૂટ્યો એટલે સુલયમાન (અ.) પડી ગયા, ત્યારે બધાને ખબર પડી કે સુલયમાન (અ.)ને મોત આવી ચૂક્યું છે.

اور یہ بھی دکھا دے کہ دیمک نے انہیں کس

طرح زمین پر گرایا اور ان کے ملک کے تمام رشتوں کو توڑ کے رکھ دیا۔

આ બધા મનનમંથન કરે છે કે, આવા મોટા રાજા, જેમની આસમાન અને જમીનમાં રાજાશાહી ચાલતી હતી, એક ઊધઈએ કેવી રીતે તેમની સલ્તનતને આમતેમ દરહમ અને બરહમ કરી નાખી.

ہاں! ایک عصا ہی اس وسیع و عریض ملک کی فعال قوت کو بروئے کار لائے ہوئے تھا، اور ایک چھوٹی سی دیمک نے اس کو حرکت سے روک دیا۔

મોત પછી આખી સલ્તનતને ચાલુ રાખી જેણે, એ અસા હતો, અને જેણે સલ્તનતનો અંત લાવી દીધો, એ ઊધઈ હતી. (ક્રમશઃ)


**હોટલ વેચવાની છે.**

**રીલીફ રોડ (અમદાવાદ)માં ચાલું કન્ડિશનમાં હોટલ વેચાણથી આપવાની છે.**

- ૩૦ રૂમ વીથ અટેચ બાથરૂમ
- ૩ માળનું સેપરેટ બિલ્ડીંગ
- સેપરેટ લિફ્ટ
- સેપરેટ બોર
- સેપરેટ ટેરેસ વિથ સ્ટાફ રૂમ

**કોન્ટેક્ટ નંબર : 9998465185**

ZEENAT JEWELLERS
શુદ્ધતા અને વિશ્વાસ નું પ્રતીક

SabirHusain
+91 90991 86492
+91 93287 54113



પ્રિયજનને સરપ્રાઇઝ આપો, જવેલરીની ભેટ આપીને, જે છે હરહંમેશ માટે.

ઝીનત જવેલર્સ ઓછા વજનની આધુનિક જવેલરીનું સંપૂર્ણપણે નવું કલેકશન રજુ કરે છે, રીયલ ડાયમંટ સર્ટિફીકેટ સાથે, આકર્ષક ડિઝાઇન, વ્યાજબી કિંમતમાં.



અમારી વિશેષતાઓઃ
પ્રામાણિક અને પારદર્શક વ્યવહાર
સોનાની શુદ્ધતાની 100% ગેરંટી
લગ્ન પ્રસંગ માટે વિશાળ દાગીનાની વેરાયટી

BIS



બ્રેસલેટ | પ્લેટિનમ રીંગ | કાનની બુટ્ટી | ચાંદીની પાયલ | પેન્ડન્ટ | ચાંદીની લકી | ચાંદીની ચેઇન

અમારા સોનાનાં ભાવ, કવોલીટી અને મેકીંગ ચાર્જીસની સરખામણી અન્ય કોઇપણ ઓફર સાથે સરખાવી જો જો

Gold - Silver Price Update

જી. 70,71, અલ ગદીર ધ બિઝનેસ હબ, હોટલ વે-વેઇટ ચોકડી, રસૂલપુર, ખેરાલુ 384325

+91 90991 86492

# અલ્લાહની કુદરત

મોમિન કાસિમભાઈ વિજાપુરા (મહેરપુરા)

بِسۡمِ اللّٰهِ الرَّحۡمٰنِ الرَّحِیۡمِ

اَلۡحَمۡدُ لِلّٰهِ رَبِّ الۡعَالَمِیۡنَ وَالصَّلَاةُ وَالسَّلَامُ عَلٰی مُحَمَّدٍ وَّاٰلِهِ الطَّیِّبِیۡنَ

قَالَ اللّٰهُ تَبَارَكَ وَتَعَالٰی فِی الۡقُرۡاٰنِ الۡمَجِیۡدِ وَالۡفُرۡقَانِ الۡحَمِیۡدِ

اِنَّ اللّٰهَ عَلٰی كُلِّ شَیۡءٍ قَدِیۡرٌ

*(બેશક, અલ્લાહ તઆલા દરેક વસ્તુ પર કુદરત ધરાવનારો છે.)*

કિતાબ 'અત્તૌહીદ'માં હઝરત ઈમામ અલી નકી (અ.)થી એક લાંબી હદીસ મન્કૂલ છે. એમાં બીજી બાબતો ઉપરાંત આપ (અ.)એ આવું પણ ફરમાવ્યું છે:

"જ્યારે તમે اِنَّ اللّٰهَ عَلٰی كُلِّ شَیۡءٍ قَدِیۡرٌ કહો છો, તો તમે એ બાબતની ખબર આપો છો કે અલ્લાહને કોઈ ચીજ આજિઝ (લાચાર) કરી શકતી નથી. આ શબ્દો દ્વારા તમે અલ્લાહની લાચારીને નામંજૂર કરો છો અને ગૈરુલ્લાહને (અર્થાત્ અલ્લાહ સિવાયના બીજાઓને) લાચાર સાબિત કરો છો."

આ જ સનદોથી અબૂ બશીર કહે છે કે મેં હઝરત ઈમામ જાફર સાદિક (અ.)થી સાંભળ્યું છે કે આપ (અ.) આવું ફરમાવ્યા કરતા હતા:

"આપણો રબ એ વખતે પણ આલિમ હતો જ્યારે કે માઅલૂમ (એટલે કે જાણીતી) વસ્તુ પણ અસ્તિત્વમાં આવી ન હતી, અને તે એ વખતે પણ સમીઅ (સાંભળવાવાળો) હતો કે જ્યારે સાંભળી શકાય તેવો કોઈ અવાજ પેદા થયો ન હતો, અને એ વખતે પણ બસીર (જોવાવાળો) હતો કે જ્યારે જોઈ શકાય તેવી કોઈ વસ્તુ હજુ પેદા પણ થઈ ન હતી, અને તે એ વખતે પણ કદીર (કુદરત ધરાવનારો) હતો કે જ્યારે કોઈ શકિત ધરાવતી વસ્તુ અસ્તિત્વમાં આવી ન હતી; અને જ્યારે તેણે વસ્તુઓને પેદા કરી, તો જે ચીજો માઅલૂમ હતી, તેમના ઉપર અલ્લાહનું ઈલ્મ અસ્તિત્વમાં આવ્યું; અને જે ચીજો સાંભળી શકાય તેવી હતી, તેમના ઉપર અલ્લાહની સાંભળવાની શકિત અસ્તિત્વમાં આવી; અને જે વસ્તુઓ જોઈ શકાય તેવી હતી, તેમના ઉપર અલ્લાહની દૃષ્ટિ પડી; અને જે વસ્તુઓ શકિતવાળી હતી, તેમના પર અલ્લાહની શકિત પડી.

વસ્તુઓનું સર્જન થયું તેના પહેલાં ઈલ્મ, શ્રવણ, દૃષ્ટિ અને કુદરત (એ બધું) તેની એક ઝાત જ હતી."

કિતાબ "અત્તૌહીદ'માં લખેલું છે કે કુખ્યાત

નાસ્તિક અબ્દુલ્લાહ દલીશાની હઝરત ઈમામ જાફર સાદિક (અ.)ના એક શાગિર્દ હિશામ ઈબ્નુલ હકમની પાસે આવ્યો અને તેણે તેમને કહ્યું,

"શું તમે પરવરદિગારમાં માનો છો ખરા?"

હિશામે કહ્યું, "જી હા. હું રબ પર ઈમાન ધરાવું છું."

દલીશાનીએ કહ્યું, "શું તમારો રબ કાદિર (કુદરત ધરાવનારો) પણ છે?"

હિશામે કહ્યું, "જી, હા. અમારો રબ કાદિર પણ છે અને ગાલિબ પણ છે."

દલીશાનીએ કહ્યું, "શું તમારા રબની પાસે એવી કુદરત મોજૂદ છે કે તે આખી દુનિયાને એક ઈંડામાં એવી રીતે બંધ કરી દે કે ન તો દુનિયાની મોટાઈ નાની થાય કે ન તો ઈંડાના કદમાં કોઈ ફેર પડે?"

હિશામે કહ્યું, "આ સવાલના જવાબ માટે મને મોહલત આપો."

દલીશાનીએ કહ્યું, "મારા તરફથી તમને આખા એક વર્ષની મોહલત છે."

આવો સવાલ કરીને તે (નાસ્તિક) ચાલ્યો ગયો. તેના જતા રહેવા પછી હિશામે મુસાફરી કરી અને હઝરત ઈમામ જાફર સાદિક (અ.)ની ખિદમતમાં હાજર થયા. તેમણે દરબાન પાસે અંદર દાખલ થવાની રજા માગી. જ્યારે તેમને ઈજાઝત મળી, તો તેમણે હઝરત ઈમામ જાફર સાદિક (અ.)ને કહ્યું,

"અય ફરઝંદે રસૂલ (સ.)! અબ્દુલ્લાહ દલીશાની (નામના નાસ્તિક)એ મને એક એવી મુસીબતમાં ફસાવી દીધો છે કે જેમાંથી માત્ર અલ્લાહ અને આપ જ મને નજાત આપી શકો તેમ છો."

હઝરત ઈમામ જાફર સાદિક (અ.)એ પૂછ્યું, "તેણે તમને શું પૂછ્યું હતું?"

હિશામે કહ્યું, "તેણે મને એવું પૂછ્યું હતું કે શું અલ્લાહની પાસે એવી કુદરત છે ખરી કે તે આખાય જગતને એક ઈંડામાં એવી રીતે બંધ કરી દે કે ન તો જગત સંકોચાઈ જાય કે ન તો ઈંડું મોટું થઈ જાય?"

હઝરત ઈમામ જાફર સાદિક (અ.)એ ફરમાવ્યું, "અય હિશામ! તારી પાસે ઈંદ્રિયો કેટલી છે?"

હિશામે કહ્યું, "મૌલા! મારી પાસે પાંચ ઈંદ્રિયો છે."

ઈમામ (અ.)એ ફરમાવ્યું, "એ બધીય ઈંદ્રિયોમાં નાનામાં નાની ઈંદ્રિય કઈ છે?"

હિશામે કહ્યું, "મૌલા! આંખ સૌથી નાની ઈંદ્રિય છે."

આપ (અ.)એ ફરીથી ફરમાવ્યું, "તારી આ આંખમાં નિગાહ (અર્થાત્ આંખની કીકી) કેવડી મોટી હોય છે?"

હિશામે જવાબ આપ્યો, "મસૂરના દાણા જેવડી અથવા તો તેના કરતાંય કદમાં થોડી નાની

હોય છે.”

હઝરત ઈમામ જાફર સાદિક (અ.)એ ફરમાવ્યું, “હવે જરા તમે તમારી નજર ઉઠાવીને તમારી આગળ, પાછળ અને ઉપર જુઓ અને એ જોઈને મને બતાવો કે તમે તેના વડે શું શું જોયું?”

હિશામે કહ્યું, “મૌલા! મને એના દ્વારા જમીન, આસમાન, મકાનો, મહેલો, પહાડો અને દરિયા જોવા મળે છે.”

ઈમામ (અ.)એ ફરમાવ્યું, “તો સાંભળો. જે ઝાત આવડી મોટી આકૃતિઓને એક નાનકડી કીકીમાં દાખલ કરી શકતી હોય, તે ઝાત જો ઈચ્છે તો સમગ્ર કાએનાતને એક ઈંડામાં એવી રીતે દાખલ કરી શકે તેમ છે કે ન તો કાએનાત નાની બને કે ન તો ઈંડું મોટું બને.”

જ્યારે હિશામે ઈમામ (અ.)નો આવો જવાબ સાંભળ્યો, તો તેમણે ઝૂકી જઈને આપ (અ.)ના સર મુબારક, હાથ મુબારક અને પગ મુબારકના બોસા લીધા, અને કહ્યું, “અય ફરઝંદે રસૂલ (સ.)! હવે મને મારો જવાબ મળી ગયો.”

મોમિનીન! આ જ કિતાબમાં એવું લખેલું છે કે ઈબ્લીસે હઝરત ઈસા (અ.)ને આવો જ પ્રશ્ન કર્યો હતો, તો તેના જવાબમાં ઈસા (અ.)એ ફરમાવ્યું, “અય ઈબ્લીસ! તારા ઉપર અફસોસ થાય, અલ્લાહને આજિઝી (લાચારી)ની સિફતથી વર્ણવી શકાતો નથી, અને એનાથી વધીને વધારે કુદરત કોની પાસે છે કે જે જમીનને સૂક્ષ્મ બનાવી દે અને ઈંડાને મોટું બનાવી દે?”

આવો જ પ્રશ્ન એક માણસે હઝરત ઈમામ અલી (અ.)ને પૂછ્યો હતો, તો તેના જવાબમાં હઝરત ઈમામ અલી (અ.)એ ફરમાવ્યું, “જી, હા. અલ્લાહ આવું કરવા માટે કાદિર છે, એટલું જ નહીં, પરંતુ જો તે ચાહે તો દુનિયાને અને તેની અંદર જે કંઈ છે તેને ઈંડા કરતાંય નાની ચીજમાં દાખલ કરી શકે છે. અલ્લાહે આ દુનિયા તારી આંખોમાં રાખી છે, જ્યારે કે તે (આંખ) તો ઈંડા કરતાંય નાની છે. જ્યારે તું આંખો ખોલે છે તો તને જમીન અને આસમાન નજરે પડવા લાગે છે, અને જો તે ઈચ્છત તો તને તેમનાથી આંધળો પણ બનાવી શકતો હતો.”

મોમિનીન! એક જ પ્રશ્ન આપણા ત્રણેય ઈમામોને જુદા જુદા જમાનામાં જુદી જુદી વ્યકિતઓએ પૂછ્યા, તેમ છતાંય ત્રણેય ઈમામોના જવાબો એકસરખા હતા. કારણ? કારણ એ જ કે આપણા બધાય ઈમામોને અલ્લાહ તઆલા તરફથી ઈલ્મ મળેલું છે. એ મહાન શકિતશાળી કાદિરે મુત્લક અલ્લાહે જ ચૌદ માઅસૂમીન (અ.)ને ઈલ્મે લદુન્નીથી નવાજ્યા છે.

આપણે પણ હરહંમેશ કુરઆનની આ આયતને નજર સમક્ષ રાખવી જોઈએ:

إِنَّ ٱللَّهَ عَلَىٰ كُلِّ شَيْءٍ قَدِيرٌ

*(બેશક, અલ્લાહ તઆલા દરેક વસ્તુ પર કુદરત ધરાવનારો છે.)*

zoha ELECTRONICS

# ઝોહા ઇલેક્ટ્રોનિક્સ

## ઘર માટે અત્યાધુનિક ઉપકરણો હવે બજેટમાં!

SAMSUNG | LG | Haier | Whirlpool | GENERAL | IFB | HITACHI | DAIKIN | MITSUBISHI ELECTRIC | Crompton

અમારે ત્યાં ટી.વી., ફ્રીઝ, એ.સી., એર કુલર, વોશિંગ મશીન, ઘરઘંટી, ઓવન, મિક્સર, ગ્રાઇન્ડર, બ્લેન્ડર, ચીમની, ગેસ-સગડી, મોબાઇલ, મોબાઇલ એસેસરીઝ, લેપટોપ, પ્રિન્ટર, હેર ટ્રીમર, પંખા, લાઇટ તેમજ ઇલેક્ટ્રોનિક્સ ને લગતા તમામ કંપનીનો સામાન ગુણવત્તા સાથે વાજબી ભાવે મળશે.




હોટેલ, સંસ્થાઓ તેમજ નાના-મોટા ધંધાઓ માટે હોલસેલ ભાવમાં ખરીદી માટે અમારો સંપર્ક કરો.

FIND US ON GOOGLE MAP!

+૯૧ ૯૮૨૫૪ ૧૨૧૪૩
+૯૧ ૮૩૪૭૦ ૯૭૨૯૦
+૯૧ ૯૮૯૮૪ ૪૯૩૩૯

# ઝોહા ઇલેક્ટ્રોનિક્સ

પહેલો માળ, અલ ગદીર ધ બિઝનેસ હબ, વે-વેઇટ ચોકડી, રસુલપુર (ખેરાલુ) - ૩૮૪૩૨૫



# કુરઆન શિક્ષણ

અઝ : આકાએ નામદાર પીર સૈયદ મોહંમદ મુશાહિદહુસૈન જાફરી (રહ.)

## મુનાફિકોની ટેવો અને કવિઓ વિષેની આયતો

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

اِنَّ الَّذِيْنَ يُلْحِدُوْنَ فِيْٓ اٰيٰتِنَا لَا يَخْفَوْنَ عَلَيْنَا ۭ اَفَمَنْ يُّلْقٰى فِى النَّارِ خَيْرٌ اَمْ مَّنْ يَّاْتِيْٓ اٰمِنًا يَّوْمَ الْقِيٰمَةِ ۭ اِعْمَلُوْا مَا شِئْتُمْ ۙ اِنَّهٗ بِمَا تَعْمَلُوْنَ بَصِيْرٌ ﴿٤٠﴾

❁ નિ:સંશય જે લોકો અમારી આયતોને મચડી નાખી (અવળો અર્થ) કરે છે તેઓ અમારાથી છૂપા નથી; શું તે કે જે જહન્નમમાં નાખવામાં આવશે તે સારો છે કે તે કે જે કયામતના દિવસે અમનો અમાનથી આવશે તે? (વારું) તમારું મન ચાહે તે કરતા રહો, નિ:સંશય જે કાંઈ તમે કરી રહ્યા છો તે (સઘળું) તે નિહાળે છે.

**(સૂરા હામીમ સજ્દા, આયત–૪૦)**

---

فَكَيْفَ اِذَا تَوَفَّتْهُمُ الْمَلٰۗىِٕكَةُ يَضْرِبُوْنَ وُجُوْهَهُمْ وَاَدْبَارَهُمْ ﴿٢٧﴾

❁ પણ તે વખતે (તેમની) કેવી દશા થશે કે જ્યારે ફરિશ્તા તેમનો અંત એવી સ્થિતિમાં લાવશે કે તેમનાં મોઢાં તથા પીઠો પર માર મારતા હશે.

**(સૂરા મોહંમદ, આયત–૨૭)**

---

ذٰلِكَ بِاَنَّهُمُ اتَّبَعُوْا مَآ اَسْخَطَ اللّٰهَ وَكَرِهُوْا رِضْوَانَهٗ فَاَحْبَطَ اَعْمَالَهُمْ ﴿٢٨﴾

❁ આ એ માટે કે તેમણે તે વસ્તુનું અનુકરણ કર્યું કે જે અલ્લાહને નારાજ કરતી હતી, અને તેની ખુશી તરફ અણગમો દર્શાવ્યો, આથી તેણે પણ તેમની કરણીઓને નિરર્થક કરી નાખી.

**(સૂરા મોહંમદ, આયત–૨૮)**

اِتَّخَذُوْٓا اَيْمَانَهُمْ جُنَّةً فَصَدُّوْا عَنْ سَبِيْلِ اللّٰهِ فَلَهُمْ عَذَابٌ مُّهِيْنٌ ﴿١٦﴾

❁ તેઓ પોતાની પ્રતિજ્ઞાઓને ઢાલ બનાવે છે અને લોકોને રાહે રાસ્તથી અટકાવે છે, જેથી તેમના માટે હીણપતભર્યો અઝાબ (તૈયાર) છે.

**(સૂરા મુજાદીલાહ, આયત–૧૬)**

---

لَئِنْ اُخْرِجُوْا لَا يَخْرُجُوْنَ مَعَهُمْ ۚ وَلَئِنْ قُوْتِلُوْا لَا يَنْصُرُوْنَهُمْ ۚ وَلَئِنْ نَّصَرُوْهُمْ لَيُوَلُّنَّ الْاَدْبَارَ ۙ ثُمَّ لَا يُنْصَرُوْنَ ﴿١٢﴾

❁ અગર તેઓ કાઢી મૂકાયા તો પણ આ (લોકો) તેમની સાથે હરગિઝ નીકળશે નહીં, અને જો તેમની સાથે યુદ્ધ થયું તો પણ આ (લોકો) તેમની હરગિઝ મદદ કરશે નહીં, અને કદાચને તેમની મદદ કરશે, તો પણ જરૂર તેઓ પીઠ ફેરવી નાસી જશે; અને પછી તેમની કાંઈ મદદ કરવામાં આવશે નહીં.

**(સૂરા હશ્ર, આયત–૧૨)**

---

لَاَنْتُمْ اَشَدُّ رَهْبَةً فِيْ صُدُوْرِهِمْ مِّنَ اللّٰهِ ۜ ذٰلِكَ بِاَنَّهُمْ قَوْمٌ لَّا يَفْقَهُوْنَ ﴿١٣﴾

❁ (અય મોમિનો!) ખચીત જ તેમના મનમાં અલ્લાહ કરતાં વધારે તમારો ભય છવાઈ ગયો છે; આ એ માટે કે આ લોકો સમજ ધરાવતા નથી.

**(સૂરા હશ્ર, આયત–૧૩)**

---

لَا يُقَاتِلُوْنَكُمْ جَمِيْعًا اِلَّا فِيْ قُرًى مُّحَصَّنَةٍ اَوْ مِنْ وَّرَآءِ جُدُرٍ ۜ بَاْسُهُمْ بَيْنَهُمْ شَدِيْدٌ ۜ تَحْسَبُهُمْ جَمِيْعًا وَّقُلُوْبُهُمْ شَتّٰى ۜ ذٰلِكَ بِاَنَّهُمْ قَوْمٌ لَّا يَعْقِلُوْنَ ﴿١٤﴾

❁ આ (લોકો) કદી પણ એકત્ર થઈને તમારી સાથે નહીં લડે, અને જો લડશે તો ફક્ત તેઓ કિલ્લેબંધ વસ્તીઓમાં રહીને, અથવા કિલ્લાની દીવાલોની આડમાં રહીને; તેમની લડાઈ તો માંહે માંહે જ ઘણી સખત છે; તમે તેમને સંગઠિત ધારો છો, પરંતુ તેમનાં મન (એકમેકથી) જુદાં છે; આ એ માટે કે તેઓ બુદ્ધિ ધરાવનારા લોકો નથી.

**(સૂરા હશ્ર, આયત–૧૪)**



# ગુરરુલ હિકમ

غُرَرُ الْحِكَم

(હિકમતની જટિલતા અને ઉપદેશનાં મોતી)
(ઈમામ અલી (અ.)નાં બોધવચનો)

ઉર્દૂમાંથી અનુવાદ : જનાબ સૈયદ ઓવેસએહમદ એડ. જાફરી

## ફાયદો

١۔ اَلْحُظْوَةُ عِنْدَ الْخَالِقِ بِالرَّغْبَةِ فِيْمَا لَدَيْهِ، اَلْحُظْوَةُ عِنْدَ الْمَخْلُوْقِ بِالرَّغْبَةِ عَمَّا فِيْ يَدَيْهِ

૧. અલ્લાહ પાસેથી ફાયદો એ વસ્તુ પર ધ્યાન કેન્દ્રિત કરીને મેળવી શકાય છે, કે જે તેના હાથમાં હોય; જ્યારે લોકો પાસેથી ફાયદો ત્યારે મેળવી શકાય છે કે જ્યારે તેમના હાથમાં જે હોય તેનાથી બેઝાર થઈ જાઓ.

## ભાઈના માટે ખાડો ખોદવો

١۔ مَنْ حَفَرَ بِئْرًا لِاَخِيْهِ اَوْقَعَهُ اللّٰهُ فِيْ بِئْرِهِ

૧. જે પોતાના ભાઈ માટે ખાડો ખોદે છે, અલ્લાહ તેને જ તેમાં પાડે છે.

٢۔ مَنْ حَفَرَ لِاَخِيْهِ الْمُؤْمِنِ بِئْرًا اُوْقِعَ فِيْهَا

૨. જે પોતાના મોમિન ભાઈ માટે ખાડો ખોદે છે, તે પોતે જ તેમાં પડે છે.

## કિન્નાખોરી

١۔ اَلْحِقْدُ مِنْ طَبَايِعِ الْاَشْرَارِ

૧. કિન્નાખોરી દુષ્ટ લોકોની ટેવ છે.

٢۔ اَلْحِقْدُ نَارٌ لَاتُطْفَئُ اِلَّا بِالظَّفَرِ (نَارٌ كَامِنَةٌ لَايُطْفِئُهَا اِلَّا مَوْتٌ اَوْ ظَفَرٌ)

૨. કિન્નો એક આગ સમાન છે કે જે સંપૂર્ણ વિજય વગર બુઝાતી નથી.

٣۔ اَلْحِقْدُ يُذْرِىْ

૩. કિન્નો તેને રાખનારને કોરી ખાય છે.

٤۔ اَلْحِقْدُ شِيْمَةُ الْحَسَدَةِ

૪. કિન્નો રાખવો ઈર્ષાળુઓની ટેવ છે.

٥۔ اَلْحِقْدُ مَثَارُ الْغَضَبِ

૫. કિન્નો ક્રોધની આગને સળગાવે છે.

٦۔ اَلْحِقْدُ اَلْاَمُ الْعُيُوْبِ

૬. કિન્નો એબોનું મૂળ છે.

۷۔ اَلْحِقْدُ دَآءٌ دَوِيٌّ، وَمَرَضٌ مُوْبِئٌ

૭. કિન્નો દુ:ખદાયક માંદગી અને ચેપી રોગ છે.

۸۔ اَلْحِقْدُ خُلُقٌ دَنِيٌّ، وَمَرَضٌ مُرْدِيٌ

૮. કિન્નો દુષ્ટતા અને વિનાશક બીમારી છે.

۹۔ تَجَنَّبُوْا تَضَاغُنَ الْقُلُوْبِ، وَتَشَاحُنَ الصُّدُوْرِ وَتَدَابُرَ النُّفُوْسِ، وَتَخَاذُلَ الْاَيْدِيْ تَمْلِكُوْا اَمْرَكُمْ

૯. એકબીજાના વિરુદ્ધ દિલોમાં કિન્નો રાખવાથી, એકબીજાને ધિક્કારવાથી, એકબીજાથી ઝઘડો કરવાથી અને એકબીજાને સહાયરૂપ ન થવાથી દૂર રહો, આમ તમે તમારાં કામોમાં નિપુણતા મેળવશો.

۱۰۔ رَاْسُ الْعُيُوْبِ الْحِقْدُ

૧૦. બધા દુર્ગુણોનો સરદાર કિન્નો છે.

۱۱۔ سَبَبُ الْفِتَنِ الْحِقْدُ

૧૧. કિન્નો ફિત્નાનું કારણ છે.

۱۲۔ سِلَاحُ الشَّرِّ الْحِقْدُ

૧૨. કિન્નો દુષ્ટતાનું શસ્ત્ર છે.

۱۳۔ شَرُّ مَا سَكَنَ الْقَلْبَ الْحِقْدُ

૧૩. કિન્નો મનમાં પેસી જનાર સૌથી ખરાબ બાબત છે.

۱۴۔ شِدَّةُ الْحِقْدِ مِنْ شِدَّةِ الْحَسَدِ

૧૪. કિન્નાની તીવ્રતા ઈર્ષાની તીવ્રતાથી થાય છે.

۱۵۔ طَهِّرُوْا قُلُوْبَكُمْ مِنَ الْحِقْدِ فَاِنَّهُ دَآءٌ مُوْبِئٌ

૧૫. તમારા મનને કિન્નો દૂર કરીને શુદ્ધ કરો, કારણ કે તે ચેપી રોગ છે.

۱۶۔ عِنْدَ الشَّدَآئِدِ تَذْهَبُ الْاَحْقَادُ

૧૬. મુશ્કેલીઓના સમયે કિન્નો દૂર થાય છે.

۱۷۔ مَنِ اطَّرَحَ الْحِقْدَ اسْتَرَاحَ قَلْبُهُ وَلُبُّهُ

૧૭. જે કોઈ વ્યકિત કિન્નાનો ત્યાગ કરે છે, તેનાં દિલદિમાગને આરામ મળે છે.

## બીજાઓને તુચ્છ ગણવા

۱۔ لَا تَزْدَرِيَنَّ اَحَدًا حَتّٰى تَسْتَنْطِقَهُ

૧. કોઈને પણ તુચ્છ ન ગણો, એટલે સુધી કે તેને સાંભળી ન લો.

## ચકાસણી

۱۔ لَا عَمَلَ كَالتَّحْقِيْقِ

૧. કોઈ પણ કામ ચકાસણી કરવાના તોલે નથી આવતું.

۲۔ لَا سُنَّةَ اَفْضَلُ مِنَ التَّحْقِيْقِ

૨. ચકાસણી જેવું કોઈ સારું આચરણ નથી.



હઝરત અલી (અ.)ના ખુત્બાઓ, બોધવચનો, પત્રો, જવાબપત્રો, આદેશો, હુજ્જતો, દુઆઓ અને વસિયતોનો સંગ્રહ

# نهج الاسرار
# નહ્જુલ અસરાર

સંપાદક : મોલવી સૈયદ ગુલામહુસૈન રઝા
અનુવાદક : મો.કાસિમભાઈ વિજાપુરા

**મોહંમદ ઈબ્ને અબી બક્રના નામે કાર્યપદ્ધતિ, મુલ્કની વ્યવસ્થા અને કર્તવ્યોના બાબતે**

(જ્યારે અમીરુલ મોમિનીન (અ.)એ મોહંમદ ઈબ્ને અબી બક્રને મિસ્રના ગવર્નર બનાવ્યા, ત્યારે તેમને આ પત્ર લખ્યો અને ફરમાવ્યું કે આ પત્ર મિસ્રવાસીઓને વાંચી સંભળાવવામાં આવે:)

"અલ્લાહના નામ વડે કે જે રહમાન અને રહીમ છે.

અલ્લાહના બંદા અમીરુલ મોમિનીન અલી ઈબ્ને અબી તાલિબ તરફથી મિસ્રના લોકો અને મોહંમદ ઈબ્ને અબી બક્રના નામે.

પ્રશંસા છે એ અલ્લાહની કે જેના સિવાય બીજો કોઈ ખુદા નથી.

હું તમને અલ્લાહનો તકવો કરવાની વસિયત કરું છું, તમે દરેક પ્રકારના છળકપટ અને શરથી સાવચેત રહો અને તમારી ફરજોથી બાખબર રહો, દરેક એ બાબતોમાં કે જેના વિષે તમને સવાલ કરવામાં આવશે, કારણ કે તમારું પાછું જવું એના તરફ જ છે, જેમ કે અલ્લાહ અઝ્ઝ વ જલ્લ ફરમાવે છે, "દરેક નફસ પોતાના કમાયેલા અમલની સાથે ગિરફતાર છે." (સૂરા મુદ્દસ્સિર, આયત-૩૮)

વળી ફરમાવે છે કે, "અલ્લાહ તમને પોતાની નાફરમાનીથી બચવા માટે ચેતવે છે; અને બધાંનું પાછું ફરવું અલ્લાહની તરફ જ છે."

(સૂરા આલે ઈમરાન, આયત-૨૮)

તેમ જ ફરમાવે છે કે, "માટે આપના રબની કસમ, અમે જરૂર લોકોથી તેમના આમાલની પૂછપરછ કરીશું, જે કંઈ તેઓ કર્યા કરતા હતા તેના સંબંધમાં." (સૂરા હિજ્ર, આયત-૯૨ અને ૯૩)

અય અલ્લાહના બંદાઓ! જાણી લો કે અલ્લાહ તમારા નાના અને મોટા દરેક અમલ વિષે સવાલ કરશે, તેથી જો તે આપણને સજા કરે, તો (સમજી લો કે આપણે) ઝાલિમ છીએ અને જો તે આપણને માફ કરી દે, તો (સમજી લો કે તે) તમામ રહમ કરવાવાળાઓથી વધારે રહમ કરવાવાળો છે.

જાણી લો કે બંદો અલ્લાહની રહમત અને મગ્ફેરતથી સૌથી વધારે નજીક એ વખતે હોય છે જ્યારે કે તે તેની ઈતાઅત કરે અને ખુલૂસની

સાથે તોબા કરે. હરહંમેશ અલ્લાહનો તકવો કરતા રહો, અને અલ્લાહે તમારા પર ફર્ઝ કરેલી બાબતો વિષે સજાગ રહો, કારણ કે તકવા વગર કોઈ નેકી નથી અને તકવાથી જ ભલાઈને પામી શકાય છે, અને તેનાથી દુનિયા અને આખેરતની એટલી બધી ભલાઈ પ્રાપ્ત થશે કે જેટલી બીજા કોઈ અમલથી પ્રાપ્ત નહીં થાય.

અલ્લાહ તઆલા ફરમાવે છે, "અને જેઓ પરહેઝગાર છે તેમને કહેવામાં આવશે કે તમારા પરવરદિગારે શું નાઝિલ કર્યું છે? ત્યારે તેઓ કહેશે કે ભલાઈ; જેઓ નેકી કરે છે તેમના માટે આ દુનિયામાં ભલાઈ છે; અને ખરે જ આખેરતનું ઘર બહેતર છે; અને કેવું બહેતર ઘર છે પરહેઝગારો માટે!"

(સૂરા નહલ, આયત–૩૦)

અય અલ્લાહના બંદાઓ! જાણી લો કે મોમિન એ છે જે આ ત્રણ પ્રકારના અમલ કરે:

૧) કાં તે દુનિયાની ભલાઈ માટે કામ કરે છે, તો અલ્લાહ તેને આ દુનિયામાં તેનો ફાયદો આપી દે છે, જેમ કે અલ્લાહ તઆલા હઝરત ઈબ્રાહીમ (અ.) વિષે ફરમાવે છે, "અમે તેમને (ઈબ્રાહીમ (અ.) ને) દુનિયામાં તેનો બદલો અતા કર્યો અને એ કે તેઓ આખેરતમાં સદાચારીઓમાંથી હશે."

(સૂરા અન્કબૂત, આયત–૨૭)

૨) કાં તે અલ્લાહની રઝા ખાતર કામ કરે છે, તે કિસ્સામાં અલ્લાહ તેને દુનિયા અને આખેરત બન્નેમાં બદલો અતા કરે છે અને આ બન્ને મકામોમાં તેના માટે કાફી થઈ જાય છે. જેવો કે ઈર્શાદે બારી તઆલા છે, "અય મારા ઈમાનદાર બંદાઓ! પોતાના પરવરદિગાર (ની નાફરમાની)થી ડરતા રહો. જે લોકોએ આ દુનિયામાં નેકી કરી, તેમના માટે સારો બદલો છે. અલ્લાહની જમીન તો વિશાળ છે, (માટે જો વધારે દબાણ હોય તો હિજરત કરો) કે સબ્ર કરવાવાળાઓને બેહિસાબ બદલો આપવામાં આવશે." (સૂરા ઝુમર, આયત–૧૦)

અને જે કાંઈ તે તેમને દુનિયામાં અતા કરે છે, તેનો આખેરતમાં હિસાબ લેવામાં નહીં આવે. તેથી અલ્લાહ તઆલા ફરમાવે છે, "જે લોકોએ નેકી કરી, તેમના માટે મોટો બદલો અને તેમાં વધારો પણ છે."

(સૂરા યૂનુસ, આયત–૨૬)

'મોટો બદલો' એટલે જન્નત છે, અને 'તેમાં વધારો' એટલે બંદાને આ દુનિયામાં જે આપવામાં આવે છે તે છે.

૩) કાં તે ફક્ત આખેરત માટે જ કામ કરે છે. તેના માટે અલ્લાહ દરેક બદીને નેકીમાં ફેરવી દે છે. જેમ કે, અલ્લાહ ફરમાવે છે, "બેશક નેકીઓ ગુનાહોને નાબૂદ કરી દે છે; નસીહત હાસિલ કરનારાઓ માટે આ એક નસીહત છે."

(સૂરા હૂદ, આયત–૧૧૪)

એટલે સુધી કે કયામતનો દિવસ આવી જશે અને તેની નેકીઓની ગણતરી કરવામાં આવશે અને તેની એક એક નેકીના બદલામાં તેને દસથી સાતસોગણો બદલો આપવામાં આવશે. જેવો કે અલ્લાહે વાયદો કર્યો છે, "આપના રબ તરફથી પૂરતી અતા છે અને (તમારા આમાલની) જઝા છે."

(સૂરા નબા, આયત–૩૬)

અને અલ્લાહ ફરમાવે છે, “જે લોકોએ સારો અમલ કર્યો, તેમના માટે બમણો બદલો છે, અને તેઓ જન્નતના ઝરૂખાઓમાં સંતોષપૂર્વક રહેશે.”

(સૂરા સબા, આયત–૩૭)

તેથી નેક કામોની તરફ આકર્ષિત થઈને નેક અમલ કરો અને બીજાઓને પણ એ માટે પ્રોત્સાહિત કરો.

અય અલ્લાહના બંદાઓ! જાણી લો કે મુત્તકી મોમિનો તરત મળનારી (દુનિયામાં મળનારો બદલો) અને પછીથી મળનારી (આખેરતમાં મળનારો બદલો) બન્ને ભલાઈને પામી ગયા. તેમને દુનિયાના લોકો સાથે દુનિયાની ભલાઈ પણ મળે છે, કેમ કે અલ્લાહે ફરમાવ્યું છે કે, “આપ કહો, “અલ્લાહે જે શણગારને પોતાના બંદાઓ માટે પેદા કર્યા છે તે તથા પાક રોઝીને કોણે હરામ કર્યા છે?” આપ જ કહી દો, “કયામતના દિવસે આ (વસ્તુઓ) ફક્ત તેઓ માટે હશે કે જેઓ દુનિયામાં ઈમાન લાવ્યા છે.” આ રીતે જે લોકો ઈલ્મ રાખે છે તેમના માટે અમે અમારી આયતોને સ્પષ્ટ બયાન કરીએ છીએ.”

(સૂરા અઅરાફ, આયત–૩૨)

તેઓ દુનિયામાં ખૂબ સારી રીતે રહ્યા, જેવું કે દુનિયામાં રહેવામાં આવે છે અને દુનિયા (ની નેઅમતોને) સારામાં સારી રીતે માણી. તેઓ દુનિયાના લોકોની સાથે તેમાંથી ફાયદો ઉપાડવામાં શરીક થયા અને સૌથી લિજ્જતદાર જ્યાફત માણી, અને સૌથી સુંદર પોશાકોથી પોતાને શણગાર્યા, સૌથી સારાં પીણાંથી સયરાબ થયા, અને તેમની સાથે સૌથી સારી પરિસ્થિતિમાં ગુજારો કર્યો. સૌથી સારી સ્ત્રીઓ સાથે શાદી કરી, અને સૌથી સારી સવારીઓ પર સવારી કરી. આ રીતે, તેમણે દુનિયાના લોકો સાથે દુન્યવી નેઅમતોનો ફાયદો ઉપાડ્યો, અને સાથે સાથે કાલે તેઓ અલ્લાહ અઝ્ઝ વ જલ્લની પાડોશમાં રહેશે! તેઓ તમન્ના કરશે કે તેમની કોઈ દુઆ રદ ન થાય અને તેમની કોઈ લિજ્જતમાં કમી ન થાય, અને અલ્લાહ આ દુઆઓને કબૂલ કરશે. અય અલ્લાહના બંદાઓ, આ મકામ પર પહોંચવા માટે બુદ્ધિજીવીઓ મહેનત કરતા રહે છે અને તે માટે તકવો ઈખ્તિયાર કરે છે.

لَا حَوْلَ وَلَا قُوَّةَ إِلَّا بِاللهِ

(નથી કોઈ હલનચલન કે કુવ્વત, પરંતુ એ કે જે અલ્લાહ તરફથી હોય.)

અય અલ્લાહના બંદાઓ! જાણી લો કે જો તમે તમારા રબનો ખોફ ઈખ્તિયાર કર્યો અને અહલેબૈત (અ.)ના મામલામાં પોતાના નબી (સ.) ના હકકોની હિફાઝત કરી, તો તમે અલ્લાહની સર્વશ્રેષ્ઠ ઈબાદત કરી લીધી અને અફઝલતરીન અંદાજમાં અલ્લાહને યાદ કર્યો અને શ્રેષ્ઠતમ રીતે તેનો શુક્ર અદા કર્યો. સૌથી ઉત્તમ સબ્ર ઈખ્તિયાર કર્યો અને ઉત્કૃષ્ટ જિહાદ કર્યો. જો બીજા લોકો (દુશ્મને આલે મોહંમદ (અ.)) તમારા કરતાંય લાંબી લાંબી નમાઝો અદા કરે, અને વધારેમાં વધારે રોઝા રાખે, તોય તમે — અય અહલેબૈતના ચાહકો — અલ્લાહની નજરમાં ઈખ્લાસ અને ખુશૂઅ અને ખુઝૂઅ રાખનારા ગણાશો. (ક્રમશઃ)

# ZAINAB
## TOUR

એપ્રિલ-મે ઉમરાહ અને ઝિયારતનું બુકિંગ શરૂ

વેકેશન ઈરાક ઝિયારત બુકિંગ શરૂ

અમો દર વર્ષે નીચે પ્રમાણેની ટૂરનું આયોજન કરીએ છીએ.

**મોહર્રમ**
(ઇરાક/ઈરાન)

**અર્બઇન**
(ઇરાક/ઈરાન)

**શાબાન**
(ઇરાક/ઈરાન/ઉમરાહ)

**ઉનાળું વેકેશન**
(ઇરાક/ઈરાન/ઉમરાહ)

**દિવાળી વેકેશન**
(ઇરાક/ઈરાન/ઉમરાહ)

પર્સનલ ગ્રુપ વિઝા, ટીકીટ, હોટલ, બસ અને ફૂલ પેકેજ પણ કરી આપવામાં આવશે.

ટીકીટ | વિઝા | હોટેલ | ફૂડ | એસી બસ | ટ્રાવેલ બેગ | ઝિયારત

**બુકિંગ શરૂ...**

**મંજૂરહુસૈન જે. મોમિન (સાથળ)**
**99984 69211 / 93161 64749**



હઝરત પીર મશાયખ (રહ.) કૃત...

# મશાયખવાણી

**મક્તૂલનામા**

**● સત ગોર પીર મશાયખ વાચા ●**

**બયાન નં.૨૫૬**

**સો લશ્કર માંહેં, ઘોડા અનુંને ડાલા,**
**તબ સા'દકે બેટેકે, પાસ પોંહચે ઉસ હાલા.**

*અબ્દુલ્લાહ સાહેબે પોતાના ઘોડાને લશ્કરમાં નાખ્યો, ત્યારે આવી હાલતમાં સા'દના બેટાની પાસે પહોંચ્યા.*

**જા બીસ ને દો આદમી, એકાએક મરાએ,**
**સો સા'દકે બેટેકે, પાસ રે સુણાએ.**

*એવું સાંભળ્યું છે કે ઉમર સા'દની પાસે પહોંચતાં પહોંચતાં ઓચિંતા ૨૨ દુશ્મનોને મારી નાખ્યા.*

**તબ સા'દકા બેટા, ભાગ પીછા રે ફિરીયા,**
**સો ઝાઝે લશ્કર, માંહેં જા મિલીયા.**

*ત્યારે સા'દનો બેટો દોડીને પાછો ફરી ગયો, અને ખૂબ મોટા લશ્કરમાં જઈને ભળી ગયો.*

**તબ અબ્દુલ્લાહ ફિર કર, આએ રે મેદાના,**
**આવ મુબારિઝ માંગા, એસા રે જાના.**

*ત્યારે અબ્દુલ્લાહ સાહેબ ફરીથી મેદાનમાં આવ્યા, અને એવું જાણવા મળ્યું છે કે આવીને લડવૈયાની માગણી કરી.*

**પણ મુબારિઝ એક, સામી હુઆ કોઈ નાંહાં,**
**તબ સા'દકે બેટેકે, ડર આયા દિલ માંહાં.**

*પરંતુ આ એક યોદ્ધાની સામે એક પણ લડવૈયો આવ્યો નહીં, ત્યારે સા'દના બેટાના દિલમાં ડર લાગ્યો.*

**તબ સા'દકે બેટેને, દેખા લશ્કર સામી,**
**પણ મુબારિઝ કોઈ, હુઆ ના નામી.**

*ત્યારે સા'દના બેટાએ પોતાના લશ્કરની સામે જોયું, પણ કોઈ મોટો લડવૈયો આવવા તૈયાર થયો નહીં.*

**તબ લશ્કર સારેકું, ઉને અવાજ રે કિતા,**
**તબ ઈનામ ઈકરામ, કિયા દેના હેં સુણિતા.**

*ત્યારે તમામ લશ્કરને તેણે અવાજ કર્યો કે જે લડવા જશે તેને ઈજ્જતની સાથે બક્ષિસ આપવામાં આવશે, એવી વાત કરી.*

**તબ લાલચકે લિતે, એક સુન કર આયા,**
**બુખ્તરી બિન ઉમર, શામી રે કેહલાયા.**

*ત્યારે આવી લાલચની વાત સાંભળીને એક દુશ્મન રણમેદાનમાં આવ્યો કે જે બુખ્તરી બિન ઉમર શામી કહેવાય છે.*

**કહ્યા સુન તું બેટે, સા'દ હો કેરે,**
**તું સિપાહીકા દાવા, હેં કરતા સવેરે.**

*બુખ્તરી કહેવા લાગ્યો કે, અય સા'દના બેટા, તું સાંભળ કે તું પોતાની જાતને તો સિપાહી હોવાનો દાવો કરે છે.*

**એ જુવાનકી તેગસું, હેં તું પાઉં રે ખિસાતા,**
**તબ સા'દકા બેટા, શરમાયા રે સુણાતા.**

*અને આ જુવાનની તલવારથી તું તારા પગ કેમ પાછા ખેંચે છે? ત્યારે સા'દનો બેટો શરમાઈ ગયો. એવું સાંભળ્યું છે.*

**બોત શરમાને જુવાબ, દિયા જીવ હેં પ્યારા,**
**એ સુન સુન મોમિનો, સોચ એતના સવારા.**

*ઘણી શરમિંદગીથી કહેવા લાગ્યો કે મને મારો જીવ ઘણો વહાલો છે. આ સાંભળીને મોમિનોએ આટલો વિચાર કર્યો.*

**રેતૂહી**

**મુબારિઝ ના કોઈ હોવડા,**
**અબ્દુલ્લાહકે સંગ રે, અબ્દુલ્લાહકે સંગ;**
**દુરીજાન સબ ધ્રુજાઈએ**
**રણમાં કર બોત જંગ રે, રણમાં કર બોત જંગ.**

*અબ્દુલ્લાહ સાહેબની સામે કોઈ પણ દુશ્મન લડવૈયો થઈને ન આવ્યો, બધા જ દુશ્મનો લડાઈના મેદાનમાં (અબ્દુલ્લાહ સાહેબનો) જંગ જોઈ ડરવા લાગ્યા.*

**બયાન નં.૨૫૭**

**બોત સા'દકે બેટેકું, ખિજાલત આઈ,**
**જીવ પ્યારા હેં શરમા, એતી બાત રે બતાઈ.**

*સા'દના બેટાને ઘણી જ શરમ આવી, અને શરમાઈને કહ્યું કે મને મારો જીવ ઘણો જ વહાલો છે.*

**તબ બુખ્તરી ફેર કર, કહ્યા ભાગતા જો નાંહાં,**
**તો જીવ ના રેહતા, તેંરે તન રે માંહાં.**

*ત્યારે બુખ્તરીએ ફરીથી કહ્યું કે જો તું ભાગી ગયો ન હોત તો તારા શરીરમાં જીવ રહ્યો ન હોત.*

**અને રાસ્તી સુખન, તું અબ રે જાને,**
**અને મેરા કહ્યા, તું સચ કર માને.**

*અને તું આ શબ્દોને સાચા જાણી લે, અને મારું કહેવું તું સાચું માની લે.*

**તો દેખ એ જુવાનને, લિયા હેં મેદાના,**
**અને મુબારિઝ માંગતા, હેં રે જાના.**

*તું જો કે એ જુવાને મેદાન પકડેલું છે, અને તે લડવૈયાની માંગણી કરી રહ્યા છે.*

**તો જા તું ઉસકે, સહી રે સામી,**
**અને મુબારિઝ ઉસસું, તું હો રે નામી.**

*તો તું એમની સામે લડવા જા, અને તું તો તેમના કરતાં ઘણો મોટો નામચીન લડવૈયો છે!*

**એ બુખ્તરી કા કેહના, ઉસે બુરા રે લગાવા,**
**કે સા'દકે બેટેકું, બોત ગુસ્સા રે ચઢાવા.**

*બુખ્તરીનું આવું કહેવું તેને ખોટું લાગ્યું, અને સા'દના બેટાને ઘણો ગુસ્સો આવ્યો.*

**બુખ્તરી એતા, કેહ કર ચલીયા,**
**સો આપસકી ફોજસું, મુંહ રણમાં કરીયા.**

*બુખ્તરી આટલું કહીને ચાલવા લાગ્યો, અને પોતાના લશ્કર તરફથી તેણે તેનું મોઢું મેદાન તરફ કર્યું.*

**તબ પાંચસો અસવાર, થે ખાસે રે કહીએ,**
**તબ ઉનુંકું લે નિકલા, રણ માંહીં લહીએ.**

*ત્યારે પાંચસો ઘોડેસવારો કે જે તેના ખાસ કહેવાતા હતા, તેમને લઈને તે લડાઈના મેદાનમાં નીકળ્યો.*

**સો પાંચસો અસવારસું, આયા રે સામી,**
**જ્યાં થે રે રણમાં, અબ્દુલ્લાહ નામી.**

*તે પાંચસો ઘોડેસવારોની સાથે સામે આવ્યો કે જ્યાં મેદાનમાં મશહૂર અબ્દુલ્લાહ સાહેબ ઊભા હતા.*

**તબ શહઝાદેકી તરફથી, લોક મદદકું આએ,**
**દેખ અબ્દુલ્લાહ એકલે, એ બેગે રે ધાએ.**

*ત્યારે અબ્દુલ્લાહ સાહેબને એકલા જોઈને, ઈમામ હુસૈન (અ.) તરફથી લોકો મદદ માટે એકાએક જલ્દીથી આવી પહોંચ્યા.*

**વે મોહંમદ ઈબ્ને, અનસ રે કહીએ,**
**ભી અસદ બિન અબ્દ, સહી કર લહીએ.**

*જે મદદ માટે આવ્યા તે મોહંમદ ઈબ્ને અનસ કહેવાય છે, અને અસદ ઈબ્ને અબ્દ પણ સાથે હતા.*

**ભી ફીરોઝ ગુલામ, ઈમામ હસન હો કેરા,**
**એ તીનું જા રણમાં, પોંચીએ સવેરા.**

*અને ઈમામ હસન (અ.)ના ગુલામ ફીરોઝ પણ હતા, આ ત્રણેય જણા જલ્દીથી મેદાનમાં આવી પહોંચ્યા.*

**એ સુન સુન બાતી, પાક કરો આપ જાતી,**
**અને એક કર કહો, દિન ઓર રાતી.**

*આ વાતો સાંભળીને પોતાની ઝાતને પાક કરો, અને (અલ્લાહને) એક માનીને રાતદિવસ આટલું કહો.*


**રેતૂહી**

**સુરીજાન હાર પિછાનીએ,**
**હેં ચાહતા કરે વે કામ રે, હેં ચાહતા કરે વે કામ;**
**દાસ હો રહીએ નિસદના,**
**લિજે નેહસું નામ રે, લિજે નેહસું નામ.**

*સર્જનહાર અલ્લાહ તઆલાને ઓળખો કે તે જે ઈચ્છે, તેવાં કામો કરો, હંમેશાં તેના ગુલામ બનીને રહો, અને મોહબ્બતથી તેના નામનો ઝિક્ર કરો.*

# ગડમથલ

**૩૮૧** **સંપાદન:** જાફરી આવાઝ (કાર્યાલય)



## આડી ચાવીઓ

(૧) ગમથી ભરેલું, ઉદાસ, દિલગીર (૪)
(૪) જીવની બાજી લગાવનાર, વફાદાર (૫)
(૮) શરીર, કાયા, તન (૩)
(૧૦) ખરાબ, બૂરું, દુષ્ટ, નીચ (૨)
(૧૧) પરણવા માટે નીકળેલી વરયાત્રા (૩)
(૧૪) મોટું, મહાન, શ્રેષ્ઠ, ઉત્તમ (૩)
(૧૬) નજાત પામનાર, મુક્તિ પામનાર (૨)
(૧૭) આચરણ, વ્યવહાર (૪)
(૧૯) સુવર્ણ, સોનું, ધનદોલત (૨)
(૨૦) નાખુન, રેશમની દોરી (૨)
(૨૧) વનસ્પતિ, લીલોતરી (૪)
(૨૩) ખીણ, બે પર્વતો વચ્ચેની જગ્યા (૨)
(૨૭) કુળ, ગોત્ર, વંશ, ખાનદાન (૩)
(૨૮) વારિસ વગરનો, અનાથ (૪)
(૩૦) સ્મરણ, સ્મૃતિ, યાદદાસ્ત (૨)
(૩૧) સારું, યોગ્ય, ખરું (૨)
(૩૨) વાકેફ, જાણેલું, ખબરદાર (૩)
(૩૩) તરફેણ કરનાર, પક્ષકાર (૫)
(૩૪) ક્ષીણ, કમજોર, જગ્યા (૨)

## ઊભી ચાવીઓ

(૧) ક્રોધિત, કુપિત, ગુસ્સે થયેલો (૫)
(૨) નિંદા, બદગોઈ, ચાડી ચૂગલી (૩)
(૩) મોટી નદી, મોટી સરિતા (૨)
(૫) ખુદા, પરમેશ્વર, રોજી આપનાર (૨)
(૬) રસૂલલ્લાહ (સ.)એ બક્ષિસ કરેલ ઈલાકો (૩)
(૭) બદનામી, નીચતા, દુષ્ટતા, તોફાન (૪)
(૯) (અરબીમાં) માણસ, વ્યક્તિ માટેનો શબ્દ (૩)
(૧૨) પ્રસન્ન, ખુશ, અભિલાષી (૨)
(૧૩) બેવકૂફ, મૂર્ખ, અવિચારી (૩)
(૧૫) આંખોની જ્યોતિ, દૃષ્ટિ, નજર (૩)
(૧૭) કાગળ, પત્ર, શ્વેતપત્ર (૪)
(૧૮) રક્ષણહાર, રક્ષણ કરનાર (૪)
(૧૯) જીભ, ભાષા, જિહ્વા (૩)
(૨૨) ઈચ્છુક, ચાહનાર, અભિલાષી (૫)
(૨૪) ભીંત, દીવાલ, આડ (૩)
(૨૫) સોગંદ, સમ, શપથ (૩)
(૨૬) અપહરણ, તફડંચી, ઉઠાંતરી (૪)
(૨૯) માસિક, પુસ્તિકા, ચોપાનિયું (૩)
(૩૫) જીવ, પ્રાણ, શક્તિ (૧)

# میر انیس مرثیہ

# મીર અનીસના મરસિયા



મરસિયા–૧૭ (ગતાંકનું ચાલુ) مرثیہ-١٧

| | |
|---|---|
| કરબલાના મેદાનમાં ઇમામ હુસૈન (અ.)ની એકલતા, ઉમ્મતની બખ્શિશ માટે દુઆ અને બારગાહે રબ્બુલ ઇઝ્ઝતમાં આખરી સજદો | میدانِ کربلا میں امام حسین علیہ السلام کی تنہائی، بخشش امت کے لئے دعا اور بارگاہِ رب العزت میں آخری سجدہ |

تجھ سا عابد نہ ہوا ہے نہ کوئی ہووے گا     تیر کھا کھا کے کسی نے بھی ہے یوں شکر کیا؟
૨૨
طاعتِ خلق سے اک سجدہ ہے افضل تیرا     عرش اعظم پہ ملائک تری کرتے ہیں ثنا
سارا گھر میری محبت میں فنا تو نے کیا
بندگی کا تھا جو کچھ حق وہ ادا تو نے کیا

(આપના જેવો આબિદ (ઈબાદત કરનારો) કોઈ થયો નથી કે થશે પણ નહીં. શું તીર ખાઈને આપની જેમ કોઈએ આ રીતે શુક્ર અદા કર્યો છે ખરો? તમામ મખ્લૂકની ઈબાદત કરતાં આપનો એક સજ્દો અફઝલ છે. માટે જ તો અર્શે આઝમ પર ફરિશ્તાઓ આપની પ્રશંસા કરે છે. આપે આખું ઘર મારી મોહબ્બતમાં લૂંટાવી દીધું, અને બંદગીનો જે હક હતો તે અદા કરી દીધો.)

حشر تک روئے گا مظلومی پہ تیری عالم     تیرا ماتم نہیں ہووے گا جہاں میں کبھی کم
૨૩
روضۂ پاک کو تیرے یہ شرف بخشیں گے ہم     آئیں گے اس کی زیارت کو ملک ہو کے بہم
یہ زمیں عرش سے رتبے میں سوا ہووے گی
خاک تربت کی تری خاکِ شفا ہووے گی

(કયામત સુધી આપની મઝ્લૂમી પર દુનિયા રડતી રહેશે, અને દુનિયામાં આપનું માતમ કદી પણ ઓછું નહીં થાય. અને આપના રોઝા મુબારકને હું એવો શરફ બખ્શિશ કે ફરિશ્તાઓ સાથે મળીને તેની ઝિયારત માટે આવશે. આ જમીનનો રુત્બો અર્શ કરતાંય બુલંદ થશે, અને આપની તુર્બતની ખાક 'ખાકે શિફા' બનશે.")

یہ صدا سن کے ہوئے شاد شہِ ہر دوسرا — آ گئی از سرِ نو جسم میں طاقت گویا
جھک کے سجدے کی طرف عجز سے رو کر یہ کہا — ۲۴ — میرے مولا میں تری بندہ نوازی کے فدا
کیوں نہ ممتاز ہو وہ تو جسے رتبہ بخشے
اس کفِ خاک کو کیا رتبۂ اعلیٰ بخشے

(આ અવાજ સાંભળીને બન્ને જહાનના બાદશાહ હુસૈન (અ.) ખુશ થઈ ગયા, જાણે કે આપ (અ.)ના શરીરમાં નવી તાકાત આવી ગઈ. સજ્દાની હાલતમાં આજીજીની સાથે રડતાં રડતાં કહેવા લાગ્યા કે, "મારા મૌલા! હું તારી બંદાનવાઝી પર ફિદા છું. તું જેને મર્તબો બખ્શે તે કેવી રીતે પ્રતિષ્ઠિત ન હોય! આ નાચીઝને તેં કેવા બુલંદ મર્તબાઓ બખ્શ્યા છે!")

ابھی مولا نے سر عجز اٹھایا نہ تھا آہ — نیزہ اک چھاتی پہ مارا جو کسی نے ناگاہ
غش میں گرنے لگے گھوڑے سے امامِ ذی جاہ — ۲۵ — آئی خاتونِ قیامت کی صدا بسم اللہ
تھامنے آئے علیؑ خلد سے گھبرائے ہوئے
دوڑے محبوبِ خدا ہاتھوں کو پھیلائے ہوئے

(આકા હુસૈન (અ.)એ સજ્દામાંથી હજુ માથું ઉઠાવ્યું પણ ન હતું, કે એકાએક કોઈ દુશ્મને છાતી પર નેઝાનો વાર કર્યો, કે જેથી આકા હુસૈન (અ.) બેહોશ થઈને ઘોડા પરથી નીચે આવવા લાગ્યા. ખાતૂને કયામત હઝરત બીબી ફાતેમા ઝહરા (અ.)એ બિસ્મિલ્લાહની સદા બુલંદ કરી. મૌલા અલી (અ.) ગભરાયેલી હાલતમાં જન્નતથી મદદ માટે આવ્યા, અને મહબૂબે ખુદા (સ.) હાથોને ફેલાવીને દોડતા આવ્યા.)

اِک جفا کیش نے پھر پہلو پہ نیزہ مارا — چھد گیا توڑ کے چھاتی کو کلیجہ سارا
پشتِ تازی پہ سنبھلنے کا نہ پایا یارا — ۲۶ — گر پڑا خاک پہ وہ عرشِ خدا کا تارا

گرد آلود قبائے شہِ پر نور ہوئی
ریت زخموں کے لئے مرحم کافور ہوئی

(પછી એક જાલિમે આપ (અ.)ના પડખે એવો નેઝો માર્યો, કે છાતી ચીરાઈને આખું કાળજું વીંધાઈ ગયું. જેથી આપ (અ.) ઘોડાની પીઠ પર ટકી ન શક્યા. ખુદાના અર્શનો એ તારો જમીન પર આવી ગયો. આકા હુસૈન (અ.)ની કબા માટીમાં રગદોળાઈ ગઈ. શરીરના ઘા માટે જાણે રેતી કપૂરની મલમ બની ગઈ.)

૨૭


خاک وخوں میں جو تڑپتے تھے شہنشاہِ زمن　　گل کی مانند کھلے جاتے تھے سب زخم بدن
طلبِ آب میں کھولے ہوئے تھے خشک دہن　　گرد کھینچے ہوئے تلواریں کھڑے تھے دشمن
غمِ ناموس بھی تھا پیاس کی بھی شدّت تھی
پھر سکینہؑ کو نہ دیکھ آئے یہی حسرت تھی

(શહેનશાહે ઝમન (અ.) ખાક અને ખૂનમાં તડપતા હતા, ત્યારે ફૂલની જેમ શરીરના જખમ ખૂલી જતા હતા. પાણીની આશામાં સુકાયેલું મોઢું ખોલેલું હતું. દુશ્મનો ઉઘાડી તલવારો લઈને આપ (અ.)ની આજુબાજુ ઊભા હતા. એક તરફ અહલેહરમનું દુઃખ હતું તો બીજી તરફ પ્યાસની તીવ્રતા હતી, અને પાછો બીબી સકીના (અ.)ને ન જોયાનો અફસોસ પણ હતો.)

૨૮

کان میں آتی تھی زینبؑ کی صدائے جانکاہ　　دل تڑپ جاتا تھا کرتے تھے عجب درد سے آہ
راہ روکے ہوئے خیمے کی کھڑے تھے گمراہ　　نیم وا چشم سے کرتے تھے سوئے خیمہ نگاہ
تنِ زخمی پہ جو پیکانِ ستم گرتے تھے
خاک سے اٹھتے تھے اور کانپ کے گر پڑتے تھے

(કાનમાં શાહઝાદી ઝૈનબ (અ.)નો દુઃખભર્યો અવાજ આવતો હતો, તો આકા હુસૈન (અ.)નું દિલ તડપી જતું હતું અને દિલમાંથી એક અજબ હાયકારો નીકળતો હતો. દુશ્મનો ખૈમા તરફ જવાનો રસ્તો રોકીને ઊભા હતા. આકા હુસૈન (અ.) અડધી ખુલ્લી આંખોએ ખૈમાઓ તરફ નજર કરતા હતા. જખ્મી બદન પર જ્યારે તીર લાગતાં હતાં, ત્યારે આપ (અ.) જમીન પરથી ઊઠતા હતા અને ધ્રૂજીને પાછા જમીન પર પડી જતા હતા.)


EVOLVING SPACES
YASAAR
DESIGN STUDIO
AR. ABIDALI M NANDOLIYA
MO.: +91 8128 846 005
SERVICES WE PROVIDE:
INSTITUTIONAL / HOTELS | RESIDENTIALS
COMMERCIALS | RECREATIONAL PROJECTS
CREATIVE DESIGN
SOLUTION IN
ARCHITECTURE / INTERIOR DESIGN
SHOP NO: F7, PARMUKH PALAZA 2,
TAVADIYA SQUARE,
OPP. SIDDHARTH HOTEL,
SIDDHPUR, GUJARAT 38415.
SINCE - 2014
ER. TALIBALI M NANDOLIYA
MO.: 9978982412
AL GHADEER CONSTRUCTION
BUILD YOUR DREAM PROJECT WITH US
KAKOSHI
10 YEARS
OF EXPERENCE
with 500000+ Sq. Ft. Done
HAIDERPURA, MASJID
COMMERCIAL
SPECIALIZED IN THE CONSTRUCTION OF
CHALLENGING WORK
SERVICES:
STRUCTURAL CONSULTANT
CONSULTING ENGINEER
WITH MATERIAL PROJECT
LABOR CONTRACT
ALL SERVICES RELATED TO R.C.C ,
AND CONSTRUCTION
BAUG-E-ZAHRA, KAKOSHI
OUR BRANDS
YASAAR
BUILD CON
AL GHADEER
CONSTRUCTION
YASAAR DESIGN
STUDIO

# سیرت ائمہ اہلبیت

# સીરતે અઈમ્માએ અહલેબૈત (અ.)

(જિલ્દ -૧)

ઉર્દૂમાંથી અનુવાદ:
જનાબ સૈયદ વસીહૈદર ઝેડ. જાફરી

અલ્લામા સૈયદ હાશિમ માઅરૂફ હસની

(ગતાંકનું ચાલુ)

**હઝરત અલી (અ.) બદ્રની લડાઈમાં**

સીરતે ઈબ્ને હિશામમાં છે કે તઈમા ઈબ્ને અદીને પણ હઝરત અલી (અ.)એ કતલ કર્યો હતો. મુસલમાનો હઝરત અલી (અ.) અને હઝરત હમ્ઝા (અ.)ની આગેવાનીમાં કુરૈશ ઉપર દબાણ વધારતા રહ્યા, તેથી સર તનથી જુદાં થઈ ગયાં ને ધડ પડ્યાં રહ્યાં. હવે રસૂલે અકરમ (સ.) ખૈમામાંથી બહાર નીકળ્યા. ત્યાં હવે અબૂ બક્ર સિવાય કોઈ રહ્યું નહીં, તેથી તેમની કે ઉમર ઈબ્ને ખત્તાબની વાત તે લોકોમાં ન આવી કે જેમણે લડાઈ કરી હોય અથવા કોઈ મુશરિકને કતલ કર્યો હોય. રસૂલે અકરમ (સ.) મુસલમાનો સાથે રહ્યા. આપ (સ.) એ મોટા અવાજે ફરમાવ્યું, “આજે કુરૈશનો ઘમંડ પગતળે કચડી નાખવામાં આવ્યો, અને તેમના ચહેરા ખરડાઈ ગયા. યા અલ્લાહ! તેમનાં દિલોને ભયભીત કરી દે.” તેના પછી રસૂલે અકરમ (સ.) એ મુઠ્ઠીભર કાંકરા લઈને મુશરિકો તરફ ફેંક્યા. મુશરિકો પોતાનો માલસામાન અને હથિયાર મૂકીને નાસી ગયા.

આ સમયે — જેમ કે ઘણીખરી તફસીરોમાં છે — અલ્લાહે રસૂલે અકરમ (સ.) ઉપર આ આયત નાઝિલ કરી:

اِذْ يُوْحِيْ رَبُّكَ اِلَى الْمَلٰٓئِكَةِ اَنِّيْ مَعَكُمْ فَثَبِّتُوا الَّذِيْنَ
اٰمَنُوْا ۭ سَاُلْقِيْ فِيْ قُلُوْبِ الَّذِيْنَ كَفَرُوا الرُّعْبَ فَاضْرِبُوْا
فَوْقَ الْاَعْنَاقِ وَاضْرِبُوْا مِنْهُمْ كُلَّ بَنَانٍ ۝١٢
ذٰلِكَ بِاَنَّهُمْ شَاۗقُّوا اللّٰهَ وَرَسُوْلَهٗ ۚ وَمَنْ يُّشَاقِقِ اللّٰهَ وَرَسُوْلَهٗ
فَاِنَّ اللّٰهَ شَدِيْدُ الْعِقَابِ ۝١٣

((અય રસૂલ (સ.)! યાદ કરો તે સમયને કે) જ્યારે આપનો રબ ફરિશ્તાઓને કહી રહ્યો હતો કે હું ખરેખર તમારી સાથે છું. તમે તે ઈમાનદારોને સાબિતકદમ રાખો. હું ખૂબ જ જલ્દી કાફિરોના મનમાં તેમનો દબદબો નાખી દઈશ. તે કાફિરોની ગરદન ઉપર તલવારો મારો અને તેમની આંગળીઓનાં ટેરવાં કાપી દો. એટલા માટે કે તે લોકોએ અલ્લાહ અને તેના રસૂલ (સ.)નો વિરોધ કર્યો. જે અલ્લાહ અને તેના રસૂલ (સ.)નો વિરોધ કરશે, તો પછી અલ્લાહ ઘણો સખત અઝાબ

કરવાવાળો છે.)

(સૂરા અન્ફાલ, આયત–૧૨, ૧૩)

હઝરત અલી (અ.), હઝરત હમ્ઝા (અ.) અને બીજા બહાદુર મુસલમાનો કુરૈશની વચ્ચોવચ્ચ ઘૂસી ગયા. તે બધાએ પોતાના જીવની કે દુશ્મનની વિપુલતાની પરવા ન કરી. પછી માથાં શરીરથી કપાઈ કપાઈને પડવા લાગ્યાં, અને અલ્લાહે મુસલમાનોને બળ, હિંમત અને સાબિતકદમી બખ્શી. દરેક તે માણસ કે જે ભાગી ન શક્યો, મુસલમાનોએ તેને પકડી લીધો એટલે સુધી કે પકડાઈ જવાવાળાની સંખ્યા ૭૦ સુધી અને કતલ થનારાઓની સંખ્યા ૭૨ સુધી પહોંચી ગઈ.

ઘણીખરી રિવાયતો જણાવે છે કે તેમાંથી અડધાને હઝરત અલી (અ.)એ કતલ કર્યા અને અડધાને બીજા મુસલમાનોએ કતલ કર્યા, જેવી રીતે કે શેખ મુફીદ, વગેરેની રિવાયતોમાં છે. જો કે, વાકદીએ કતલ થયેલા મુશરિકોની સંખ્યા ૫૨ (બાવન) ગણી છે કે જેઓ ઉત્તમ બહાદુરોમાંથી હતા. તેમણે તેમના મારવાવાળાઓનાં નામો સાથે તેમની ગણતરી કરી છે. તેથી તેમના હિસાબથી તે લોકો કે જેમને હઝરત અલી (અ.)એ પોતાની તલવારથી કતલ કર્યા હતા તે ૨૪ છે. બાકીના ૨૮ તે છે કે જેમની કતલમાં બધા મુસલમાનો ભાગીદાર રહ્યા હતા.

વાકદીની ગણતરીથી જાહેર થાય છે કે હઝરત અલી (અ.)ની તલવારથી કતલ થવાવાળા મુશરિકો તેમની કોમના આગળપડતા અને બહાદુર લોકો હતા. કેદીઓમાંથી એક નઝર ઈબ્ને હારિસ ઈબ્ને કલ્દા સકફી હતો કે જેને હઝરત મિક્દાદ ઈબ્ને અસ્વદ (રઝી.)એ પકડી લીધો હતો. રસૂલે અકરમ (સ.) તેની તરફ જોઈને વિચારવા લાગ્યા. તેણે પોતાની બાજુમાં હાજર એક માણસને કહ્યું કે, “અલ્લાહની કસમ, મોહંમદ (સ.) મને કતલ કરવાના છે, કેમ કે તેમણે મને એવી દૃષ્ટિએ જોયો છે કે જેમાં મોતનો પડછાયો છે.” તે માણસે કહ્યું કે, “ના, પરંતુ તમારા ઉપર દબદબો અને ડર છવાઈ ગયો છે.” તેના પછી મદીના જતાં જતાં તે લોકો અસીલની જગ્યાએ પહોંચ્યા, તો ત્યાં ઊતરી પડ્યા. તે સમયે રસૂલે અકરમ (સ.)એ અલી (અ.)ની તરફ ફરીને ફરમાવ્યું, “અય અલી! ઊઠો, નઝરને મારી નાખો.” મિક્દાદ (રઝી.)એ મોટા અવાજે કહ્યું, “યા રસૂલલ્લાહ! આ મારો કેદી છે અને હું તેનો ફિદિયો લેવાની ઈચ્છા ધરાવતો હતો.” રસૂલલ્લાહ (સ.)એ જવાબમાં ફરમાવ્યું, “યા અલ્લાહ! મિક્દાદને તારા ફઝ્લથી માલદાર બનાવી દે.” પછી હઝરત અલી (અ.) ઊઠ્યા અને તેને મારી નાખ્યો. જ્યારે તેની બહેનને તેની કતલ થઈ જવાના સમાચાર મળ્યા, તો તેણે થોડીક પંક્તિઓમાં તેનો મરસિયો પઢ્યો કે જે તેના ભાઈના દુઃખથી અને તેની મોહબ્બતથી ભરેલો હતો. તેમાં તે પોતાની તે ઈચ્છાની જાહેરાત કરે છે કે, કાશ રસૂલે અકરમ (સ.) તેના ઉપર એહસાન કરતા અને બીજા કેદીઓની સાથેસાથે તેને પણ છોડી દેતા. તે પંક્તિઓમાં તે રસૂલે

અકરમ (સ.)ને સંબોધીને કહે છેઃ

"અય મોહંમદ! આપ એવા વંશમાંથી છો કે જે કોમમાં પાક છે અને આપ મહાન વ્યક્તિત્વના માલિક છો. શું નુકસાન થાત જો આપ એહસાન કરતા? પરંતુ કોઈ કોઈ વાર સારા જુવાનો પણ ગુસ્સામાં અને ક્રોધમાં આવી જાય છે."

જ્યારે આ પંક્તિઓ રસૂલે અકરમ (સ.) સુધી પહોંચી, તો આપ (સ.)ને દયા આવી ગઈ અને આપ (સ.)એ ફરમાવ્યું, "અલ્લાહની કસમ! જો આ પંક્તિઓ નઝરની કતલ પહેલાં મારા સુધી પહોંચી હોત, તો હું તેને કતલ ન કરતો." પછી ઈર્કુલ ઝબીયામાં આપ (સ.)એ ઉક્બા ઈબ્ને અબી મુઈતની કતલનો હુકમ આપ્યો. જ્યારે હઝરત અલી (અ.) તલવાર લઈને તેની તરફ આગળ વધ્યા, તો તેણે બૂમ પાડી કહ્યું, "અય મોહંમદ! મારાં બાળકોનું શું થશે?" આપ (સ.)એ ફરમાવ્યું, "તેમના માટે જહન્નમ છે." બસ પછી હઝરત અલી (અ.) એ એક ઘા કર્યો અને તેનો ખાતમો કરી દીધો.

ઉસ્તાદ અબ્દુલ ફતાહ 'મારકાએ બદ્ર'માં હઝરત અલી (અ.)નાં પરાક્રમો અને તેમનાં પરિણામો જણાવતાં લખે છે, "બદ્રની લડાઈમાં એક સંપૂર્ણ જીત થઈ. જો કે, તેમાં અબૂ સુફ્યાન, વગેરે મોતથી બચી ગયા, પરંતુ મુસલમાનો દિલ ખોલીને લડ્યા. જો કે, અબૂ સુફ્યાન આખું કુરૈશ તો ન હતો અને ન તો તે એ લોકોથી વધારે સખત દિલનો હતો કે જે તલવારોથી કપાયા. આ લડાઈમાં તેને એ નુકસાન થયું કે તેનો બેટો હન્ઝલા કતલ થયો અને ઝિયાદ કેદી બન્યો. તેની કતલનો શ્રેય હઝરત અલી (અ.)ની તલવારને મળ્યો, જેમ કે તેમને (હઝરત અલી (અ.)ને) બની અબ્દુશ્શમ્સ અને તેમનાં સાસરી પક્ષનાં સગાં, અબ્દુદ્દારને મારી નાખવાનો શ્રેય મળ્યો."

તેઓ વધુમાં લખે છે કે, "જો કોઈ માણસ એ ગણવા ઈચ્છે કે હઝરત અલી (અ.)એ બદ્રમાં કેટલા લોકોને મોતને ઘાટ ઉતારી દીધા, તો તેને સખત નવાઈ લાગશે અને પૂછશે કે, શું એ ફક્ત સંજોગ જ હતો કે તેમનામાંથી ઘણાખરા તે ઘરથી સંબંધિત હતા કે જે લોકોનાં દિલ બની હાશિમ અને તેમની ઓલાદ માટે દ્વેષથી ભરેલાં હોવા માટે પ્રખ્યાત હતાં? તમે એ જોયું ને કે હઝરત અલી (અ.) કઈ રીતે જાણીજોઈને તેમનામાંથી વિરોધીઓને વીણી કાઢતા, અને પછી તેમના ઉપર પોતાની તલવાર ચલાવતા હતા! આ અજીબ સંજોગ છે કે બદ્રમાં આપ (અ.)એ જે લોકોને કતલ કર્યા, તેમનામાં હન્ઝલા ઈબ્ને અબૂ સુફ્યાન, આસ ઈબ્ને સઈદ ઈબ્ને ઉમય્યા, હિન્દનો ભાઈ વલીદ ઈબ્ને ઉત્બા અને ઉસ્માનનો આંગળિયાત ભાઈ ઉક્બા ઈબ્ને મુઈત, તેમ જ તે લોકો કે જેઓ તેમના સાથીઓમાંથી હતા, અથવા વંશ અને નસબ વડે તેમનાથી જોડાયેલા હતા. કદાચ હવે તે પસ્તાઈ રહ્યા હશે કે તેમણે હિજરતની રાતે હઝરત અલી (અ.)ને જીવતા કેમ છોડી દીધા! એમને કેમ રસૂલ

(સ.)ની પથારીમાં કતલ ન કરી દીધા? પરંતુ આજે તેમનું પસ્તાવું જરાય લાભ આપી શકતું ન હતું, ન તો તેમના જાહેલિયતના સમય અથવા ઈસ્લામના સમયના કોઈ નુકસાનની ભરપાઈ શક્ય હતી, કેમ કે તે નાનપણથી જ તેમની માતાઓનાં દૂધમાં હઝરત અલી (અ.) અને આપ (અ.)ની ઓલાદની નફરત ગળામાં ઉતારતા રહ્યા હતા, એટલા માટે મોટા થઈને પણ તે તેમનાથી નફરત કરવા લાગ્યા અને તેમનો વિરોધ કરવાથી અટકી શક્યા નહીં.

أَمْ نَجْعَلُ الَّذِينَ آمَنُوا وَعَمِلُوا الصَّالِحَاتِ كَالْمُفْسِدِينَ فِي الْأَرْضِ ...

(શું અમે તેમને કે જેઓ ઈમાન લાવ્યા અને જેમણે નેક કાર્યો કર્યાં છે તેમને એમના જેવા બનાવી દઈશું કે જે જમીન ઉપર ફસાદ ફેલાવી રહ્યા છે?)

(સૂરા સાદ, આયત–૨૮)

સુયૂતીની 'દુર્રે મન્સૂર'માં આ આયતની તફસીરમાં ઈબ્ને અસાકિરે ઈબ્ને અબ્બાસથી રિવાયત કરી છે કે الَّذِينَ آمَنُوا وَعَمِلُوا الصَّالِحَاتِનો અર્થ હઝરત અલી (અ.), હઝરત હમ્ઝા (અ.) અને ઉબૈદા ઈબ્ને હારિસ છે અને كَالْمُفْسِدِينَ فِي الْأَرْضِ નો અર્થ ઉત્બા, શૈબા અને વલીદ ઈબ્ને ઉત્બા છે.

'હિલ્યતુલ અવલિયા'માં અબૂ નઈમે મોહંમદ ઈબ્ને ઈદરીસ શાફઈથી રિવાયત કરી છે કે તેમણે કહ્યું, "મુઆવિયા ઈબ્ને અબૂ સુફયાનની પાસે બની કનાનાનો એક માણસ આવ્યો અને બોલ્યો, "શું આપે બદ્રની લડાઈમાં ભાગ લીધો હતો?" તેણે કહ્યું, "હા," તેણે કહ્યું, "આપ કોના જેવા હતા?" મુઆવિયાએ કહ્યું, "હું નવયુવાન છોકરો હતો અને ચોખ્ખા પત્થર જેવો હતો." તેણે કહ્યું, "તો પછી આપ મને પણ સંભળાવો કે આપે ત્યાં શું જોયું અને ક્યાં હાજર રહ્યા?" તેથી તે કહેવા લાગ્યો, "અમે હાજર તો હતા, પરંતુ ન હોવા બરાબર. અલબત્ત, અમે આવો વિજય ક્યારેય પણ નથી જોયો." તેણે કહ્યું કે, "તો પછી (વધુ) જણાવો." ત્યારે તેણે કહ્યું કે, "મેં અલી ઈબ્ને અબી તાલિબ (અ.)ને જોયા કે તે જવાંમર્દ છે — સિંહની જેમ સુંદર, બહાદુર, નવાઈ પમાડે તેવાં કાર્યો કરનારા; જે કોઈ તેમનો સામનો કરતો, તે તેને કતલ કરી દેતા, જે કોઈ વસ્તુને ફટકો મારતા, તેનો સંહાર કરી દેતા; મેં કોઈને તેમના જેવો હુમલો અને સામનો કરતો નથી જોયો. એવું લાગતું હતું કે તેમના પાછળના ભાગે પણ બે આંખો છે. તેમની ઝપટ જંગલના સિંહ જેવી હતી." (ક્રમશઃ)


જાફરી આવાઝ (માસિક)માં લવાજમ, જાહેરાત, ડોનેશન, અવસાન નોંધ કે કોઈ સારા સમાચાર, વગેરે મોકલવા માટે સંપર્ક કરો:

**મોમિન રઝાઅલી ખણુશીયા**

જાફરી આવાઝ (માસિક) ઑફિસ

મેહેર લાઈબ્રેરી એન્ડ જાફરી સેમિનરી,

મકતબા જાફરીયા, સેટ્રાણા સ્કવેર, સેટ્રાણા.

મોબાઈલ: **84604 92429**

# અલ ઇર્શાદ

લેખક : શેખ મુફીદ    ઉર્દૂમાંથી અનુવાદ : જનાબ સૈયદ વસીહૈદર ઝેડ. જાફરી

**હઝરત ઇમામ જાફર ઇબ્ને મોહંમદ અસ્સાદિક (અ.)**

(ગતાંકનું ચાલુ)

**ઈમામ જાફર સાદિક (અ.)ના કલામ અને કથનોનાં અવતરણોઃ**

આ બનાવને આ રીતે વર્ણવવામાં આવ્યો છે:

એક દિવસ અબૂ શાકિર દયસાની ચર્ચા કરવા માટે અબૂ અબ્દિલ્લાહ ઈમામ જાફર સાદિક (અ.) ની પાસે આવ્યા અને બોલ્યા, "આપ પ્રકાશિત તારાઓમાંથી એક તારો છો અને આપના બાપદાદા ઝળહળતા ચાંદ હતા અને આપનાં વાલેદા અત્યંત બુદ્ધિશાળી અને હોશિયાર સ્ત્રી હતાં. આપના ખાનદાનના વંશનો શજરો શ્રેષ્ઠતાવાળો શજરો છે. જ્યારે મહાન આલિમનું નામ જાણવું હોય છે તો આંગળી આપના ઉપર આવીને રોકાઈ જાય છે. આપ ઈલ્મના સમંદર છો. આપ અમને જણાવો કે દુનિયાની ખિલ્કતની દલીલ શું છે?"

"તેની સૌથી સરળ દલીલ હું તમને જણાવું છું." અબૂ અબ્દિલ્લાહે જવાબ આપ્યો. આપ (અ.) એ એક ઈંડું મંગાવ્યું અને તેને પોતાની હથેળી ઉપર મૂક્યું. "આને બનાવવામાં બધાં સુરક્ષાનાં પગલાં લેવામાં આવ્યાં છે. આ ઈંડાના અંદરના ભાગમાં જાડો પીળો ભાગ છે કે જેના ઉપર સફેદીનું કવચ ચઢાવી દીધું છે પછી ઝીણું સોનેરી પટલ છે. હું જે જણાવું છું તેમાં શું તમને કાંઈ શંકા છે?"

"આપના શબ્દોમાં કોઈ શંકા નથી," અબૂ શાકિરે જવાબ આપ્યો.

પછી આ ઈંડું જાતે જ તૂટી જાય છે અને તેમાંથી મોર જેવું દેખાતું પક્ષી નીકળે છે. અબૂ અબ્દિલ્લાહ ઈમામ જાફર સાદિક (અ.)એ આગળ ફરમાવ્યું, "શું તેમાં બીજી કોઈ વસ્તુ નાખવામાં આવી હતી સિવાય તે જરદી અને સફેદીના કે જેના વિષે આગળ જણાવવામાં આવ્યું છે?"

"જી, નહીં," જવાબ આપ્યો.

"આનાથી તે સાબિતી મળે છે કે દુનિયાની રચના કેવી રીતે થઈ."

"અય અબૂ અબ્દિલ્લાહ! આપે ઘણી સારી રીતે ચોખવટ કરી છે," તેણે કહ્યું. "અને આ વાત સંપૂર્ણ સમજાઈ ગઈ છે. આપે જે રીતે સમજૂતી

આપી છે તેનાથી અમારા મનની સુધારણા થઈ ગઈ છે. આપે આ વિષયને ટૂંકા પરંતુ વ્યાપક શબ્દોમાં જણાવી દીધો છે. આપને જાણ હતી કે અમે કોઈ વાતને તે સમય સુધી માનતા નથી જ્યાં સુધી તેને પોતાની આંખોથી જોઈ ન લઈએ, અથવા પોતાના કાને સાંભળી ન લઈએ અથવા પોતાની જીભે તેને ચાખી ન લઈએ અથવા નાકથી સૂંઘી ન લઈએ અથવા પોતાની આંગળીઓ વડે તેને અડકી ન લઈએ."

"તમે પાંચ ઈંદ્રિઓની વાત કરી છે," અબૂ અબ્દિલ્લાહ ઈમામ જાફર સાદિક (અ.) બોલ્યા, "પરંતુ તેમનાથી આપણે કોઈ તાર્કિક પરિણામ સુધી પહોંચી શકતા નથી, જ્યાં સુધી કે આપણને સાબિતી ન મળી જાય. જે રીતે કે અંધારું ત્યારે જ દૂર થાય છે જ્યારે અજવાળું આવે છે."

આપ (અ.)ના કહેવાનો અર્થ એ હતો કે પાંચેય ઈંદ્રિઓથી કોઈ વાત સમજવામાં આવી શકતી નથી, જ્યાં સુધી દલીલ અને સાબિતી મળે નહીં; કોઈ શારીરિક આકાર અને દેખાવની રચના અને વૃદ્ધિની કલ્પના એક જ્ઞાન છે કે જેના પાયાનો સંબંધ બુદ્ધિ અને ધારણાથી હોય છે.

આપ ઈમામ (અ.)ના સંદર્ભથી નીચે આપેલા મુદ્દાઓ નકલ કરવામાં આવ્યા છે કે જેમાં એ વાતની ચોખવટ કરવામાં આવી છે કે અલ્લાહ તઆલાની માઅરેફત અને દીને ઈલાહીની તાલીમ મેળવવી ઘણી જરૂરી છે. આપ (અ.)એ ફરમાવ્યું છે કે મેં લોકોના ઈલ્મ (ઈલ્મુન્નાસ)ને (ચાર) વર્ગોમાં વહેંચ્યું છે:

૧. તમને પોતાના પરવરદિગારના બારામાં ઈલ્મ હોવું જોઈએ.

૨. તમને એ ઈલ્મ પણ હોવું જોઈએ કે તેણે તમારા માટે કઈ કઈ વસ્તુઓ બનાવી છે.

૩. તમને એ જાણકારી હોવી જોઈએ કે તે અલ્લાહ તમારાથી શું ઈચ્છે છે.

૪. તમને એ જાણકારી હોવી જોઈએ કે કઈ વસ્તુઓના કારણે તેના દીનથી દૂર થઈ જશો.

આ ચારેય વાતોની જાણકારી હોવી જરૂરી છે. પહેલી સૌથી મહત્ત્વપૂર્ણ જરૂરિયાત દરેક માણસના માટે એ છે કે તેને પોતાના પરવરદિગારના બારામાં જાણકારી હોવી જોઈએ. આ પણ જરૂરી છે કે લોકોને એ એહસાસ હોય કે અલ્લાહે પોતાના બંદાઓ માટે શું કર્યું છે. જ્યારે કોઈ વ્યક્તિ આ સમજી લે છે કે તેના પરવરદિગારે તેના માટે કઈ કઈ વસ્તુઓની વ્યવસ્થા કરી છે, તો તેને અલ્લાહની નેઅમતોનો એહસાસ થઈ જાય છે. બંદાઓને અલ્લાહની નેઅમતોની જાણકારી થઈ જાય, તો તેણે અલ્લાહનો શુક્ર અદા કરવો જોઈએ કે અલ્લાહે તેને અગણિત નેઅમતોથી નવાજ્યો છે. જ્યારે કોઈ બંદો પોતાના પેદા કરનારનો શુક્ર અદા કરે છે, તો બંદાએ અલ્લાહની મરજીનો વિચાર કરવો જોઈએ અને તેના હુકમો પર અમલ કરવો જોઈએ. અલ્લાહની તાબેદારી વાજિબ છે,

એટલા માટે બંદાએ એ પણ જાણવું જરૂરી છે કે તે કઈ બુરાઈઓ છે કે જે બંદાને અલ્લાહના દીનથી દૂર કરે છે. પછી તે બુરાઈઓને છોડી દેવી જરૂરી થઈ જાય છે. જ્યારે બંદો બિદ્અત અને બુરાઈઓને ટાળે છે, તો આ જ અમલ બંદા અને અલ્લાહની તાબેદારીના સંબંધને મજબૂત કરે છે અને બંદો સાચા દિલથી પોતાના ખાલિકની નેઅમતોનો શુક્રગુઝાર બને છે.

આપ (અ.)ના સંદર્ભથી એક બીજો પ્રસંગ નકલ કરવામાં આવ્યો છે કે જેમાં અલ્લાહ તઆલાની વહદાનિયતને દર્શાવવામાં આવી છે અને અલ્લાહમાં માનવગુણારોપણ (anthropomorphism) કરવાની મનાઈ કરવામાં આવી છે.

આપ (અ.)એ હિશામ ઈબ્ને હકમથી ઈર્શાદ ફરમાવ્યો કે,

"અલ્લાહ તઆલાની કોઈ વસ્તુ સાથે સરખામણી થઈ શકતી નથી, કે ન તો કોઈ વસ્તુને અલ્લાહની ઝાતથી સરખાવી શકાય છે. જે વસ્તુને તમે પોતાના વિચારોમાં રાખી છે, તે અલ્લાહની ઝાત નથી, પરંતુ કાંઈક બીજું જ છે."

આપ (અ.)ના સંદર્ભથી એક બીજો પ્રસંગ નકલ કરવામાં આવ્યો છે કે જેમાં અલ્લાહ તઆલાના અદ્લ વિષે બયાન કરવામાં આવ્યું છે.

આપ (અ.)એ ઝુરારા ઈબ્ને અઅયનને કહ્યું,

"ઝુરારા! શું તમને કઝા અને કદ્રનો ખુલાસો બયાન કરું?"

"જણાવો, મારી જાન આપના ઉપર કુરબાન થાય." ઝરારાએ જવાબ આપ્યો.

"કયામતના દિવસે અલ્લાહ બધા જીવોને ભેગા કરશે અને તેમને પૂછશે કે, "મેં તમારાથી શું કરવાનો વાયદો લીધો હતો (કદ્ર)?" પરંતુ તમારાથી કઝા (અલ્લાહના ફેંસલા) વિષે સવાલ કરવામાં નહીં આવે."

આપ (અ.)ના સંદર્ભથી હિકમત અને નસીહત સંબંધે આ રીતે નકલ કરવામાં આવ્યું છે કે, આપ (અ.)એ ફરમાવ્યું,

"દરેક માણસ જે કોઈ કામ કરવાનો ઈરાદો કરે છે, તે તેની ક્ષમતા ધરાવતો નથી; દરેક માણસ કે જે ક્ષમતા ધરાવે છે, તેની તૌફીક મેળવી શકતો નથી; દરેક માણસ જે તૌફીક મેળવે, તે તેને યોગ્ય રીતે અમલમાં મૂકી શકતો નથી. આમ, જ્યારે ઈરાદો, ક્ષમતા, તૌફીક અને યોગ્યતા — આ બધી બાબતો એકસાથે મળે છે ત્યારે સઆદતમંદી નસીબ થાય છે."

અલ્લાહના દીનમાં ચિંતનમનન કરવા અને અલ્લાહના વલીઓની માઅરેફત હાંસિલ કરવા પ્રોત્સાહન આપતી એક નસીહત આપ (અ.)થી નકલ કરવામાં આવી છે. તેમાં આપ (અ.)એ આ રીતે ફરમાવ્યું કે,

"એ વસ્તુઓ કે જેની ઉપેક્ષા કરવી તમને પોસાય તેમ ન હોય તેમના બારામાં ખૂબ ચિંતનમનન કરો, તમારી જાત સાથે પ્રામાણિક બનો અને પોતાની ઈચ્છાઓ વિરુદ્ધ જિહાદ કરો,

જેથી તમે તે વસ્તુઓને મેળવી શકો કે જેમનાથી અજાણ હોવું એક અક્ષમ્ય કાર્ય છે. અલ્લાહના દીનને સમજવા માટે આ પાયાનાં તત્ત્વો છે. જો આ તત્ત્વોને સમજવામાં કોઈ વ્યક્તિ આળસ કરશે, તો તેને દીનથી કોઈ લાભ પહોંચશે નહીં, પછી ભલે ને તે કેટલીયે ઈબાદત કરે અને કેટલાયે પ્રયત્નો કરે. અને જે દીનના પાયાનાં તત્ત્વોને સમજે છે અને તેમના ઉપર સંયમથી અમલ કરે છે, તેને કોઈ નુકસાન પહોંચશે નહીં. અલ્લાહ અઝ્ઝ વ જલ્લની મદદ વિના કોઈ માણસ આ નેકી સુધી પહોંચી જ શકતો નથી."

એક બીજી નસીહત કે જે આપ (અ.)ના સંદર્ભથી નકલ કરવામાં આવી છે, તે તૌબાના બારામાં ભારપૂર્વકની નસીહત છે.

આપ (અ.)નો ઈર્શાદ છે કે, "તૌબા કરવામાં ઢીલ કરવી એ બેદરકારીની નિશાની છે, અને સમયસર ઈબાદત ન કરવી એ માનસિક વિકૃતિ પેદા કરે છે. જે વ્યક્તિ ઢોંગ કરે છે, અલ્લાહ તેને બરબાદ કરી નાખે છે, અને ગુનાહ કરવામાં હઠાગ્રહ રાખવો એ અલ્લાહની યુક્તિથી નિશ્ચિંત બનાવી દે છે."[1]

આપ (અ.)ના સંદર્ભથી ઈલ્મ, હિકમત, હુજ્જત, ઝોહદ, નસીહત અને એ રીતનાં બીજાં અગણિત ઈલ્મો નકલ કરવામાં આવ્યાં છે કે જેમને એક ખુત્બામાં બયાન કરવાં કે એક કિતાબમાં લખવાં શક્ય નથી. અમારો જે હેતુ હતો તે માટે જે જરૂરી હતું તે અમે બતાવી દીધું છે. وَاللّٰهُ مُوَفِّقٌ بِالصَّوَابِ

(હિદાયતની તૌફીક આપનારો અલ્લાહ છે.)

એક પ્રખ્યાત કવિના કથન મુજબ:

સૈયદ ઈસ્માઈલ ઈબ્ને મોહંમદ હિમયરી (રહ.) કૈસનિય્યા મઝહબના કટ્ટર માનનારા હતા. જ્યારે તેમને જાણ થઈ કે ઈમામ જાફર સાદિક (અ.)એ કૈસનિય્યા મઝહબને રદબાતલ કર્યો છે, ત્યારે તેમણે તે મઝહબથી કિનારો કરીને ઈમામી મઝહબ અપનાવી લીધો હતો. તેમણે ઈમામ જાફર સાદિક (અ.)ની શાનમાં આવી પંક્તિઓ લખી છે:

(૧) અય એ કે જેઓ મજબૂત અને ઝડપી ઊંટ ઉપર સવાર થઈને મદીનાના રસ્તા ઉપર નીકળે છે અને દૂર દૂરના પ્રદેશોમાં જાય છે.

(૨) જ્યારે અલ્લાહે તારી હિદાયત કરી, તો તે જાફર (અ.)ના દીદાર કર્યા. તમે તે અલ્લાહના વલીથી વાત કરી શકો છો કે જે પાક અને નેક બાપની ઓલાદ છે.

(૩) તે અલ્લાહના વલી છે, તે અલ્લાહના વલીના પુત્ર છે, હું તે રહમાન અને રહીમથી તૌબા કરું છું અને મૂળ મઝહબ ઉપર પાછો આવું છું.

(૪) લાંબા સમય સુધી હું ગુનાહોના રસ્તે ચાલતો રહ્યો છું અને તે લોકો વિરુદ્ધ સંઘર્ષ કરતો રહ્યો છું કે જે હક ઉપર હતા.

(૫) મેં પિસરે ખૌલા[2] (મોહંમદ ઈબ્ને હનફીયા)ના બારામાં જે પણ કહ્યું છે, તે પાક અને

1 સૂરા અઅરાફ, આયત–૯૯

2 કૈસનિય્યા મઝહબના લોકો આમને ઈમામ માનતા હતા.

સાફ હસ્તીઓની ઓલાદની દુશ્મનીમાં નથી કહ્યું.

(૬) પરંતુ મેં અલ્લાહના પયગમ્બરના વલીની હિદાયત મુજબ જણાવ્યું હતું કે જેમણે જુઠ્ઠાણાથી કામ લીધું નથી.

(આપ (અ.)નો એ ઈર્શાદ હતો કે)

(૭) વલીએ અમ્ર (અલ્લાહના વલી) લોકોની નજરોથી અદ્રશ્ય થઈ જશે અને વર્ષો સુધી તેમને કોઈ જોઈ શકશે નહીં.

(૮) ઈમામે ગાયબનો માલ વહેંચી લેવામાં આવશે અને એવું માનવામાં આવશે કે તે ગૈબતના સમયમાં જન્નતમાં રહેતા હશે.

(૯) જે આમ નથી કરતા તો હક વાતની જાહેરાત કરી રહ્યા છે અને જે વાત સંપૂર્ણપણે કહી રહ્યા છે તે વાત મારા ઉપર ભેદભાવનો આરોપ લાગતો નથી.

(૧૦) અલ્લાહ ગવાહ છે કે આપ (અ.) ના શબ્દો સાબિતી છે દરેક મખ્લૂક માટે, પછી તે તાબેદાર બંદા હોય કે ગુનાહગાર બંદા હોય.

(૧૧) તેઓ કે જે અલ્લાહના વલી છે અને તે કાઇમ ઈમામ છે, કે જેમની તરફ મારો જીવ ઊડે છે અને જેમના વિચારથી મને રાહત મળે છે.

(૧૨) અલ્લાહે તેમના માટે ગૈબત રાખી છે કે જ્યાં ઈમામ (અ.)ની ગૈબત અનિવાર્ય હતી. ઈમામ (અ.) ઉપર અલ્લાહના દુરૂદ થાય અને આપ (અ.) ની ગૈબત ઉપર અલ્લાહનો ફઝલ થાય.

(૧૩) આપ (અ.) તે સમય સુધી પડદામાં રહેશે, જ્યાં સુધી ઝુહૂરનો હુકમ ન થાય. પછી આપ (અ.) જાહેરમાં દેખાશે, રાજ કરશે અને પૂર્વ–પશ્ચિમમાં ન્યાય પ્રસ્થાપિત કરશે.

આ કવિતાની પંક્તિઓથી એ વાત સ્પષ્ટ થઈ જાય છે કે સૈયદ હમીરીએ કૈસનિય્યા મઝહબને છોડી દીધો હતો અને તે મઝહબ પાળતા હતા કે જેનું નેતૃત્ત્વ ઈમામ જાફર સાદિક (અ.) કરી રહ્યા હતા. ઈમામ જાફર સાદિક (અ.)ના સમયમાં શીઆઓમાં આવાં વલણો ઝડપથી પેદા થઈ ગયાં હતાં કે ગૈબતનો સમય નજીક છે અને ઈમામ મહદી (અ.)ને ગૈબતમાં જતા રહેવાનો હુકમ આપવામાં આવશે. આ પંક્તિઓથી આ સાબિત થાય છે સૈયદ હમીરીના અકીદા કયા હતા. (ક્રમશઃ)

## હૌઝે કૌસર પર આગમન

રસૂલલ્લાહ (સ.)એ ફરમાવ્યું,

લોકો! હું તમારા પહેલાં હૌઝે કૌસર પર પહોંચીશ અને હું તમારી દેખરેખ રાખનાર રહીશ.

ખુદાની કસમ, મને પોતાનો હૌઝ એ સમયે નજરે પડી રહ્યો છે અને મને જમીનના ખજાનાઓની ચાવીઓ મળી ગઈ છે. હું તમારી વિષે એ બાબતથી નથી ડરતો કે તમે મારા પછી શિર્ક કરવા લાગશો, પરંતુ એનો ચોકકસ ખટકો છે કે તમે દુનિયામાં ફસાઈ જઈને નફસા નફસી કરવા લાગશો.

(નહ્જુલ ફસાહત, સફહા-પર)



ABUJI
3 BHK BUNGLOWS
3 BHK
બંગલોઝ
જીવનના યાદગાર સફરની
નવી શરૂઆત
અદ્યતન સુવિધાઓ સાથે
માણો મોકળાશભર્યાં
જીવનની અદભૂત મજા
સિદ્ધપુર શહેરથી સીધી કનેક્ટિવિટી
સર્વશ્રેષ્ઠ લોકેશન
ચાર રસ્તા નજીક
સી.સી.ટી.વી. કેમેરા
સ્ટ્રીટ લાઈટ
લિફ્ટની સુવિધા
વિશાળ પાર્કિંગ
કમ્પાઉન્ડ દીવાલ
પેવર બ્લોક
PROJECT BY
ABUJI
DEVELOPERS
વધુ માહિતી અને બુકિંગ માટે સંપર્ક :
એહમદઅબ્બાસ એમ.અબુજી 75674 63440
અબુજી એવન્યુ , સેદ્રાણા સ્ક્વેર, મકતબા જાફરીયાની બાજુમાં,
સેદ્રાણા, તા. : સિદ્ધપુર - 384151, જી. : પાટણ, ગુજરાત .
વોટ્સ એપ કેટલોગ
જોવા માટે QR કોડ સ્કેન કરો

હઝરત ઇમામ ઝૈનુલ આબેદીન (અ.)ની કિતાબ
'રિસાલા હુકૂક'ની શર્હ

# આઈનાએ હુકૂક

સંપાદક: જનાબ કુદ્રતુલ્લાહ મશાયખી સાહેબ

# જ્ઞાનગોષ્ઠિ

સંપાદક: મોમિનરત્ન

## જેને સવાલ કરવામાં આવે તેનો હક

(ગતાંકનું ચાલુ)

**ઈન્સાનની ઈજ્જતની સુરક્ષા**

હઝરત અમીરુલ મોમિનીન (અ.)એ ઈમામ હસન (અ.)ને જે વસિયત ફરમાવી છે, એમાંથી એક ઈન્સાનની હુર્મત અને કરામતની સુરક્ષા વિષે પણ છે:

પોતાના નફ્સને દરેક નીચતાથી દૂર દેખાડીને ઈજ્જત આપતા રહો, પછી ભલે ને તે તમને મોજશોખ તરફ દોરી જતો હોય, કારણ કે તમારા નફ્સની જે ઈજ્જત તમે ખોઈ નાખી તેની ભરપાઈ ક્યારેય નથી થવાની અને જ્યારે ખુદાએ તમને આઝાદ ગણી લીધા હોય તો કોઈના ગુલામ ન બનો. (નહ્જુલ બલાગા, સફ્હા–૪૦૧)

આ વસિયતનામાનો ભાગ આ પણ છે:

જો તમે એવું કરી શકતા હો કે તમારા અને ખુદાના દરમિયાન કોઈ સાહેબે નેઅમત વાસ્તો ન હોય, તો એવું કરી નાખો, કેમ કે પોતાનો હિસ્સો હાસિલ કરી લેશો અને પોતાના નસીબનું જ લેશો કે ખુદાના તરફથી જે મળે છે તે ઓછું પણ એ વધારેથી સન્માનનીય છે કે જે તેની મખ્લૂકાતમાંથી કોઈ બાજુએથી મળે છે; જો કે, બધી નેઅમતો એના તરફથી છે.

(તસ્નીફ ગુરરુલ હિકમ વ દુરરુલ કલિમ, સફ્હા–૩૨૩)

આપણે જોઈએ છીએ કે ઈમામ અલી (અ.) પોતાનાં બાળકોને એવું ફરમાવે છે કે તેઓ પસ્તીને કબૂલ ન કરે, જલ્દી મળનારા ફાયદાની બાબતમાં વિચાર ન કરે, અને લોકોની સામે હાથ ન ફેલાવે, કેમ કે બધાનો રાઝિક (રોજી આપનાર) ખુદા છે. આ સિલસિલામાં માણસ પોતાનો ભરમ ન ખોઈ નાખે, કેમ કે સવાલ માણસના વ્યક્તિત્વને તુચ્છ બનાવી દે છે.

આપ (અ.)નો જ ઈર્શાદ છે:

સવાલ બોલવાવાળાની ઝબાનને અશક્ત બનાવી દે છે, અને બહાદુર અને દિલેરના દિલને તોડી નાખે છે, અને ઈજ્જતવાળા આઝાદને

ઝલીલ ગુલામની જગ્યાએ પહોંચાડી દે છે, તેના ચહેરાની રોનકને ખતમ કરી દે છે અને રોજીને રોકી દે છે.

(તસ્નીફ ગુરરુલ હિકમ વ દુરરુલ કલિમ, સફહા–૩૬૧)

આ જ કારણ છે કે ઈમામ (અ.)એ પોતાના પત્રમાં લખીને ફરમાવ્યું છે, “જો તમે એવું કરી શકતા હો કે પોતાના અને ખુદાના દરમિયાન કોઈ નેઅમતવાળા માણસને વાસ્તો (દરમિયાનની વ્યક્તિ) ન ગણો, તો એવું કરી નાખો અને તેનાથી હાજતરવાઈ કે મુશ્કિલકુશાઈની દરખાસ્ત ન કરો, બસ ખુદા પર તવક્કુલ (વિશ્વાસ) કરો. આ કામ કરો, કેમ કે તમારો હિસ્સો તમને મળી જશે, ભલે ને કદાચ ઓછો હોય, પરંતુ આ બીજાઓના વધારે કરતાં વધારે સારો છે. અને એ વાત પણ યાદ રાખો કે નેઅમતવાળા લોકોની પાસે પોતાની કોઈ ચીજ નથી, બલ્કે બધું જ ખુદા તરફથી છે.”

**સવાલ કરવાની ઝિલ્લતથી પરહેઝ કરો:**

ઈમામ ઝૈનુલ આબેદીન (અ.) ફરમાવે છે:

લોકોથી હાજત તલબ કરવી એ આખી જિંદગી માટે ઝિલ્લત (અપમાનિતતા) અને હયા (શરમ)ની સમાપ્તિ છે, વ્યક્તિત્વ અને વકાર (ઈજ્જત)ને હલકી કરવી અને ગરીબાઈ છે.

(તોહ્ફુલ ઉકૂલ, સફહા–૨૭૯)

લોકોથી હાજત તલબ કરવી એ ઈજ્જતના ઝૂંટવાઈ જવાનું અને શરમ ખતમ થઈ જવાનું કારણ છે, અને લોકોની વસ્તુઓથી બેનિયાઝી દીનમાં મોમિનની ઈજ્જતનું કારણ છે અને લોભ એવી ગરીબાઈ છે કે જે હાજર અને મોજૂદ છે.

(અલ–કાફી, જિલ્દ–૩, સફહા–૩૮૨)

રસૂલલ્લાહ (સ.) ફરમાવે છે,

“જે વ્યક્તિએ પોતાના ઉપર લોકો આગળ સવાલ કરવાનો દરવાજો ખોલી દીધો, ખુદા તેના પર ગરીબાઈ અને નાદારીના સિત્તેર દરવાજા ખોલી દે છે, એમાંથી નાના દરવાજાને કોઈ વસ્તુ બંધ કરી શકતી નથી.”

(અલ–ખરાઈજ વ અલ–જરાઈહ, જિલ્દ–૧, સફહા–૮૯)

રસૂલલ્લાહ (સ.)એ હઝરત અબૂ ઝર (રઝી.) ને કરેલી વસિયતમાં ફરમાવ્યું છે:

અય અબૂ ઝર! ખબરદાર, લોકો આગળ સવાલ ન કરતા કે એ હાજર અને મોજૂદ ઝિલ્લત છે અને એવી ગરીબાઈ છે કે જેના માટે તમે જલ્દી કરો છો અને સવાલ કરવાની બાબતમાં કયામતના દિવસે લાંબો હિસાબ થશે. અય અબૂ ઝર! સવાલ કરવા માટે લોકોની આગળ હાથ ન ફેલાવો, પરંતુ જો સવાલ કર્યા વગર તમને કોઈ વસ્તુ મળે તો તેને કબૂલ કરી લેજો.

(બિહારુલ અન્વાર, જિલ્દ–૮૧, સફહા–૬૧)

હઝરત ઈમામ અલી રઝા (અ.) ફરમાવે છે:

એક માણસે રસૂલલ્લાહ (સ.)ની ખિદમતમાં આવીને અરજ કરી, “મને એવો અમલ શિખવાડી

દો કે જેનાથી હું રોકટોક વગર જન્નતમાં ચાલ્યો જાઉં." આંહઝરત (સ.)એ ફરમાવ્યું, "ગઝબ અને ગુસ્સો ન કરો અને લોકો માટે એ જ પસંદ કરો કે જે પોતાના માટે પસંદ કરતા હો.''

આવો જ ભાવાર્થ ફારસી અને અરબી નજમમાં પણ બયાન થયો છે; જેમ કે, ઈમામ અલી (અ.)થી મન્સૂબ દીવાનમાં લખેલું છે:

كُدَّ كَدَّ الْعَبْدِ إِنْ أَحْبَبْتَ أَنْ تُصْبِحَ حُرًّا

وَاقْطَعِ الْآمَالَ عَنْ مَالِ بَنِيْ آدَمَ طُرًّا

(જો તમે ઈચ્છતા હો કે સંપૂર્ણ આઝાદીની સાથે (કાલની) સવાર કરો, તો (આજે), ગુલામની માફક કોશિશ કરો અને લોકોના માલથી પોતાની ઉમ્મીદને કાપી નાખો, લોકોના માલથી નજર હટાવી લો.)

નીચેના બે શેઅર ઈમામ હુસૈન (અ.)થી મન્સૂબ છે:

اَغْنَ عَنِ الْمَخْلُوْقِ بِالْخَالِقِ وَاغْنَ عَنِ الْكَاذِبِ بِالصَّادِقِ

وَاسْتَرْزِقِ الرَّحْمٰنَ مِنْ فَضْلِهٖ فَلَيْسَ غَيْرُ اللّٰهِ مِنْ رَازِقِ

(ખાલિક સાથે ધ્યાન લગાવીને પોતાને મખ્લૂકથી બેપરવા કરી લો, અને સાદિક (સાચા માણસ) સાથે સંબંધ બાંધીને જુઠ્ઠાથી બેપરવા બની જાઓ. ખુદાના ફઝલો કરમની રિઝક અને રોજીની ઈચ્છા કરો કે ખુદાના સિવાય કોઈ રોજી આપનાર નથી.)

مَا اعْتَاضَ بَاذِلُ وَجْهِهٖ بِسُؤَالِهٖ عِوَضًا وَلَوْ نَالَ الْغِنٰى بِسُؤَالٍ

وَاِذَا النَّوَالُ مَعَ السُّؤَالِ وَزَنْتَهٗ رَجَحَ السُّؤَالُ وَخَفَّ كُلُّ نَوَالٍ

(જે માણસે પોતાની ઈજ્જત અને આબરૂને સવાલના બદલે વેચી નાખી, તેણે કોઈ બદલો નથી મેળવ્યો, પછી ભલે તેણે સવાલ દ્વારા માલ પ્રાપ્ત કરી લીધો હોય. પછી તે મળવાવાળી બખ્શિશોને સવાલની સાથે તોલશે, તો એ વખતે ખબર પડશે કે સવાલનું પલ્લું બખ્શિશ કરતાં ભારે છે.)

ઈમામ અલી (અ.)થી મન્સૂબ છે:

لَحَمْلُ الصَّخْرِ مِنْ قُلَلِ الْجِبَالِ اَحَبُّ اِلَيَّ مِنْ مِنَنِ الرِّجَالِ

يَقُوْلُ النَّاسُ اِلَيَّ فِي الْكَسْبِ عَارٌ وَاِنَّ الْعَارَ فِيْ ذُلِّ السُّؤَالِ

(પહાડની ટોચ ઉપરથી પત્થર ઉઠાવીને લાવવો મારા માટે બીજાની મિન્નત (આજીજી) અને ખુશામદ કરવા કરતાં વધારે આસાન છે. લોકો મને કહે છે: કમાવું શરમ અને લજ્જા છે, જ્યારે કે અસલમાં શરમ અને લજ્જા તો માગવામાં છે.)

હઝરત અમીરુલ મોમિનીન (અ.)એ અરફાતની સરજમીન પર એક માણસને લોકો પાસે માગતો જોયો, તો આપ (અ.)એ તેને ચાબુકના ઈશારાથી સમજાવ્યું: "અફસોસ છે તમારી હાલત પર કે આજે પણ તમે ગૈરુલ્લાહથી સવાલ કરી રહ્યા છો?"

એક વખતે રસૂલલ્લાહ (સ.)એ ફરમાવ્યું કે, "લોકો પાસે કોઈ વસ્તુ ન માગો." એ વખતે ત્યાં એક માણસ રસૂલલ્લાહ (સ.) પાસે મદદ માગવા માટે આવ્યો હતો. રસૂલલ્લાહ (સ.)એ

(પોતાની વાત) દોહરાવતાં કહ્યું, "જે અમને સવાલ કરશે, અમે તેને જરૂર આપીશું, પરંતુ જે બેનિયાઝ (બેપરવાહ) રહેશે, ખુદા એને (વાસ્તવમાં) ગની (ધનવાન) કરી દેશે." બીજી રિવાયતમાં આ રીતે બયાન થયું છે: "જે અમારાથી સવાલ નહીં કરે, તે અમારી નજરમાં બુઝુર્ગ અને સન્માનનીય છે."

એ નાદાર માણસે કોઈ સવાલ ન કર્યો, અને પાછો ચાલ્યો ગયો. તેની પત્નીએ કહ્યું, "તમે રસૂલલ્લાહ (સ.)થી મદદ કેમ ન માગી?" તેણે કહ્યું, "રસૂલલ્લાહ (સ.)એ આવું ફરમાવ્યું હતું." તે માણસ જંગલમાં ગયો અને લાકડીઓ કાપીને લાવ્યો. એનાથી એનો કારોબાર વધી ગયો. તે એક દિવસ ફરીથી રસૂલલ્લાહ (સ.)ની ખિદમતમાં હાજર થયો અને પોતાનો હાલ બયાન કર્યો. રસૂલલ્લાહ (સ.) એ ફરમાવ્યું, "મેં કહ્યું હતું કે જે માણસ લોકોથી સવાલ નથી કરતો, ખુદા તેને બેનિયાઝ (બેપરવા) કરી દે છે."

જે રિવાયત અમે અહીં બયાન કરી છે તેનો ભાવાર્થ એ છે કે સવાલ માણસની ઈજ્જત અને આબરૂને ખતમ કરી દે છે, તેની માનસિકતાને પ્રભાવિત કરે છે. તેના પર ગરીબાઈ અને નાદારીના દરવાજા ખોલી દે છે. તેથી શક્ય હોય ત્યાં સુધી માણસ બીજાઓની આગળ સવાલ ન કરે, પરંતુ જો હકીકતમાં મોહતાજ થઈ ગયો હોય, અને સવાલ કર્યા વગર કોઈ ઉપાય ન હોય, તો ઈસ્લામે છૂટ આપી છે કે દરેક વ્યક્તિને સવાલ ન કરે, પરંતુ તેના માટે યોગ્ય હોય તેવી વ્યક્તિથી સવાલ કરે.

(ક્રમશ:)

## કિસાસ લઈ લો

રસૂલલ્લાહ (સ.)એ ફરમાવ્યું, ''લોકો! હું એ ખુદાની હમ્દ કરું છું કે જેના સિવાય કોઈ ખુદા નથી. અલ્લાહ સિવાય કોઈ માઅબૂદ નથી. બેશક, તેણે આપણા હકકો મુકર્રર કરી દીધા છે, તો જેની પીઠ ઉપર મેં ચાબુક માર્યો હોય તો, એ મારી પીઠ હાજર છે. કિસાસ લઈ લો, અને જેને મેં બૂરું ભલું કહ્યું હોય, તે પણ પોતાનો બદલો લઈ લે. અગર કોઈની પાસેથી મેં માલ લીધો હોય, તો મારો માલ હાજર છે. એમાંથી પોતાનો હક લઈ લો, અને એવું ન વિચારવું કે આ કિસાસથી મારા દિલમાં કીનો પેદા થશે. આ મારો સ્વભાવ છે.

પરિચિત થઈ જાઓ કે તમારામાંથી એ શખ્સ મને વધારે પસંદ હશે કે જે મારી પાસેથી પોતાનો હક લઈ લે. અથવા તો મને માફ કરી દે, જેથી હું ઈત્મિનાન અને સુકૂનની સાથે અલ્લાહ સાથે મુલાકાત કરી શકું. અને હું એ અનુભવ કરી રહ્યો છું કે આટલા પ્રમાણમાં કહેવું કાફી નહીં હોય. મારે આ એલાન કેટલીય વાર કરવું પડશે.

લોકો! જેની પાસે પણ કોઈની કોઈ ચીજ હોય, તો તે તેને પાછી આપી દે અને દુનિયાની રુસ્વાઈ અને બદનામીનો ખ્યાલ ન કરે, કેમ કે દુનિયાની બદનામી આખેરતની રુસ્વાઈથી વધારે ઓછી છે.

એક (બંદા)ને અલ્લાહે ઈખ્તિયાર આપ્યો કે દુનિયા લઈ લે અથવા જે અલ્લાહની પાસે છે તેને પસંદ કરી લે, તો તેણે એ જ પસંદ કર્યું કે જે અલ્લાહની પાસે છે.'' (નહ્જુલ ફસાહત, સફહા-૩૯-૪૦)

# તહ્ઝીબુલ ઈસ્લામ

تہذیب الاسلام

લેખક: અલ્લામા મોહંમદ બાકિર મજલિસી
ઉર્દૂ અનુવાદક: મૌલાના સૈયદ મક્બૂલઅહમદ દહેલ્વી
ગુજરાતી અનુવાદક: હઝરત પીર સૈયદ મોહંમદ મુશાહિદહુસૈન જાફરી (રહ.)

**પ્રકરણ–૨**

**પુરુષો અને સ્ત્રીઓએ ઘરેણાં પહેરવાં, સૂરમો લગાવવો, આઈનામાં જોવું અને ખિઝાબ લગાવવાના આદાબ**

### (૨) અંગૂઠી કઈ વસ્તુની હોવી જોઈએ?

સુન્નત છે કે અંગૂઠી ચાંદીની હોય. પુરુષો માટે સોનાની અંગૂઠી પહેરવી હરામ છે. લોખંડ, સ્ટીલ અને પિત્તળની અંગૂઠી સ્ત્રી અને પુરુષો બન્ને માટે મકરૂહ છે, જેથી હઝરત ઈમામ જાફર સાદિક (અ.) થી સહીહ સનદથી નકલ કરવામાં આવ્યું છે કે રસૂલે ખુદા (સ.)ની અંગૂઠી ચાંદીની હતી.

કેટલીક મો'તબર હદીસોમાં નકલ કરવામાં આવ્યું છે કે રસૂલે ખુદા (સ.)એ હઝરત અમીરુલ મોમિનીન (અ.)ને ફરમાવ્યું, "અય અલી! સોનાની અંગૂઠી ન પહેરો, કેમ કે તે આખેરતમાં તમારી શોભા છે."

હઝરત અમીરુલ મોમિનીન (અ.)થી નકલ કરવામાં આવ્યું છે કે, "અંગૂઠી ચાંદી સિવાય બીજી કોઈ વસ્તુની ન પહેરો, કેમ કે રસૂલે ખુદા (સ.) એ ફરમાવ્યું છે કે, "એ હાથ પાક નથી કે જેમાં લોખંડની અંગૂઠી હોય.""

બીજી મો'તબર હદીસમાં રસૂલે ખુદા (સ.) થી નકલ કરવામાં આવ્યું છે કે, "પુરુષે લોખંડની અંગૂઠી પહેરીને નમાઝ ન પઢવી જોઈએ." અને રસૂલે ખુદા (સ.)એ પિત્તળની અંગૂઠી પહેરવાની પણ મનાઈ ફરમાવી છે.

હઝરત ઈમામ જાફર સાદિક (અ.)થી નકલ કરવામાં આવ્યું છે કે, "હઝરત રસૂલે ખુદા (સ.)ની અંગૂઠી ચાંદીની હતી. નગીનો તેના પર ન હતો, પરંતુ તેના સિવાય આ શબ્દો કોતરાયેલા હતા: મોહંમદુર્ રસૂલુલ્લાહ.

### (૩) અકીકની ફઝીલત

નકલ કરવામાં આવ્યું છે કે હઝરત અમીરુલ મોમિનીન (અ.) ચાર અંગૂઠીઓ પહેરતા હતા. પ્રથમ અંગૂઠી યાકૂતની: શોભા અને બુઝુર્ગી માટે. બીજી અંગૂઠી ફીરોઝાની: ફતેહ અને મદદ માટે. ત્રીજી અંગૂઠી હદીદે ચીનીની: શકિત માટે, અને ચોથી અંગૂઠી અકીકની: દુશ્મનો અને બલાઓથી

બચવા માટે.

સહીહ હદીસમાં હઝરત ઈમામ અલી ઈબ્ને મૂસા રઝા (અ.)થી નકલ કરવામાં આવ્યું છે કે, "અકીક ગરીબાઈ અને મોહતાજીને દૂર કરે છે અને નિફાક (છૂપી દુશ્મની)ને દૂર કરે છે."

બીજી હદીસમાં હઝરત ઈમામ અલી ઈબ્ને મૂસા રઝા (અ.)થી નકલ કરવામાં આવ્યું છે કે, "જે વ્યક્તિ અકીકની અંગૂઠી પહેરીને કુર્રા નાખે, તો તેનો પૂરો ભાગ નીકળશે."

મો'તબર હદીસમાં હઝરત ઈમામ જાફર સાદિક (અ.)થી નકલ કરવામાં આવ્યું છે કે, "અકીકની અંગૂઠી પહેરવી મુબારક છે. જે વ્યક્તિ અકીકની અંગૂઠી પહેરે, તો શકય છે કે તેનો અંત ભલાઈવાળો હોય."

રબીઆ રાઝીથી નકલ કરવામાં આવ્યું છે કે, "મેં હઝરત ઈમામ ઝૈનુલ આબેદીન (અ.)ને અકીકની અંગૂઠી પહેરેલા જોયા. મેં સવાલ કર્યો કે, "અય મૌલા! આ કયો નગીનો છે?" આપ (અ.)એ ફરમાવ્યું, "રૂમી અકીક છે.""

રસૂલલ્લાહ (સ.)એ ફરમાવ્યું, "જે વ્યક્તિ અકીકની અંગૂઠી પહેરશે, તેની જરૂરિયાત પૂરી થશે."

હઝરત ઈમામ જાફર સાદિક (અ.)થી નકલ કરવામાં આવ્યું છે કે, "અકીકની અંગૂઠી મુસાફરીમાં સલામતીનું કારણ છે."

બીજી હદીસમાં હઝરત ઈમામ જાફર સાદિક (અ.)થી નકલ કરવામાં આવ્યું છે કે, "જે વ્યક્તિ અકીકની અંગૂઠી પહેરશે, તે પરેશાન થશે નહીં અને તેનો અંત સારો થશે."

એક બીજી હદીસમાં આવ્યું છે કે એક હાકિમે કોઈ ગુનાહગારને પકડવા માટે સિપાહી મોકલ્યા. આપ (અ.)એ તેનાં સગાંવહાલાંને બોલાવીને ફરમાવ્યું કે, "અકીકની અંગૂઠી તેની પાસે પહોંચાડી દો." જેથી હુકમ પર અમલ કરવામાં આવ્યો અને તે નિર્દોષ છૂટી ગયો.

રસૂલે ખુદા (સ.)થી કોઈએ શિકાયત કરી કે, "મારો માલ માર્ગમાં લૂંટાઈ ગયો છે." આપ (સ.)એ ફરમાવ્યું કે, "તું અકીકની અંગૂઠી કેમ પહેરતો નથી? તે દરેક બલાથી માણસને બચાવે છે."

બીજી હદીસમાં મો'તબર સનદથી રસૂલલ્લાહ (સ.)થી નકલ કરવામાં આવ્યું છે કે, "જે વ્યક્તિ અકીકની અંગૂઠી પહેરશે, જ્યાં સુધી તે તેના હાથમાં રહેશે, કોઈ ગમ તેને થશે નહીં."

એક બીજી હદીસમાં ફરમાવ્યું કે, "અકીકની અંગૂઠી પહેરો કે પત્થરોમાં આ પહેલો છે કે જેણે ખુદાની વહદાનિયત અને મારી નબુવ્વત અને અય અલી! તમારી ઈમામતનો એકરાર કર્યો છે."

મો'તબર હદીસમાં વલ્હાનથી નકલ કરવામાં આવ્યું છે કે, "મેં માઅસૂમ (અ.)ની સેવામાં અરજ કરી કે, "હું કેવા પ્રકારનો નગીનો અંગૂઠી પર લગાવું?" ફરમાવ્યું, "તું પીળા, લાલ અને સફેદ અકીકથી કેમ ગાફેલ છે કે આ ત્રણેય પહાડ જન્નતના પહાડમાંથી છે. એમનામાંથી લાલ

અકીકનો પહાડ તો રસૂલે ખુદા (સ.)ના મહેલ પર છાંયડો કરી રહ્યો છે. અને પીળા અકીકનો પહાડ હઝરત બીબી ફાતેમા ઝહરા (અ.)ના મહેલ પર અને સફેદ અકીકનો પહાડ અમીરુલ મોમિનીન (અ.) ના મહેલ પર છાંયડો કરી રહ્યો છે અને આ ત્રણેય મહેલો એક જ જગ્યાએ છે. અને ત્રણેય પહાડોના નીચે નહેરો વહી રહી છે કે જેમનું પાણી બરફ કરતાં વધારે ઠંડું, મધથી વધારે મીઠું અને દૂધથી વધારે સફેદ છે. આ ત્રણેય નહેરો કૌસરથી નીકળે છે અને એક જ જગ્યાએ પડે છે. આનું પાણી આલે મોહંમદ (અ.) અને આલે મોહંમદ (અ.)ના શીઆઓ સિવાય કોઈ બીજાને મળશે નહીં. અને આ ત્રણેય પહાડો ખુદા તઆલાની તસ્બીહ, તકદીસ, અને તમ્હીદ કરી રહ્યા છે. અને આલે મોહંમદ (અ.)ના શીઆઓમાંથી કોઈ વ્યકિત જો ત્રણેય અકીકોમાંથી કોઈ અકીક પણ હાથમાં પહેરશે, તો તેના માટે ભલાઈ છે. એની રોજીમાં વધારો થશે, બલાઓથી બચશે અને જે જે વસ્તુઓથી ઈન્સાનને ભય લાગે છે એનાથી સુરક્ષિત રહેશે, પછી એ જાલિમ બાદશાહનો જુલ્મ હોય કે કંઈક બીજું.""

બીજી હદીસમાં નકલ કરવામાં આવ્યું છે કે એક વ્યકિતને હઝરત ઈમામ મોહંમદ બાકિર (અ.) ની સામે લઈ જવામાં આવી કે જેને ઘણા કોરડા મારવામાં આવ્યા હતા. આપ (અ.)એ ઈર્શાદ ફરમાવ્યો કે, "એની અકીકની અંગૂઠી કયાં છે? જો તેની પાસે હોત તો તે કોરડા ન ખાત."

બીજી રિવાયતમાં છે કે હઝરત ઈમામ જાફર સાદિક (અ.)થી નકલ કરવામાં આવ્યું છે કે, "જેટલા હાથ દુઆ માટે આસમાન તરફ ઊંચા થાય છે, અલ્લાહને એ હાથથી વધારે કોઈ પસંદ નથી કે જેમાં અકીકની અંગૂઠી હોય."

મો'તબર હદીસમાં હઝરત ઈમામ હુસૈન (અ.) થી નકલ કરવામાં આવ્યું છે કે, "જયારે હઝરત મૂસા (અ.)એ કોહે તૂર પર ખુદાએ તઆલાથી મુનાજાત કરી, તો જમીનની તરફ જોયું. હક તઆલાએ એમના ચહેરા મુબારકના નૂરથી અકીકને પેદા કર્યો. પછી અલ્લાહ તઆલાએ ફરમાવ્યું, "મારી પાક ઝાતની કસમ છે કે હું જહન્નમની આગમાં એ હાથને અઝાબ કરીશ નહીં કે જેમાં અકીકની અંગૂઠી હોય, એ શર્તે કે તે અલી ઈબ્ને અબી તાલિબ (અ.) નો મિત્ર પણ હોય.""

બીજી હદીસમાં નકલ કરવામાં આવ્યું છે કે જિબ્રઈલ (અ.) રસૂલે ખુદા (સ.)ની સેવામાં હાજર થયા અને અરજ કરી, "અય રસૂલલ્લાહ (સ.)! પરવરદિગારે આલમ આપને સલામ કરે છે અને ઈર્શાદ ફરમાવે છે કે, "અંગૂઠી જમણા હાથમાં પહેરો અને તેનો નગીનો અકીકનો હોય અને અલી ઈબ્ને અબી તાલિબ (અ.) પોતાના કાકાના દીકરા ભાઈથી કહી દો કે તે પણ અંગૂઠી જમણા હાથમાં પહેરે અને નગીનો અકીકનો હોય."" હઝરત અમીરુલ મોમિનીન (અ.)એ પૂછ્યું, "યા હઝરત! અકીક કેવો છે?" ફરમાવ્યું, "તે એક પહાડ છે યમનમાં કે

જેણે ખુદાની તોહીદનો, મારી નબુવ્વતનો, તમારી અને તમારી ઓલાદની ઈમામતનો, અને તમારા શીઆઓના માટે બેહિશ્તનો અને તમારા દુશ્મનોના માટે જહન્નમનો એકરાર કર્યો છે."

હઝરત અમીરુલ મોમિનીન (અ.)થી નકલ કરવામાં આવ્યું છે કે, "એ વ્યકિતની એક નમાઝ કે જેના હાથમાં અકીકની અંગૂઠી હોય, એ વ્યકિતની જમાઅતની નમાઝથી પણ કે જેના હાથમાં અકીકના સિવાય બીજા રંગની અંગૂઠી હોય, ચાલીસ દરજ્જે અફઝલ છે."

સુલયમાન અઅમશથી રિવાયત છે કે, "હું હઝરત ઈમામ જાફર સાદિક (અ.)ની સેવામાં મન્સૂર અબ્બાસીના મકાનમાં હાજર હતો. સિપાહી એક વ્યકિતને કે જેને કોરડા લાગેલા હતા, બહાર લાવ્યો. આપ (અ.)એ ફરમાવ્યું, "અય સુલયમાન! જુઓ તો એની અંગૂઠી પર કયો નગીનો છે?" મેં અરજ કરી, "યબ્ન રસૂલિલ્લાહ! અકીક તો નથી." ફરમાવ્યું, "અય સુલયમાન! જો અકીકની અંગૂઠી હોત, તો કોરડા ન ખાતો." મેં અરજ કરી, "અય ઈબ્ને રસૂલિલ્લાહ! આપ બીજું પણ ફરમાવો." ફરમાવ્યું, "અય સુલયમાન! અકીકની અંગૂઠી હાથ કપાઈ જવાથી બચાવે છે." મેં કહ્યું, "હજુ પણ વધારે ઈર્શાદ ફરમાવો." ફરમાવ્યું, "અય સુલયમાન! ખુદા અઝઝ વ જલ્લ એ હાથને પસંદ કરે છે કે જે હાથમાં અકીકની અંગૂઠી હોય અને તેની તરફ દુઆ માટે હાથ ફેલાવવામાં આવે." અરજ કરી, "હજુ તો હું ધરાયો નથી." ફરમાવ્યું, "મને નવાઈ લાગે છે કે એ હાથ કે જેમાં અકીકની અંગૂઠી હોય અને તે સોના–ચાંદીથી ખાલી રહે?" મેં અરજ કરી, "શું બીજું કંઈ ઈર્શાદ ફરમાવો છો?" ફરમાવ્યું, "અકીક દરેક બલાથી માણસને સુરક્ષિત રાખે છે." મેં અરજ કરી કે, "યબ્ન રસૂલિલ્લાહ! વધારે ફરમાવો." ફરમાવ્યું, "ગરીબાઈથી બચાવે છે." મેં અરજ કરી, "યબ્ન રસૂલિલ્લાહ! હું આ હદીસને આપના દાદા હઝરત ઈમામ હુસૈન (અ.) અને એમના વાલિદ હઝરત અમીરુલ મોમિનીન (અ.)ના નામથી નકલ કરું?" ફરમાવ્યું, "હા.""

બીજી રિવાયતમાં નકલ કરવામાં આવ્યું છે કે, "બે રકાત નમાઝ અકીકની અંગૂઠી પહેરીને પઢવી એક હજાર રકાતોથી પણ અફઝલ છે કે જે અકીક વગર પઢવામાં આવે." (ક્રમશઃ)


**જીવનસાથી જોઈએ છે.**

હું બાદરપુર ગામનો વતની છું. મારો દીકરો એન્જિનિયરિંગ અને MBA કર્યા બાદ હૈદરાબાદમાં નોકરી કરે છે.

**ઉંમર :** ૨૭ વર્ષ

**ફેમિલી :** માતા, પિતા, બે બહેનો (બન્ને બહેનો શાદીશુદા)

**અમારા દીકરા માટે યોગ્ય કન્યા શોધી રહ્યા છીએ.**

**કોન્ટેકટ મોબાઈલ નંબર :** ૮૧૪૧૦ ૮૨૧૨૪

**ઐયુબ મોમિન**

# આધુનિક સમયમાં એક મુસ્લિમ માટે માર્ગદર્શન

લેખક: ડૉ. સૈયદ હુસૈન નસ્ર અનુવાદક: મોમિન આબિદહુસૈન સાવદી

## વિભાગ–૧

## ઈસ્લામનો પયગામ

### પ્રકરણ ૧: ઈસ્લામ, કુરઆને મજીદ અને હદીસ — નુઝૂલ અને દીનનો અર્થ

(ગતાંકનું ચાલુ)

### સુન્નત અને હદીસ

સુન્નતના બે ભાગ છે: પહેલો ભાગ, અરબ સમાજ — કે જેમના ત્યાં ઈસ્લામ નાઝિલ થયો તેઓ —ના પ્રચલિત રીતરિવાજોને ઈસ્લામના સિદ્ધાંતો અનુસાર ઢાળવાને પરિણામે સામે આવે છે; અલબત્ત, તે જ રીતરિવાજો કે જે ઈસ્લામની રૂહને અનુરૂપ હોય, તેમના ત્યાં પ્રવર્તિત કોઈ પણ રીતરિવાજો નહીં; તેમનું ઈસ્લામીકરણ થયું અને તે સુન્નતના અભિન્ન અંગ બની ગયા. સુન્નતનો બીજો ભાગ સુન્નતનાં સૌથી મહત્ત્વનાં પાસાંને આવરી લે છે. જેમાં અલ્લાહ અને તેની મખ્લૂક પ્રત્યેના ઈસ્લામી અભિગમ (રવૈયા)નો સમાવેશ થાય છે. તેથી તે દીને ઈસ્લામના પોતાના સૌથી મહત્ત્વના ઘટકથી સંબંધિત થઈ જાય છે.

'હદીસ'ની વાત કરીએ તો, તે રસૂલલ્લાહ (સ.)નાં ફરમાનોનો વિશાળ સમૂહ છે, જેનું સંકલન ઈસ્લામી તારીખની પહેલી ત્રણ સદીઓ દરમિયાન, ધર્મનિષ્ઠ વિદ્વાનોની એ પેઢીઓ કે જેમને 'મુહદ્દિસૂન' કહેવામાં આવે છે, તેમના દ્વારા કરવામાં આવ્યું. અહીં તે નોંધવું જરૂરી છે કે આ કાર્યમાં સ્ત્રીઓએ પણ મહત્ત્વની ભૂમિકા ભજવી હતી. પુરુષો સાથે મળીને, તેઓએ રસૂલલ્લાહ (સ.)નાં ફરમાનોને એકઠાં કર્યાં, રિવાયતના સિલસિલાની ચકાસણી કરી, અને રસૂલલ્લાહ (સ.)ના પોતાના તરફથી કોઈ એક ચોક્કસ ફરમાનની એક પછી એક વિવિધ રાવીઓ દ્વારા એક પેઢીથી બીજી પેઢી અને ત્યાંથી લઈને એ દિન સુધી કે જ્યારે તેને લખી લેવામાં આવી, કઈ રીતે તેની રિવાયત થઈ છે, તેનો અભ્યાસ કર્યો. દરેક રાવીની વિશ્ર્વસનીયતાની ગહન ચકાસણી કરવામાં આવી, અને આ ચકાસણીમાં ખરી ઊતરેલી સંપૂર્ણ રીતે યોગ્ય સિલસિલાવાળી (મોઅતબર) હદીસોને, કમજોર સિલસિલાવાળી (ઝઈફ) હદીસોથી અલગ

તારવવામાં આવી. એક સંપૂર્ણ વિજ્ઞાન વિકસિત થયું, જેના દ્વારા સંપૂર્ણ મોઅતબર (સહીહ અને મુતવાતિર) હદીસો, આંશિક રીતે મોઅતબર હદીસો, નબળી (ઝઈફ) હદીસો અને કોઈ પણ અધિકૃતતા વિનાની હદીસો એમ વિવિધ વર્ગોમાં તેનું વર્ગીકરણ અને સંકલન કરવામાં આવ્યું. બેથી ત્રણ સદીઓના વ્યાપક સંશોધન અને પ્રયત્નો પછી, હદીસના મુખ્ય જમાવ અથવા સંગ્રહને અંતિમ સ્વરૂપ આપવામાં આવ્યું, અને સમગ્ર ઈસ્લામી વિશ્વ માટે તેને ઉપલબ્ધ કરાવવામાં આવ્યું.

આ લખાણોનું પહેલું જૂથ એટલે એ કિતાબો કે જેમને સંકલિત કરવામાં આવી એમના દ્વારા કે જેઓ 'સત્ય પુસ્તકો' એટલે કે 'સિહાહ અલ–સિત્તાહ' તરીકે નામાંકિત કિતાબોના લેખકો છે, જેનો અર્થ થાય છે હદીસોના સંકલનની છ પ્રમાણભૂત કિતાબો, જે સુન્નીઓ દ્વારા ઈસ્લામના સમગ્ર ઈતિહાસ દરમિયાન પ્રમાણભૂત હદીસોના સંગ્રહ તરીકે સ્વીકૃત છે. જ્યારે કે એક સદી પછી હદીસોના સંગ્રહની ચાર શીઆ કિતાબો, જેને 'અલ–કુતૂબ અલ–અર્બઆ' અથવા 'ચાર કિતાબો' કહેવામાં આવે છે, તેનું સંકલન કરવામાં આવ્યું. તેથી, આ ક્ષેત્રમાં સુન્ની સંકલનો શીઆઓના સંકલનો કરતાં આગળ છે. પરંતુ, મોટાભાગની હદીસોનું મતન આ બન્ને સુન્ની અને શીઆઓના સંકલનોમાં, મૂળભૂત રીતે સમાન છે. આમાં ઘણા કિસ્સાઓમાં જે અલગ પડે છે તે છે રિવાયતનો સિલસિલો, બાકી હદીસોનું મતન લગભગ સમાન છે.

હદીસોના આ સાહિત્યનો વિશાળ દાયરો છે, જેમાં દુનિયાની ખિલ્કતથી લઈને, ફરિશ્તાઓના તથા નૂરના વિવિધ તબક્કાઓ વિષેના, અલ્લાહની મશીયત વિષેના, તથા તે કેવી રીતે કાએનાત પર શાસન કરે છે તે વિષેના પ્રશ્નોનો સમાવેશ થાય છે. ઉપરાંત તેમાં તફવીઝ તથા તકદીર બન્ને કઈ રીતે મનુષ્ય જીવનમાં અસરઅંદાજ થાય છે તેનો, તથા મનુષ્યોના રાજકીય, આર્થિક અને સામાજિક પ્રશ્નોનો સમાવેશ થાય છે. તેમ જ પરિવારથી, પાડોશીઓથી તથા દોસ્તોથી વ્યવહારના મામલામાં રોજિંદા જીવનની વ્યવહારિક સમસ્યાઓ વિષેની ચર્ચાને પણ તેમાં આવરી લેવામાં આવી છે. આ હદીસો પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે મુસલમાને જે માહોલમાં રહેવું જોઈએ તેને લગતા મસઅલાઓ વિષે ચર્ચા કરે છે, જેમ કે, સ્વચ્છતા, સુંદરતા, અને યોગ્યતાની સાથે. એમાં એવી હદીસો પણ છે કે જે કુરઆનની માફક ઈસ્લામી કળા, આર્કિટેક્ચર, શહેર–આયોજન અને એક સંપૂર્ણ ભૌતિક માહોલ જે ઈસ્લામી વહીના અર્થ, રૂહ, તથા ઝહાનતને પ્રદર્શિત કરતો હોય તેની રચનામાં એક મહત્ત્વની ભૂમિકા ભજવે છે.

કુરઆને મજીદની સાથેસાથે અલબત્ત હદીસ પણ શરીઅતનો સ્રોત છે. તે પોતે કુરઆનની પહેલી તફસીર છે; અને શરીઅતના એક સ્રોત તરીકે કુરઆનની સાથેસાથે તેનો પણ ફિકહના કવાઈદ

(ને વિકસાવવા)ના દૃષ્ટિકોણથી ગહન અભ્યાસ કરવામાં આવ્યો છે. તેથી, સદીઓ સુધી ફિક્હના વિવિધ મકાતિબ (મઝાહિબ)એ હદીસના અભ્યાસ વડે કુરઆન (ના અર્થો)ને સારી રીતે સમજવા માટેના વિવિધ તરીકાઓ વિકસાવ્યા. હદીસ પણ ઈસ્લામી વિચારધારાઓનો સ્રોત છે, અને આ વિચારધારાઓનાં લગભગ બધાં જ પાસાં, જેવાં કે, ઈલ્મુલ કલામ, વિવિધ વિજ્ઞાનો, ફલસફા એટલે સુધી કે વ્યાકરણનાં ઈલ્મ તથા ભાષાનાં ઈલ્મ —નાં મૂળ પણ હદીસ તેમ જ કુરઆનમાં છે. ઈસ્લામી વિચારધારામાં એવું કોઈ ક્ષેત્ર નથી કે જેમાં હદીસની કુરઆનમાં રહેલા અલ્લાહના શબ્દોની પૂરક અથવા તેની સમજણ આપનાર તરીકે મહત્ત્વની ભૂમિકા ન હોય.

જ્યારે રસૂલલ્લાહ (સ.)ની વફાતનો સમય નજીક હતો, ત્યારે આપ (સ.)ને પૂછવામાં આવ્યું કે, "આપની વફાત પછી આપને કેવી રીતે યાદ કરવા જોઈએ?" આપ (સ.)એ ફરમાવ્યું, "કુરઆન પઢો!", કારણ કે ખાસ કરીને અલ્લાહના પાક શબ્દો પઢવામાં રસૂલલ્લાહ (સ.)ની રૂહથી સંબંધિત કંઈક બાબત મોજૂદ છે. વધુમાં, રસૂલલ્લાહ (સ.) નાં ફરમાનો કુરઆને મજીદના અર્થોની સ્પષ્ટતા (તફસીર) કરે છે, અને તેમના વગર ઘણી આયતો સંપૂર્ણ રીતે સમજી શકાતી નથી. એટલે સુધી કે દરરોજની નમાઝો જેવા એક મુસ્લિમ માટે જરૂરી મૂળભૂત દીની અહ્કામ પણ સમજવા શકય ન હોત; હકીકતમાં તો મુસલમાનોને સુન્નત અને હદીસે જ બતાવ્યું છે કે તેને કેવી રીતે પઢવી જોઈએ. કુરઆને મજીદ આપણને નમાઝ પઢવાનો હુકમ કરે છે, પરંતુ આપણે તેને કેવી રીતે પઢીએ તે રસૂલલ્લાહ (સ.) દ્વારા રજૂ કરવામાં આવેલા નમૂના પર આધારિત છે, અને આ બાબત હજ અથવા ઝિયારતની વિગતો અથવા ઈસ્લામના અન્ય અહ્કામ તેમ જ રોજબરોજની વિવિધ ક્રિયાઓના વિષે પણ સાચી સાબિત થાય છે. ઉપરાંત, કુરઆનની ઘણી આયતો કે જે કવાઈદ (શરીઅત) તેમ જ વિવિધ વિજ્ઞાનો અથવા હકીકતની પ્રકૃતિ વિષે એટલી હદે સંબોધન નથી કરતી, જેટલી હદે હદીસો દ્વારા તેને સ્પષ્ટ કરવામાં આવે છે, જે તેમના વિષે ખૂબ સારી તફસીર કરે છે. તેથી, કુરઆને મજીદ અને હદીસ અલ્લાહ દ્વારા મુસલમાનો માટે મળેલો ખૂબ જ મહાન ખજાનો છે. તદુપરાંત, એકને એટલે કે કુરઆને મજીદને, બીજાની એટલે કે હદીસ તથા સુન્નતની મદદ વિના સંપૂર્ણ રીતે સમજી શકાતી નથી. હદીસ તથા સુન્નતે મુસલમાનોની આવનારી સઘળી પેઢીઓ માટે એવા ઈન્સાનની તફસીર પૂરી પાડી છે કે જે અલ્લાહના કલામને સમજવામાં સૌથી વધારે સક્ષમ છે, અને જેમને અલ્લાહે પોતાના રસૂલ અને પોતાના હબીબ તરીકે પસંદ કર્યા; અને જેમની તરફ અલ્લાહે પોતાના બુલંદ કલામને નાઝિલ કર્યું.

**સારાંશ**

એવું કહી શકાય કે ઈસ્લામને વ્યાખ્યાયિત કરવા માટે, અને તેનો મૂળ સાર શું છે તે રજૂ કરવા માટે, વહદાનિયતના મૂળ સિદ્ધાંત પર ભાર મૂકવો જરૂરી છે. અલ્લાહ વાહિદ છે, અને તેની વહદાનિયત એક એવી પ્રકૃતિ (ફિતરત) છે કે જેને કેવળ તે જ સંપૂર્ણ રીતે સમજી શકે છે અને તેની ગવાહી આપી શકે છે. કારણ કે, જેમ કે કુરઆન કહે છે: અલ્લાહ ગવાહી આપે છે કે તેના સિવાય કોઈ ખુદા નથી.[1] પરંતુ આપણે પણ મનુષ્ય તરીકે, તેના ગવાહ તરીકે, પૃથ્વી પરના તેના ખલીફા તરીકે તેની આ વહદાનિયત (તૌહીદ)ને સમજવાની કોશિશ કરવી જોઈએ. માણસે અલ્લાહ એક છે એ તો સમજવાનું જ છે, પરંતુ સાથેસાથે તેણે એ પણ સમજવાનું છે કે (આ જ વહદાનિયતના પરિણામસ્વરૂપે) સઘળી વસ્તુઓ વચ્ચે પણ પરસ્પર સંબંધ છે. વહદાનિયત અલ્લાહની ખિલ્કત કરેલી સઘળી વસ્તુઓમાં અને માનવ સમાજ દરમિયાન જારી (ઝળકે) છે, જો તે સમાજ ઈસ્લામી હશે તો. વહદાનિયત માનવ જીવનમાંય હોવી જ જોઈએ; વહદાનિયત માણસ અને ફિતરી દુનિયાના પરસ્પરના સંબંધ દરમિયાન પણ હોવી જ જોઈએ; વહદાનિયત મનુષ્યના વિચારમાં પણ હોવી જ જોઈએ; વહદાનિયત માણસ દ્વારા બનાવવામાં આવેલી વસ્તુઓમાં, કળામાં, અને તેણે સ્થાપેલી શૈલી (આર્કિટેકચર) અને શહેરોમાં પણ હોવી જ જોઈએ. વહદાનિયતના આ બધા મઝહરો (સ્વરૂપો) આપણી દુનિયામાં અલ્લાહની હિકમત અને મરજી (હુકમો)ને પ્રદર્શિત કરે છે, એ મરજી (હુકમો) કે જે 'ઈલાહી કવાઈદ' અથવા 'શરીઅત'ની અંદર ખૂબ જ ગહન રીતે વણાયેલ છે, અને જે એક મુસ્લિમના જીવનના દરેક યોગ્ય પાસા પરથી વ્યકત થવા જોઈએ.

આ વહદાનિયત માનવ જીવનમાં કઈ રીતે ઝળકી શકે, તે સમજવા માટે મનુષ્યે કુરઆને ઉજાગર કરેલા સત્ય તરફ રજૂ થવું જોઈએ. તૌહીદનો સિદ્ધાંત કુરઆનના કેન્દ્રમાં રહેલો છે, જેની તરફ કુરઆન વારંવાર ઈશારો કરે છે. સાથેસાથે મનુષ્યે રસૂલલ્લાહ (સ.)ની હદીસ અને સુન્નત તરફ પણ રજૂ થવું જોઈએ કે જે કુરઆનની સૌથી પહેલી તફસીર છે, મઝહર છે, અને તેના પસંદીદા રસૂલના જીવનના ઈલ્મને આપણા સુધી પહોંચાડનાર છે.

રસૂલલ્લાહ (સ.) અલ્લાહની મરજી (એટલે કે અલ્લાહને પસંદ આવે તે) પ્રમાણે જીવન જીવ્યા. અને આપ (સ.)એ પોતાના જીવનના દરેક પાસામાં — પોતે અંજામ આપેલા દરેક કાર્યમાં, એક કાઝી તરીકેના પદથી લઈને લશ્કરના સેનાપતિથી લઈને, પરિવારમાં એક પિતા તરીકેથી લઈને, એક રૂહાની વ્યકિતત્વ ધરાવનારી હસ્તી તરીકે કે જેમણે અલ્લાહના કલામ (શબ્દો)ને પ્રત્યેક્ષ રીતે સાંભળ્યા અને તેને માનવજાત સુધી પહોંચાડ્યા,

1 સૂરા આલે ઈમરાન, આયત–૧૮

તથા અલ્લાહના અંતિમ નબી તરીકે — એ વહદાનિયતને ઉજાગર કરી, કે જેને મુસલમાનો પોતાના સમગ્ર જીવન દરમિયાન હાસિલ કરવા ચાહે છે. એક સારા મુસલમાન બનવા માટે જરૂરી છે કે અલ્લાહની મરજી (એટલે કે અલ્લાહને પસંદ આવે તે) પ્રમાણે જીવન જીવવામાં આવે, કુરઆન અને હદીસમાં બતાવવામાં આવેલા નૈતિક સિદ્ધાંતો અનુસાર નેકીની સાથે જીવન જીવવામાં આવે, અને અલ્લાહની વહદાનિયતની સભાનતાની સાથે જીવવામાં આવે. એ વહદાનિયત કે જે તેની મખ્લૂકમાં તેમ જ માણસ અને તેના સમાજની અંદર ઝળકે છે. અને આ વહદાનિયત એટલી હદ સુધી ઝળકે છે જેટલી હદ સુધી સમાજ અલ્લાહની તાલીમાત — કે જે તેની મુકદ્દસ કિતાબમાં છે અને જેના આધારે તેના રસૂલ (સ.) જીવ્યા અને અમલ કર્યો, તેના — પર અમલ કરે. (ક્રમશઃ)

## કયામતની નિશાનીઓ

અબૂ બક્ર ઈબ્ને અબી શયબા નકલ કરે છે કે એક વખત આંહઝરત (સ.) લોકોના ટોળામાંથી બહાર નીકળી આવ્યા. એ વખતે એક શખ્સ આવ્યો અને તેણે કહ્યું,

"યા રસૂલલ્લાહ (સ.)! ઈમાનનો પરિચય આપો."

હઝરત (સ.)એ ફરમાવ્યું, "ઈમાન એ છે કે તમે અલ્લાહ, ફરિશ્તાઓ અને કિતાબે ખુદાનો સ્વીકાર કરો, તેની મુલાકાત અને તેના રસૂલોની રિસાલત પર ભરોસો રાખો, હશ્રના અને નશ્રના દિવસનું યકીન રાખો."

પછી તે સવાલ કરનારે પૂછ્યું, "સારું, તો ઈસ્લામ શું છે?"

રસૂલે કરીમ (સ.)એ ફરમાવ્યું, "ઈસ્લામ એ છે કે તમે અલ્લાહની ઈબાદત કરો, કોઈને તેનો શરીક ન બનાવો, નમાઝ પઢો, ઝકાત આપો, માહે રમઝાનના રોઝા રાખો."

સવાલ પૂછનારે કહ્યું, "યા રસૂલલ્લાહ! એહસાનની તફસીર ફરમાવો."

રસૂલે કરીમ (સ.)એ ફરમાવ્યું, "એહસાન એ છે કે તમે અલ્લાહની ઈબાદત એ રીતે કરો, જેવી રીતે કે તમે તેને જોઈ રહ્યા હો."

સવાલ કરનારે કહ્યું, "યા રસૂલલ્લાહ (સ.)! કયામત કયારે આવશે?"

રસૂલે કરીમ (સ.)એ ફરમાવ્યું, "હું આ બાબતમાં સવાલ પૂછનાર કરતાં વધારે વાકેફ નથી, પરંતુ તેની અલામતો (નિશાનીઓ) ચોકકસ બતાવી શકું છું. જ્યારે લોંડી પોતાના આકાને જણવા (જન્મ આપવા) લાગે અને માથાથી તે પગ સુધી નગ્ન લોકો ઈન્સાનોના હાકિમ થઈ જાય અને ચરવાહા (ભરવાડો) પાકી ઈમારતોમાં રહેવા લાગે, તો યકીન કરી લેવું કે કયામત નજીક છે." (નહ્જુલ ફસાહત, સફહા-૧૨૪-૧૨૫)


દરેક પ્રસંગની અમૂલ્ય ક્ષણ
સંસ્કાર, સંસ્કૃતિ સાથે યાદગાર ભેટ આપી
આપના દરેક પ્રસંગને અમૂલ્ય બનાવો
ZAHRA
JEWELLERS
સંબંધોના બંધન ને જોડો,
સુંદર જ્વેલરીની સાથે !
સોના તેમજ ચાંદીના ઘરેણાંની શ્રેષ્ઠ ડીઝાઈન્સ
એચ.ડી.એફ.સી. બેંક ની બાજુમાં, ઓર્ચિડ કોમ્પ્લેક્ષની
સામે, પીરોજપુરા - છાપી રોડ, 385210
98676 30429





# ઈબાદાત

## માહે રમઝાનુલ મુબારકના આમાલ

**માહે રમઝાનમાં ખાસ આ મુજબ કાર્યો કરે:**

- ઈફતારના સમયે સૂરા કદ્ર પઢે.
- ઈફતારના સમયે સદકો આપે.
- રોઝાદારને રોઝો ઈફતાર કરાવે.

**માહે રમઝાનમાં દરરોજ રાત્રે આ મુજબ દુઆ પઢે કે જેનાથી ૪૦ વર્ષના ગુનાહ માફ થઈ જાય છે:**

اَللّٰهُمَّ رَبَّ شَهْرِ رَمَضَانَ الَّذِيْٓ اَنْزَلْتَ فِيْهِ الْقُرْاٰنَ، وَافْتَرَضْتَ عَلٰى عِبَادِكَ فِيْهِ الصِّيَامَ، صَلِّ عَلٰى مُحَمَّدٍ وَّاٰلِ مُحَمَّدٍ، وَّارْزُقْنِيْ حَجَّ بَيْتِكَ الْحَرَامِ فِيْ عَامِيْ هٰذَا وَفِيْ كُلِّ عَامٍ، وَّاغْفِرْ لِيْ تِلْكَ الذُّنُوْبَ الْعِظَامَ، فَاِنَّهٗ لَا يَغْفِرُهَا غَيْرُكَ يَا رَحْمٰنُ يَا عَلَّامُ

**સેહરીના સમયે પઢવાની દુઆ:**

يَا مَفْزَعِيْ عِنْدَ كُرْبَتِيْ، وَيَا غَوْثِيْ عِنْدَ شِدَّتِيْٓ اِلَيْكَ فَزِعْتُ، وَبِكَ اسْتَغَثْتُ، وَبِكَ لُذْتُ لَآ اَلُوْذُ بِسِوَاكَ وَلَآ اَطْلُبُ الْفَرَجَ اِلَّا مِنْكَ، فَاَغِثْنِيْ وَفَرِّجْ عَنِّيْ، يَا مَنْ يَّقْبَلُ الْيَسِيْرَ، وَيَعْفُوْ عَنِ الْكَثِيْرِ، اِقْبَلْ مِنِّي الْيَسِيْرَ وَاعْفُ عَنِّي الْكَثِيْرَ، اِنَّكَ اَنْتَ الْغَفُوْرُ الرَّحِيْمُ، اَللّٰهُمَّ اِنِّيْٓ اَسْاَلُكَ اِيْمَانًا تُبَاشِرُ بِهٖ قَلْبِيْ، وَيَقِيْنًا حَتّٰٓى اَعْلَمَ اَنَّهٗ لَنْ يُّصِيْبَنِيْٓ اِلَّا مَا كَتَبْتَ لِيْ، وَرَضِّنِيْ مِنَ الْعَيْشِ بِمَا قَسَمْتَ لِيْ يَآ اَرْحَمَ الرَّاحِمِيْنَ، يَا عُدَّتِيْ فِيْ كُرْبَتِيْ، وَيَا صَاحِبِيْ فِيْ شِدَّتِيْ، وَيَا وَلِيِّيْ فِيْ نِعْمَتِيْ، وَيَا غَايَتِيْ فِيْ رَغْبَتِيْ، اَنْتَ السَّاتِرُ عَوْرَتِيْ، وَالْاٰمِنُ رَوْعَتِيْ، وَالْمُقِيْلُ عَثْرَتِيْ، فَاغْفِرْ لِيْ خَطِيْٓئَتِيْ يَآ اَرْحَمَ الرَّاحِمِيْنَ

**ઈમામ મોહંમદ તકી (અ.)એ ફરમાવ્યું છે કે માહે રમઝાનમાં દિવસે અને રાત્રે વધારે પ્રમાણમાં આ મુજબ**

દુઆ પઢે:

يَا ذَا الَّذِیْ كَانَ قَبْلَ كُلِّ شَیْءٍ، ثُمَّ خَلَقَ كُلَّ شَیْءٍ، ثُمَّ يَبْقٰى وَيَفْنٰى كُلُّ شَیْءٍ، يَا ذَا الَّذِیْ لَيْسَ كَمِثْلِهٖ شَیْءٌ، وَّيَا ذَا الَّذِیْ لَيْسَ فِی السَّمٰوٰتِ الْعُلٰى، وَلَا فِی الْاَرَضِيْنَ السُّفْلٰى، وَلَا فَوْقَهُنَّ وَلَا تَحْتَهُنَّ وَلَا بَيْنَهُنَّ اِلٰـهٌ يُّعْبَدُ غَيْرُهٗ لَكَ الْحَمْدُ حَمْدًا لَّا يَقْوٰى عَلٰى اِحْصَآئِهٖ اِلَّآ اَنْتَ، فَصَلِّ عَلٰى مُحَمَّدٍ وَّاٰلِ مُحَمَّدٍ صَلٰوةً لَّا يَقْوٰى عَلٰى اِحْصَآئِهَآ اِلَّآ اَنْتَ

માહે રમઝાનમાં દરરોજ દિવસમાં ૧૦૦ વખત આ મુજબ ઝિક્ર કરવાથી ૪૦ વર્ષના ગુનાહ માફ થાય છે:

سُبْحَانَ الضَّآرِّ النَّافِعِ، سُبْحَانَ الْقَاضِیْ بِالْحَقِّ، سُبْحَانَ الْعَلِیِّ الْاَعْلٰى، سُبْحَانَهٗ وَبِحَمْدِهٖ، سُبْحَانَهٗ وَتَعَالٰى

માહે રમઝાનમાં વાજિબ નમાઝ પછી પઢવાની દુઆ:

اَللّٰهُمَّ ارْزُقْنِیْ حَجَّ بَيْتِكَ الْحَرَامِ فِیْ عَامِیْ هٰذَا وَفِیْ كُلِّ عَامٍ مَّآ اَبْقَيْتَنِیْ فِیْ يُسْرٍ مِّنْكَ وَعَافِيَةٍ، وَّسَعَةِ رِزْقٍ وَّلَا تُخْلِنِیْ مِنْ تِلْكَ الْمَوَاقِفِ الْكَرِيْمَةِ، وَالْمَشَاهِدِ الشَّرِيْفَةِ، وَزِيَارَةِ قَبْرِ نَبِيِّكَ صَلَوَاتُكَ عَلَيْهِ وَاٰلِهٖ، وَفِیْ جَمِيْعِ حَوَآئِجِ الدُّنْيَا وَالْاٰخِرَةِ فَكُنْ لِّیْ، اَللّٰهُمَّ اِنِّیْٓ اَسْاَلُكَ فِيْمَا تَقْضِیْ وَتُقَدِّرُ مِنَ الْاَمْرِ الْمَحْتُوْمِ فِیْ لَيْلَةِ الْقَدْرِ، مِنَ الْقَضَآءِ الَّذِیْ لَا يُرَدُّ وَلَا يُبَدَّلُ، اَنْ تَكْتُبَنِیْ مِنْ حُجَّاجِ بَيْتِكَ الْحَرَامِ، الْمَبْرُوْرِ حَجُّهُمُ، الْمَشْكُوْرِ سَعْيُهُمْ، الْمَغْفُوْرِ ذُنُوْبُهُمْ، الْمُكَفَّرِ عَنْهُمْ سَيِّئَاتُهُمْ، وَاجْعَلْ فِيْمَا تَقْضِیْ وَتُقَدِّرُ، اَنْ تُطِيْلَ عُمْرِیْ، وَتُوَسِّعَ عَلَیَّ رِزْقِیْ، وَتُؤَدِّیَ عَنِّیْٓ اَمَانَتِیْ وَدَيْنِیْ، اٰمِيْنَ رَبَّ الْعَالَمِيْنَ

માહે રમઝાનની દરેક રાતે પઢવાની દુઆ:

اَللّٰهُمَّ بِرَحْمَتِكَ فِی الصَّالِحِيْنَ فَاَدْخِلْنَا، وَفِیْ عِلِّيِّيْنَ فَارْفَعْنَا، وَبِكَاْسٍ مِّنْ مَّعِيْنٍ مِّنْ عَيْنٍ سَلْسَبِيْلٍ فَاسْقِنَا، وَمِنَ الْحُوْرِ الْعِيْنِ بِرَحْمَتِكَ فَزَوِّجْنَا، وَمِنَ الْوِلْدَانِ الْمُخَلَّدِيْنَ كَاَنَّهُمْ لُؤْلُؤٌ مَّكْنُوْنٌ فَاَخْدِمْنَا، وَمِنْ ثِمَارِ الْجَنَّةِ وَلُحُوْمِ الطَّيْرِ فَاَطْعِمْنَا، وَمِنْ ثِيَابِ السُّنْدُسِ وَالْحَرِيْرِ وَالْاِسْتَبْرَقِ فَاَلْبِسْنَا، وَلَيْلَةَ الْقَدْرِ وَحَجَّ بَيْتِكَ الْحَرَامِ، وَقَتْلًا فِیْ سَبِيْلِكَ

فَوَفِّقْ لَنَا، وَصَالِحَ الدُّعَآءِ وَالْمَسْاَلَةِ فَاسْتَجِبْ لَنَا، وَاِذَا جَمَعْتَ الْاَوَّلِيْنَ وَالْاٰخِرِيْنَ يَوْمَ الْقِيَامَةِ فَارْحَمْنَا، وَبَرَآءَةً مِّنَ النَّارِ فَاكْتُبْ لَنَا، وَفِيْ جَهَنَّمَ فَلَا تَغُلَّنَا، وَفِيْ عَذَابِكَ وَهَوَانِكَ فَلَا تَبْتَلِنَا، وَمِنَ الزَّقُّوْمِ وَالضَّرِيْعِ فَلَا تُطْعِمْنَا، وَمَعَ الشَّيٰطِيْنِ فَلَا تَجْعَلْنَا، وَفِي النَّارِ عَلٰى وُجُوْهِنَا فَلَا تَكْبُبْنَا، وَمِنْ ثِيَابِ النَّارِ وَسَرَابِيْلِ الْقَطِرَانِ فَلَا تُلْبِسْنَا، وَمِنْ كُلِّ سُوْٓءٍ يَّا لَآ اِلٰهَ اِلَّآ اَنْتَ بِحَقِّ لَآ اِلٰهَ اِلَّآ اَنْتَ فَنَجِّنَا

**માહે રમઝાનના છેલ્લા દસ દિવસ દરમિયાન વાજિબ નમાઝ પછી પઢવાની દુઆ:**

اَللّٰهُمَّ اَدِّ عَنَّا حَقَّ مَا مَضٰى مِنْ شَهْرِ رَمَضَانَ، وَاغْفِرْ لَنَا تَقْصِيْرَنَا فِيْهِ، وَتَسَلَّمْهُ مِنَّا مَقْبُوْلًا وَّلَا تُؤَاخِذْنَا بِاِسْرَافِنَا عَلٰى اَنْفُسِنَا، وَاجْعَلْنَا مِنَ الْمَرْحُوْمِيْنَ وَلَا تَجْعَلْنَا مِنَ الْمَحْرُوْمِيْنَ

**શબે કદ્રના આમાલ: માહે રમઝાનની ૧૯, ૨૧ અને ૨૩મીની રાત્રીએ આમાલે મુશ્તરકા અને આમાલે મખ્સૂસા બજાવી લાવે.**

**બારમા ઈમામ (અ.)ની ગૈબતની દુઆ: (વધારે વખત પઢે.)**

اَللّٰهُمَّ كُنْ لِّوَلِيِّكَ الْحُجَّةِ ابْنِ الْحَسَنِ، صَلَوَاتُكَ عَلَيْهِ وَعَلٰى اٰبَآئِهٖ فِيْ هٰذِهِ السَّاعَةِ وَفِيْ كُلِّ سَاعَةٍ وَّلِيًّا وَّحَافِظًا وَّقَائِدًا وَّنَاصِرًا وَّدَلِيْلًا وَّعَيْنًا، حَتّٰى تُسْكِنَهٗ اَرْضَكَ طَوْعًا وَّتُمَتِّعَهٗ فِيْهَا طَوِيْلًا

**માહે રમઝાનની છેલ્લી રાતના આમાલ:**

- ગુસ્લ કરવું.
- હઝરત ઈમામ હુસૈન (અ.)ની ઝિયારત પઢે.

 સૂરા અન્આમ, સૂરા કહ્ફ અને સૂરા યાસીનની તિલાવત કરવી, અને એકસો વખત આ મુજબ પઢે:

اَسْتَغْفِرُ اللّٰهَ وَاَتُوْبُ اِلَيْهِ

- આ મુજબ દુઆ પઢે:

اَللّٰهُمَّ هٰذَا شَهْرُ رَمَضَانَ الَّذِيْٓ اَنْزَلْتَ فِيْهِ الْقُرْاٰنَ، وَقَدْ تَصَرَّمَ وَاَعُوْذُ بِوَجْهِكَ

الْكَرِيْمِ يَا رَبِّ اَنْ يَّطْلُعَ الْفَجْرُ مِنْ لَّيْلَتِيْ هٰذِهٖ، اَوْ يَتَصَرَّمَ شَهْرُ رَمَضَانَ وَلَكَ قِبَلِيْ تَبِعَةٌ اَوْ ذَنْبٌ تُرِيْدُ اَنْ تُعَذِّبَنِيْ بِهٖ يَوْمَ اَلْقَاكَ

- સહીફએ કામેલાની ૪૫મી દુઆ પઢે.

**માહે રમઝાનની વિદાયની દુઆ પઢે:**

اَللّٰهُمَّ لَا تَجْعَلْهُ اٰخِرَ الْعَهْدِ مِنْ صِيَامِيْ لِشَهْرِ رَمَضَانَ وَاَعُوْذُبِكَ اَنْ يَّطْلُعَ فَجْرُ هٰذِهِ اللَّيْلَةِ اِلَّا وَقَدْ غَفَرْتَ لِيْ

**વિદાયની બીજી એક દુઆ આ પ્રમાણે છે:**

اَللّٰهُمَّ لَا تَجْعَلْهُ اٰخِرَ الْعَهْدِ مِنْ صِيَامِنَا اِيَّاهُ فَاِنْ جَعَلْتَهٗ فَاجْعَلْنِيْ مَرْحُوْمًا وَّلَا تَجْعَلْنِيْ مَحْرُوْمًا

હઝરત ઈમામ જાફર સાદિક (અ.) ફરમાવે છે કે માહે રમઝાનના છેલ્લા દસ દિવસોની રાત્રીઓમાં આ મુજબ દુઆ પઢે:

اَعُوْذُ بِجَلَالِ وَجْهِكَ الْكَرِيْمِ اَنْ يَّنْقَضِيَ عَنِّيْ شَهْرُ رَمَضَانَ اَوْ يَطْلُعَ الْفَجْرُ مِنْ لَّيْلَتِيْ هٰذِهٖ وَلَكَ قِبَلِيْ ذَنْبٌ اَوْ تَبِعَةٌ تُعَذِّبُنِيْ عَلَيْهِ

હઝરત ઈમામ જાફર સાદિક (અ.) રમઝાનુલ મુબારકના છેલ્લા દસ દિવસોની રાત્રીઓમાં વાજિબ અને સુન્નત નમાઝોની અદાયગી પછી આ દુઆ પઢતા હતા:

اَللّٰهُمَّ اَدِّ عَنَّا حَقَّ مَا مَضٰى مِنْ شَهْرِ رَمَضَانَ وَاغْفِرْ لَنَا تَقْصِيْرَنَا فِيْهِ وَتَسَلَّمْهُ مِنَّا مَقْبُوْلًا وَّلَا تُؤَاخِذْنَا بِاِسْرَافِنَا عَلٰى اَنْفُسِنَا وَاجْعَلْنَا مِنَ الْمَرْحُوْمِيْنَ وَلَا تَجْعَلْنَا مِنَ الْمَحْرُوْمِيْنَ

હઝરત ઈમામ જાફર સાદિક (અ.) માહે રમઝાનની છેલ્લી દસ રાત્રીઓમાં આ દુઆ પઢતા હતા:

اَللّٰهُمَّ اِنَّكَ قُلْتَ فِيْ كِتَابِكَ الْمُنْزَلِ شَهْرُ رَمَضَانَ الَّذِيْٓ اُنْزِلَ فِيْهِ الْقُرْاٰنُ هُدًى لِّلنَّاسِ وَبَيِّنَاتٍ مِّنَ الْهُدٰى وَالْفُرْقَانِ فَعَظَّمْتَ حُرْمَةَ شَهْرِ رَمَضَانَ بِمَآ اَنْزَلْتَ فِيْهِ مِنَ الْقُرْاٰنِ وَخَصَصْتَهٗ بِلَيْلَةِ الْقَدْرِ وَجَعَلْتَهَا خَيْرًا مِّنْ اَلْفِ شَهْرٍ اَللّٰهُمَّ وَهٰذِهٖٓ اَيَّامُ شَهْرِ رَمَضَانَ

قَدِ انْقَضَتْ وَلَيَالِيْهِ قَدْ تَصَرَّمَتْ وَقَدْ صِرْتُ يَآ اِلٰهِيْ مِنْهُ اِلٰى مَآ اَنْتَ اَعْلَمُ بِهٖ مِنِّيْ وَاَحْصٰى
لِعَدَدِهٖ مِنَ الْخَلْقِ اَجْمَعِيْنَ فَاَسْئَلُكَ بِمَا سَئَلَكَ بِهٖ مَلٰٓئِكَتُكَ الْمُقَرَّبُوْنَ وَاَنْبِيَآؤُكَ
الْمُرْسَلُوْنَ وَعِبَادُكَ الصَّالِحُوْنَ اَنْ تُصَلِّيَ عَلٰى مُحَمَّدٍ وَّاٰلِ مُحَمَّدٍ وَّاَنْ تَفُكَّ رَقَبَتِيْ مِنَ النَّارِ
وَتُدْخِلَنِي الْجَنَّةَ بِرَحْمَتِكَ وَاَنْ تَتَفَضَّلَ عَلَيَّ بِعَفْوِكَ وَكَرَمِكَ وَ تَتَقَبَّلَ تَقَرُّبِيْ وَ تَسْتَجِيْبَ
دُعَآئِيْ وَتَمُنَّ عَلَيَّ بِالْاَمْنِ يَوْمَ الْخَوْفِ مِنْ كُلِّ هَوْلٍ اَعْدَدْتَّهٗ لِيَوْمِ الْقِيَامَةِ اِلٰهِيْ وَاَعُوْذُ
بِوَجْهِكَ الْكَرِيْمِ وَبِجَلَالِكَ الْعَظِيْمِ اَنْ يَّنْقَضِيَ اَيَّامُ شَهْرِ رَمَضَانَ وَلَيَالِيْهِ وَلَكَ قِبَلِيْ تَبِعَةٌ
اَوْ ذَنْبٌ تُؤَاخِذُنِيْ بِهٖ اَوْ خَطِيْئَةٌ تُرِيْدُ اَنْ تَقْتَصَّهَا مِنِّيْ لَمْ تَغْفِرْهَا لِيْ سَيِّدِيْ سَيِّدِيْ سَيِّدِيْ
اَسْئَلُكَ يَا لَآ اِلٰهَ اِلَّآ اَنْتَ اِذْ لَآ اِلٰهَ اِلَّآ اَنْتَ اِنْ كُنْتَ رَضِيْتَ عَنِّيْ فِيْ هٰذَا الشَّهْرِ فَازْدَدْ عَنِّيْ
رِضًا وَّاِنْ لَّمْ تَكُنْ رَّضِيْتَ عَنِّيْ فَمِنَ الْاٰنَ فَارْضَ عَنِّيْ يَآ اَرْحَمَ الرَّاحِمِيْنَ يَآ اَللّٰهُ يَآ اَحَدُ يَا
صَمَدُ يَا مَنْ لَّمْ يَلِدْ وَلَمْ يُوْلَدْ وَلَمْ يَكُنْ لَّهٗ كُفُوًا اَحَدٌ

(અને પછી આ ઝિક્ર વધુ વખત પઢે.)

يَا مُلَيِّنَ الْحَدِيْدِ لِدَاوٗدَ عَلَيْهِ السَّلَامُ يَا كَاشِفَ الضُّرِّ وَالْكُرَبِ الْعِظَامِ عَنْ اَيُّوْبَ عَلَيْهِ
السَّلَامُ اَيْ مُفَرِّجَ هَمِّ يَعْقُوْبَ عَلَيْهِ السَّلَامُ اَيْ مُنَفِّسَ غَمِّ يُوْسُفَ عَلَيْهِ السَّلَامُ صَلِّ عَلٰى
مُحَمَّدٍ وَّاٰلِ مُحَمَّدٍ كَمَآ اَنْتَ اَهْلُهٗٓ اَنْ تُصَلِّيَ عَلَيْهِمْ اَجْمَعِيْنَ وَافْعَلْ بِيْ مَآ اَنْتَ اَهْلُهٗ وَلَا تَفْعَلْ بِيْ
مَآ اَنَا اَهْلُهٗ

**ગડમથલ નં.૩૮૧નો ઉકેલ**

<u>આડી ચાવીઓ:</u> (૧) ગમગીન (૪) સરફરોશ (૮) બદન (૧૦) બદ (૧૧) બરાત (૧૪) કબીર (૧૬) નાજી (૧૭) કિરદાર (૧૯) ઝર (૨૦) નખ (૨૧) નબાતાત (૨૩) વાદી (૨૭) નસલ (૨૮) લાવારિસ (૩૦) યાદ (૩૧) બજા (૩૨) આગાહ (૩૩) તરફદાર (૩૪) ઝાર <u>ઊભી ચાવીઓ:</u> (૧) ગઝબનાક (૨) ગીબત (૩) નદ (૫) રબ (૬) ફદક (૭) શરારત (૯) નફર (૧૨) રાજી (૧૩) નાદાન (૧૫) બીનાઈ (૧૭) કિરતાસ (૧૮) રખવાલા (૧૯) ઝબાન (૨૨) તલબગાર (૨૪) દીવાર (૨૫) કસમ (૨૬) ખયાનત (૨૯) રિસાલા (૩૫) જાં


MARVEL
JEWELLERS
દરેક પ્રસંગની ઉજવણીને
ભવ્ય બનાવો
નવીન અને આકર્ષક
ડીઝાઇન્સ સાથે
માર્વેલ જવેલર્સની લોકપ્રિયતાનાં આધારસ્તંભ
સંપૂર્ણ પારદર્શિતા
100% BIS હોલમાર્ક
100% બાયબેકની ગેરંટી
વર્ષોનો વિશ્વાસ
વ્યાજબી કિંમત નીતિ
ડિઝાઇન ઓપ્શન્સ
જોગેશ્વરી
દુ.નં. 3/એ, હસ્યુ સિંધ બહાર કો.ઓ. સોસાયટી, ફીશ માર્કેટની નજીક, બહેરામ બાગ રોડ, જોગેશ્વરી, મુંબઈ-400102
+91 99205 56429
સિદ્ધપુર
દુ.નં. 38-39, શ્લોક એમ્પાયર, તાવડીયા ચાર રસ્તા, સિદ્ધપુર-384151
+91 73595 70530
છાપી
દુ.નં. 2, સાગર કોમ્પ્લેક્ષ, પીરોજપુરા રોડ, છાપી હાઈવે-385210
+91 76988 29593
વદાણી
પ્રોપર્ટી નં. 1/291-292-293, સુપર માર્કેટની બાજુમાં, વદાણી-મેસર રોડ, લક્ષ્મીપુરા, જી. પાટણ - 384265
+91 63571 60571
અમદાવાદ
દુ.નં. 26, હિમાલીયા ફલકનુમા, રોયલ અકબર ટાવરની પાછળ, APMC - સરખેજ રોડ, જુહાપુરા, અમદાવાદ - 380055
+91 70695 70530
HAYATT JEWELLERS - અડાજણ પાટીયા, સુરત +91 87805 30370
www.marveljewellers.com
info@marveljewellers.com
MARVEL JEWELLERS

# ઝુહૈર ઇબ્ને કૈન ઇબ્ને કૈસ બજલી (અ.)

- મૌલવી મોહંમદઅલી ભગત (બાદરપુર)

(ગતાંકનું ચાલુ)

**જંગના મેદાનમાં નસીહત:**

લશ્કરની ગોઠવણ પછી ઈમામ (અ.)એ પોતાનો ઐતિહાસિક ખુત્બો આપ્યો, જેમાં આપ (અ.)એ પોતાની ખાનદાની ખાસિયતો, બેગુનાહી અને એની સામે દુશ્મનોનો જુલ્મ બયાન કર્યો. તેના પછી હઝરત ઝુહૈર ઈબ્ને કૈન (અ.) હથિયાર સજીને મેદાનમાં આવ્યા અને ફરમાવ્યું કે, “અય કૂફાવાસીઓ! અલ્લાહના અઝાબથી ડરો. એક મુસલમાનનો બીજા મુસલમાન પર એ હક છે કે તેને નસીહત કરે, અને ત્યાં સુધી આપણે ભાઈ છીએ અને એક જ દીન અને મિલ્લત પર છીએ, કે જ્યાં સુધી આપણી વચ્ચે તલવાર ચાલી નથી અને ત્યાં સુધી તમને નસીહત કરવી યોગ્ય છે; પરંતુ જો આપણી વચ્ચે તલવાર આવી ગઈ તો જવાબદારી પૂરી થઈ ગઈ, અને તમે અલગ ટોળું અને અમે અલગ ટોળું. અલ્લાહે અમને અને તમને પોતાના નબી મોહંમદ (સ.)ની ઓલાદ સંબંધે આઝમાઈશમાં નાખ્યા છે કે જેથી ચકાસે કે અમે અને તમે શું કરીએ છીએ. અમે તમને આપ (અ.)ની મદદ માટે અને સરકશ ઉબૈદુલ્લાહ ઈબ્ને ઝિયાદને છોડી દેવાની દાવત આપીએ છીએ, કારણ કે તમને ઉબૈદુલ્લાહ અને તેના પહેલાં તેના બાપની આખી સલ્તનત દરમિયાન બુરાઈ સિવાય કંઈ મળશે નહીં. તે લોકોએ તમારી આંખોને સીવી છે, તમારા હાથ અને પગને કાપી દીધા છે, તમારા શરીરના અવયવોને જુદા કરી દીધા છે, અને તમને ખજૂરીના ઝાડ પર શૂળી પણ ચઢાવ્યા છે, અને તમારા જેવા અને તમારામાંથી કુરઆનના કારીઓને પણ કતલ કરી દીધેલા છે, જેમ કે હુજ્ર ઈબ્ને અદી અને હાની ઈબ્ને ઉર્વા, વગેરે.”

કૂફાવાસીઓ હકીકત સમજતા તો તેમને નસીહતની અસર થતી. તે લોકોને બધી ખબર હતી, પરંતુ ક્ષણિક લાલચ અને દુનિયાની હવસે તેમની આંખો અને દિલ પર પડદા નાખી દીધા હતા. તે લોકોએ હઝરત ઝુહૈર (અ.)ને અપશબ્દો કહેવાનું અને ઈબ્ને ઝિયાદની પ્રશંસા કરવાનું શરૂ કરી દીધું, અને કહેવા લાગ્યા કે, “અલ્લાહની કસમ! અમે ત્યાં સુધી ચૂપ નહીં થઈએ કે જ્યાં સુધી તમારા સરદાર અને તેમના સાથીઓને કતલ ન કરી દઈએ, અથવા પકડીને અમીર ઉબૈદુલ્લાહ ઈબ્ને ઝિયાદની પાસે ન લઈ જઈએ.” આપ (અ.)એ આ પછી પણ નસીહત કરવાનું છોડ્યું નહીં. ફોજના સરદારોને આ પ્રકારની તકરીરથી

ખતરો મહેસૂસ થતો હતો કે કદાચ કોઈના પર આ નસીહતની અસર પેદા ન થઈ જાય. શિમ્રએ જોયું કે હઝરત ઝુહૈર (અ.) તકરીર કરતા જ રહે છે તો આપ (અ.)ની તરફ એક તીર ફેંક્યું અને કહ્યું કે, "ચૂપ થઈ જાઓ. અલ્લાહ આપની જીભને બંધ કરી દે. આપ પોતાની વધારે પડતી વાતોથી અમને તકલીફ આપો છો." આપ (અ.)એ ગુસ્સામાં આવીને તેને ફરમાવ્યું કે, "હું તને કંઈ કહેતો જ નથી. તું તો જાનવર છે. તારા માટે તો કુરઆનની બે આયતો જ કાફી છે કે કયામતના દિવસે તારા માટે બદનામી અને દર્દનાક અઝાબની ખુશખબરી જ છે." શિમ્રએ આપ (અ.)ને કહ્યું કે, "અલ્લાહ જ આપને અને આપના સરદારને એક ક્ષણમાં કતલ કરી દેશે." આપ (અ.)એ તેને જવાબ આપ્યો કે, "શું તું મને મોતથી ડરાવે છે? અલ્લાહની કસમ! મોત મને તમારી સાથે હંમેશાં રહેવા કરતાં વધારે પસંદ છે." એના પછી ફરીથી લશ્કરની તરફ જોઈને બુલંદ અવાજે ફરમાવ્યું કે, "અય અલ્લાહના બંદાઓ! આ બેવકૂફ, બદકાર અને આના જેવા લોકો તમને તમારા દીનથી ભટકાવી ન દે. એ લોકોને મોહંમદ (સ.)ની શફાઅત નહીં મળે કે જેમણે આપ (સ.)ની ઓલાદનું ખૂન વહાવ્યું હશે, અને અહલેબૈત (અ.)ના મદદગારોને કતલ કર્યા હશે, અને અહલેબૈત (અ.)ને પોતાનાં ઘરોમાંથી બહાર કાઢી દીધાં હશે."

ઈમામ (અ.) ઝુહૈર (અ.)ની સામે દુશ્મનોનો વ્યવહાર જોઈ ચૂક્યા હતા. ત્યાર પછી આપ (અ.)ને ઝુહૈર (અ.)નું મેદાનમાં રહેવું યોગ્ય લાગ્યું નહીં તો પોકારીને ફરમાવ્યું કે, "પાછા આવી જાઓ. જો મોમિને આલે ફિરઓને પોતાની કોમને નસીહત કરી અને દાવતની તબ્લીગ કરી, તો તમે પણ આ લોકોને નસીહત કરી દીધી અને તબ્લીગ કરી દીધી, પરંતુ નસીહત અને તબ્લીગની અસર પણ થવી જોઈએ ને!"[1]

**શુજાઅત:**

પ્રથમ હુમલામાં હઝરત ઈમામ હુસૈન (અ.)ના લશ્કરના પચાસ સાથીઓ શહીદ થઈ ગયા, જેના કારણે દુશ્મનોની હિંમત વધી ગઈ અને જુદા જુદા પ્રકારે દુશ્મનો હુમલો કરવા લાગ્યા, જેમાં શિમ્રએ પોતાના સાથીઓની સાથે — ખાસ કરીને ઈમામ (અ.)ના ખૈમા પર — હુમલો કર્યો અને પોતાનો નેઝો ખૈમા પર માર્યો અને કહેવા લાગ્યો કે, "આગ લાવો, જેથી આ ઘરને તેમાં રહેનારાઓની સાથે સળગાવી દઉં." આ સમયે હઝરત ઝુહૈર (અ.)એ પોતાના દસ સાથીઓની સાથે શિમ્ર પર હુમલો કરી દીધો, જે શિમ્ર અને તેના સાથીઓને ખૂબ જ સખ્ત લાગ્યો અને એ લોકોને ખૈમા પાસેથી હટાવી દીધા, અને શિમ્રના ખાસ માણસ અબૂ અઝા ઝુબાબીને કતલ કરી દીધો. દુશ્મનોએ પોતાના ખાસ માણસને કતલ થયેલો જોયો તો ખૂબ જ જોશથી ઈમામ (અ.)ના આ દસ સાથીઓ પર હુમલો કરવા લાગ્યા, જેના મુકાબલામાં ઈમામ (અ.)ના સાથીઓએ પણ હુમલો કરવાની શરૂઆત કરી, જેના કારણે

1 તારીખે તબરી, જિલ્દ–૫, સફહા–૪૨૬

દુશ્મનો નાસી ગયા.[1]

**નમાઝે ઝોહર:**

હઝરત ઈમામ હુસૈન (અ.)એ ઝુહૈર ઈબ્ને કૈન (અ.) અને સઈદ ઈબ્ને અબ્દુલ્લાહ હનફી (અ.)ને ફરમાવ્યું કે, "તમે બન્ને આગળ આવો કે જેથી હું નમાઝે ઝોહર અદા કરી દઉં." આ બન્ને સહાબીઓ આગળ આવ્યા અને ઈમામ (અ.)એ નમાઝે ઝોહર અદા કરી.[2]

**છેલ્લી જંગ અને શહાદત:**

એક માણસની તાકાત ક્યાં સુધી લડી શકે! આપ (અ.)એ નમાઝે ઝોહર પહેલાં ઈમામ (અ.) ની મદદ માટે શિમ્રથી જંગ કર્યો હતો. આ જંગ એટલો સખ્ત હતો કે જેમાં આપ (અ.)નું જીવતા રહેવું ખૂબ જ મુશ્કેલ હતું, છતાંય આપ (અ.)એ બહાદુરીથી જંગ કરીને દુશ્મનોને ખસેડી મૂક્યા. પછી નમાઝે ઝોહરમાં પણ આપ (અ.)એ ઈમામ (અ.)ની સુરક્ષામાં મોટી ફોજની સામે ઊભા રહ્યા. આ બધા હુમલાઓમાં આપ (અ.)ને જખમો પણ લાગ્યા હશે. નમાઝે ઝોહરમાં દુશ્મનો ખૂબ જ નજીક આવી ગયા હતા, અને જંગ પણ થયો હતો, જેમાં સઈદ ઈબ્ને અબ્દુલ્લાહ હનફી (અ.) શહીદ થઈ ગયા હતા. છેલ્લે આપ (અ.)એ ઈમામ હુસૈન (અ.)ની રજા લીધી, અને આપ (અ.)એ ઈમામ (અ.)ના ખભા પર હાથ મૂકીને એક શેઅર ફરમાવ્યો કે: "હું આપનાથી પહેલાં જંગમાં જઈશ, આપે એક હાદી અને હિદાયતપામેલાની જેમ હિદાયત કરી, આજે અમે આપના નાના નબી (સ.)ને મળીશું; અને હસન (અ.) અને મુર્તઝા અલી (અ.)ને પણ, હથિયારબંધ જવાન, બે પાંખોવાળા હઝરત જાફરે તૈયાર (અ.)ને પણ; અને જીવંત સૈયદુશ્શોહદા હઝરત હમ્ઝા (અ.)ને પણ." આવી રીતે થોડી વાર તલવાર ચલાવતા રહ્યા. છેવટે કસીર ઈબ્ને અબ્દુલ્લાહ શઅબી અને મુહાજિર ઈબ્ને ઔસે સાથે મળીને હુમલો કર્યો, જેના કારણે આપ (અ.) શહીદ થઈ ગયા.[3]

જ્યારે હઝરત ઝુહૈર (અ.)ને કતલ કરવામાં આવ્યા ત્યારે ઈમામ હુસૈન (અ.)એ ફરમાવ્યું કે, "અય ઝુહૈર! અલ્લાહ તમને ક્યારેય પોતાનાથી દૂર ન રાખે અને અલ્લાહ તમારા કાતિલ પર એવી લાનત કરે કે જેવી તેણે કેટલાકોને લાનત કરીને વાંદરા અને સૂવર બનાવી દીધા હતા."[4]

એક રિવાયત પ્રમાણે ઝિયારતે નાહિયામાં આપ (અ.) પર આ મુજબ સલામ કરવામાં આવી છે:

સલામ થાય ઝુહૈર ઈબ્ને કૈન બજલી (અ.) પર કે જેમણે ઈમામ હુસૈન (અ.) પાસે જંગની રજા લેતી વખતે ફરમાવ્યું કે, "ના, અલ્લાહની કસમ! આવું ક્યારેય નહીં થાય. હું રસૂલલ્લાહ (સ.)ના ફરઝંદને દુશ્મનોના હાથમાં છોડી દઉં અને હું બચી જાઉં! અલ્લાહ ક્યારેય મને આવી હાલતમાં નહીં જુએ."

1 તારીખે તબરી, જિલ્દ–૫, સફહા–૪૩૯

2 બિહારુલ અન્વાર, જિલ્દ–૪૫, સફહા–૨૧

3 તારીખે તબરી, જિલ્દ–૫, સફહા–૪૪૧

4 અલ–ફુતૂહ, જિલ્દ–૫, સફહા–૧૦૯

શુધ્ધતા પણ, સ્વાસ્થ્ય પણ, સ્વાદ પણ...

100%
કુદરતી અને રસાયણ મુક્ત

# એગ્રીનેચર

બંધાણી ફાર્મર્સ એલ.એલ.પી.

"ખેડૂતો દ્વારા ઉત્પાદિત ઘાણીના કોલ્ડ પ્રેસ્ડ તેલ અને ચક્કીના વિવિધ મસાલા"

## અમારા ત્યાં બનતા ઉત્પાદનો

| ઘાણીના તેલ | મસાલા | | ↓↓↓ |
|---|---|---|---|
| સિંગ તેલ (મગફળીનું તેલ) | પ્રીમિયમ મરચું પાઉડર | રેશમપટ્ટી મરચું પાઉડર | ડીલર બનવા અને વ્યાપારિક પૂછપરછ આવકાર્ય |
| સરસવ તેલ, રાયડા તેલ | હોટ તેજા મરચું પાઉડર | પ્રીમિયમ હળદળ પાઉડર | |
| તલ તેલ, કોપરેલ તેલ | પ્રીમિયમ ધાણા જીરું | ધાણા પાઉડર | |
| બ્લેન્ડેડ હેર ઓઇલ | સિંધવ નમક | નેચરલ ચા પત્તી | |
| બ્લેન્ડેડ મસાજ ઓઇલ | | | |



- ઉત્તર ગુજરાતના દરેક વિસ્તારોમાં ઉપલબ્ધ
- ગુણવત્તાની સંપૂર્ણ ખાતરી
- ભેળસેળ મુક્ત અને કુદરતી પદ્ધતિથી ઉત્પાદન
- અમારી વસ્તુ પસંદ ના આવે તો 100% રીફન્ડ (પરત) આપવામાં આવશે
- મક્તબાહ જાફરીયા ટ્રેડ ફેર, વાઇબ્રન્ટ ગુજરાત સમિટ, સ્ટાર્ટઅપ ગુજરાત સમિટ, WSSRO એક્ઝીબિશનમાં લોકોનો બહોળો પ્રતિસાદ

ગામ : બાદરગઢ, તાલુકો : પાલનપુર - બનાસકાંઠા, ગુજરાત - ૩૮૫૪૧૦

વધુ માહિતી માટે સંપર્ક કરો:
83476 14814

# ખુત્બએ શાબાનીયા

રસૂલલ્લાહ (સ.)એ શાબાનના છેલ્લા જુમ્આમાં ખુત્બો આપ્યો, અને તેમાં અલ્લાહની હમ્દ અને સના કરી, અને પછી ફરમાવ્યું, "અય લોકો! તમારા ઉપર એવો મહીનો છાંયડો કરી ચૂકયો છે, કે જેની અંદર એવી રાત છે કે જે એક હજાર મહીના કરતાં શ્રેષ્ઠ છે, અને તે રમઝાનનો મહીનો છે, કે જેમાં અલ્લાહે રોઝા વાજિબ કર્યા છે, અને જેમાં રાતમાં જાગીને મુસ્તહબ નમાઝ પઢવા માટે એટલો સવાબ આપ્યો છે કે જેટલો સવાબ ૭૦ રાતની મુસ્તહબ નમાઝ તે સિવાયના કોઈ અન્ય મહીનામાં પઢવાથી મળે છે, અને જે કોઈ પણ આ મહીનામાં નેકી કરે તેનો સવાબ એટલો આપ્યો છે, કે જાણે તેણે કોઈ અન્ય મહીનામાં અલ્લાહે વાજિબ કરેલી વસ્તુઓમાંથી કોઈ વાજિબ વસ્તુને અદા કરી હોય. અને જેણે આ મહીનામાં અલ્લાહે વાજિબ કરેલી વસ્તુમાંથી કોઈ વસ્તુને અદા કરી હોય, તેનો સવાબ એટલો છે કે જાણે તેણે કોઈ અન્ય મહીનામાં વાજિબાતમાંથી ૭૦ વાજિબ વસ્તુઓને અદા કરી હોય. અને આ મહીનો સબ્રનો મહીનો છે, અને સબ્ર એ છે કે જેનો સવાબ જન્નત છે. અને આ મહીનો સદ્વ્યવહારનો મહીનો છે. અને આ એ મહીનો છે કે જેમાં અલ્લાહ મોમિનોની રોજી વધારી દે છે. અને આ મહીનામાં જેણે રોઝેદાર મોમિનને ઈફ્તાર કરાવ્યો તો તેના માટે અલ્લાહ પાસે ગુલામને આઝાદ કરાવવાનો, અને તેના ભૂતકાળના સઘળા ગુનાહની મગ્ફેરતનો, સવાબ છે." તો આપ (સ.)ને પૂછવામાં આવ્યું કે, "યા રસૂલલ્લાહ (સ.)! અમારામાંથી દરેક એટલી શકિત નથી ધરાવતો કે રોઝેદારને ઈફ્તાર કરાવે." તો આપ (સ.)એ ફરમાવ્યું કે, "તોય પણ અલ્લાહ કરીમ છે. તે આ સવાબ એને પણ આપશે કે જે તમારામાંથી કેવળ એક ઘૂંટ લસ્સી પિવડાવવાની શકિત ધરાવતો હોય, અને તેના વડે રોઝેદારને ઈફ્તાર કરાવે, અથવા તો એક ઘૂંટ મીઠું પાણી પિવડાવવાની, અથવા ખજૂર ખવડાવવાની, શકિત કરતાં વધારે શકિત ન ધરાવતો હોય. અને જે આ મહીનામાં નોકરોને હળવાશ આપે, તો અલ્લાહ તેને તેના હિસાબમાં હળવાશ આપશે. અને આ મહીનો એ છે કે જેની શરૂઆત રહમત છે, જેનો મધ્ય મગ્ફેરત છે, અને જેનો અંત કબૂલિયત અને દોઝખની આગથી આઝાદી છે. અને આ મહીનામાં તમે ચાર નેકીઓથી દૂર ન રહેજો. તેમાંથી બે નેકીઓ એ છે કે જેમના વડે તમે અલ્લાહને રાજી કરશો, અને બે નેકીઓ એવી છે કે જે તમારે ન છોડવી જોઈએ. તો એ બે નેકીઓ કે જેમના વડે તમે અલ્લાહને રાજી કરશો, તે છે લા ઈલાહા ઈલ્લલ્લાહની શહાદત અને મોહંમદુર્ રસૂલુલ્લાહની શહાદત. અને બીજી બે નેકીઓ કે જે તમારે ન છોડવી જોઈએ તે છે આ મહીનામાં અલ્લાહ પાસે તમારી મુરાદો માગવી અને જન્નતની માંગણી કરવી, તથા આ મહીનામાં અલ્લાહ પાસે સલામતીની માંગણી કરવી અને દોઝખની આગથી અલ્લાહનું શરણ માગવું."

(મતાઉસ્સકલૈન લિ – મુજાહિદહુસૈન, જિલ્દ–૨, સફહા–૧૯૮, ૧૯૯)


CAREVA
THE CAR CARE
- મોમિન અસગરઅલી એ.સુણસરા (સેવાલણી)
કારેવા | ધી કાર કેર
દર રવિવારે રજા રહેશે.
નવા ટાયર | નાઈટ્રોઝન હવા | કાર વૉશિંગ | કાર જનરલ સર્વિસ | ઓઈલ
ટ્યુબલેસ ટાયર પંચર બનાવી આપવામાં આવશે.
તમારી મનપસંદ બ્રાંડના ટાયરના ભાવ
હવે આપ ઘરે બેઠા પણ મેળવી શકો છો.
ટાયરની સાઈઝ અને ટાયરની બ્રાંડ સાથે વોટ્સ એપ કરો અને ભાવ જાણો
99 0422 0422
YOKOHAMA
Continental The Future in Motion
BRIDGESTONE
Firestone (BRIDGESTONE)
MICHELIN
GOODYEAR
KELLY TIRES (GOODYEAR)
JK TYRE TOTAL CONTROL
CEAT
MRF
apollo
Interested parties may contact the following number for this ongoing business
આ ચાલુ વ્યવસાય આપવાનો છે માટે રસ ધરાવતા પક્ષકારો નીચેના નંબર પર સંપર્ક કરી શકે છે
99 0422 0422
(સંપર્ક કરવા માટે સમય સવારે ૦૮:૦૦ વાગ્યા થી સાંજે ૦૬:૦૦ વાગ્યા સુધી)
કાકોશી ચાર રસ્તા, સર્વોદય સત ઇસબગુલ ફેક્ટરીની બાજુમાં, અમદાવાદ-પાલનપુર નેશનલ હાઈવે ૪૧, સિધ્ધપુર- ૩૮૪૧૫૧

# આપણા ઘરની વાતો



● **અભિનંદન...**

સદીકપુર (અમદાવાદ)નિવાસી **જાફરઅલી શબ્બીરભાઈ મોમિને** નવેમ્બર-૨૦૨૪માં લેવાયેલ CAની ફાઈનલ પરીક્ષા પ્રથમ પ્રયાસે પાસ કરીને CA થયેલ છે. આ કામયાબી .મેળવવા બદલ ‘જાફરી આવાઝ’ (માસિક) પરિવાર તેમને અભિનંદન પાઠવે છે

● **ઈન્નાલિલ્લાહે...**



← મોલીપુર (અમદાવાદ)નિવાસી **મર્હૂમા મો.નાઝિમાઝૈનબ બાકરઅલી કાજી** મુ.તા. ૦૨, જમા.આખર-૧૪૪૬ તા.૦૬/૧૨/૨૦૨૪ને શુક્રવારના રોજ ૨૮ વર્ષની વયે અલ્લાહ તઆલાની રહમતે પહોંચ્યાં છે. તેમને કરબલામાં આવેલ વાદીઉસ્સલામ કબ્રસ્તાનામાં દફન કરેલ છે.



પીંપોદરનિવાસી **મર્હૂમ મો.યૂસુફભાઈ ઈબ્રાહીમભાઈ ખરોડીયા** મુ.તા. ૦૬, જમા.આખર-૧૪૪૬ તા.૦૮/૧૨/૨૦૨૪ને રવિવારના રોજ ૬૮ વર્ષની વયે અલ્લાહ તઆલાની રહમતે પહોંચ્યા છે.→



← પીરોજપુરાનિવાસી **મર્હૂમા મો.જનુબેન ગુલામભાઈ પટેલ** મુ.તા. ૦૭, જમા.આખર-૧૪૪૬ તા.૧૦/૧૨/૨૦૨૪ને મંગળવારના રોજ ૯૫ વર્ષની વયે અલ્લાહ તઆલાની રહમતે પહોંચ્યાં છે.



વડુનિવાસી **મર્હૂમ મો.ગુલામહૈદર રહીમભાઈ ચૌધરી** મુ.તા. ૧૧, જમા.આખર-૧૪૪૬ તા.૧૪/૧૨/૨૦૨૪ને શનિવારના રોજ અલ્લાહ તઆલાની રહમતે પહોંચ્યા છે.→



← પાડગોલનિવાસી **મર્હૂમ મૌલવી અબ્બાસભાઈ ફકીરભાઈ મોમિન** મુ.તા. ૧૬, જમા.આખર-૧૪૪૬ તા.૧૯/૧૨/૨૦૨૪ને ગુરુવારના રોજ ૭૧ વર્ષની વયે અલ્લાહ તઆલાની રહમતે પહોંચ્યા છે.



મોલીપુરનિવાસી **મર્હૂમ મો.અબ્બાસઅલી વલીભાઈ ડોડીયા** મુ.તા. ૨૦, જમા.આખર-૧૪૪૬ તા.૨૩/૧૨/૨૦૨૪ને સોમવારના રોજ ૬૮ વર્ષની વયે અલ્લાહ તઆલાની રહમતે પહોંચ્યા છે.→



⟵ હરીપુરાનિવાસી **મર્હૂમ મો.ગુલામમોહંમદ અલજીભાઈ લોઢા** મુ.તા. ૦૪, રજબ-૧૪૪૬ તા.૦૫/૦૧/૨૦૨૫ને રવિવારના રોજ ૬૨ વર્ષની વયે અલ્લાહ તઆલાની રહમતે પહોંચ્યા છે.



મહેરપુરાનિવાસી **મર્હૂમા મો.હલીમાબેન ઈબ્રાહીમભાઈ મસી** મુ.તા. ૦૫, રજબ-૧૪૪૬ તા.૦૬/૦૧/૨૦૨૫ને સોમવારના રોજ ૯૦ વર્ષની વયે અલ્લાહ તઆલાની રહમતે પહોંચ્યાં છે.⟶



⟵ મોલીપુરનિવાસી **મર્હૂમા કુંવરબેન રહીમભાઈ મુખી** મુ.તા. ૧૪, રજબ-૧૪૪૬ તા.૧૫/૦૧/૨૦૨૫ને બુધવારના રોજ ૯૨ વર્ષની વયે અલ્લાહ તઆલાની રહમતે પહોંચ્યાં છે.

અલ્લાહ તઆલા તમામ મર્હૂમને ગરીકે રહમત કરે, અને તેમના કુટુંબીજનોને સબ્રે જમીલ અતા ફરમાવે, આમીન.

## અફ્ઝલ અમલ

અબૂ ઝર (રઝી.) નકલ કરે છે કે એક દિવસ મેં આંહઝરત (સ.)ને કહ્યું,

"યા રસૂલલ્લાહ (સ.)! સૌથી અફ્ઝલ અમલ કયો છે?"

આપ (સ.)એ ઈર્શાદ ફરમાવ્યો, "અલ્લાહ પર ઈમાન અને તેની રાહમાં જિહાદ."

પછી મેં પૂછ્યું, "સૌથી વધારે કયા ગુલામની રિહાઈનો સવાબ છે?"

આપ (સ.)એ ઈર્શાદ ફરમાવ્યો, "જે ગુલામને તે વધારે પસંદ કરે અને તેની કિંમત પણ વધારે હોય, તેને આઝાદ કરે તે વધારે સવાબ છે."

મેં કહ્યું, "પરંતુ એ હું ન કરી શકું તો?"

આપ (સ.)એ ફરમાવ્યું, "પછી તમે કોઈ (ગરીબ) કારીગરની મદદ કરો અથવા જે બેકાર અને નકામો હોય તેના માટે મજદૂરી કરો."

મેં કહ્યું, "જો હું એ પણ ન કરી શકું?"

આપ (સ.)એ ફરમાવ્યું, "તો પછી તમે એવું કરો કે કદી કોઈની સાથે બુરાઈ ન કરો, અને એ જ તમારું કોઈને હાનિ ન પહોંચાડવાનું હતું, નફ્સ માટે સદકો પણ બની જશે."

(નહ્જુલ ફસાહત, સફ્હા-૧૨૯-૧૩૦)

# જાફરી આવાઝ(માસિક)ને મળેલ ડોનેશનની યાદી

રૂા.૫૦૦/- મો.તાહેરઅલી શરીફભાઈ ખરોડીયા (પીંપોદર) તરફથી મર્હૂમા મો.નૂરીબેન શરીફભાઈ ખરોડીયાની રૂહના સવાબ અર્થે મળેલ ડોનેશન.

રૂા.૨૫૦૦/- મૌલવી રહીમભાઈ કાજી (મોલીપુર-અમદાવાદ) અને તેમના પરિવાર તરફથી મર્હૂમા મો.નાઝિમાઝૈનબ બાકરઅલી કાજીની રૂહના સવાબ અર્થે.

રૂા.૧૦૦/- મર્હૂમ મો.ગુલામહૈદર રહીમભાઈ ચૌધરી (વડુ)ની રૂહના સવાબ અર્થે.

રૂા.૧૦૦૦/- મો.બિલ્કીસ અલીહુસૈન બાલસાણીયા (પીરોજપુરા) તરફથી મર્હૂમા મો.જનુબેન ગુલામભાઈ પટેલની રૂહના સવાબ અર્થે.

રૂા.૫૦૦/- મર્હૂમ મૌલવી અબ્બાસભાઈ ફકીરભાઈ મોમિન અને મર્હૂમા અમીનાબેન અબ્બાસભાઈ મોમિન (પાડગોલ) તથા તેમના મર્હૂમ કુટુંબીજનોની રૂહના સવાબ અર્થે.

રૂા.૧૫૦૦/- મર્હૂમ મો.અબ્બાસઅલી વલીભાઈ ડોડીયા (મોલીપુર)ની રૂહના સવાબ અર્થે.

રૂા.૧૦૦૦/- મો.ઈબ્રાહીમભાઈ નુરમદ કડીવાલા (વાઘરોલ) તરફથી તેમના દીકરા સિરાજઅહમદને અલ્લાહ તઆલાની રહમતે પહોંચ્યે ૧૦ વર્ષ પૂરાં થયાં તો તેમની રૂહના સવાબ અર્થે.

**મર્હૂમ મો.યૂસુફભાઈ ઈબ્રાહીમભાઈ ખરોડીયા (પીંપોદર)ની રૂહના સવાબ અર્થે મળેલ ડોનેશન.**

રૂા.૫૦૦/- મો.ફાતેમાબેન યૂસુફભાઈ ખરોડીયા

રૂા.૫૦૦/- મો.અબ્બાસઅલી યૂસુફભાઈ ખરોડીયા

રૂા.૨૦૦/- મો.શાકેરાબાનું અબ્બાસઅલી ખરોડીયા

રૂા.૨૦૦/- મો.રાહતફાતેમા અબ્બાસઅલી ખરોડીયા

રૂા.૨૦૦/- મો.મોહંમદહુસૈન અબ્બાસઅલી ખરોડીયા

રૂા.૧૦૦૦/- હાજી ઈસ્માઈલભાઈ ઈબ્રાહીમભાઈ ખરોડીયા (પીંપોદર-મુંબઈ) તથા તેમના પરિવાર તરફથી

રૂા.૧૦૦૦/- મો.ગુલામમોહંમદ ઈબ્રાહીમભાઈ ખરોડીયા તથા તેમના પરિવાર તરફથી.

રૂા.૩૦૦/- હાજીયાણી કુલસૂમબેન તાહેરઅલી ખાણશીયા (ઈમાનપુરા)

રૂા.૨૦૦/- હાજી તાહેરઅલી નશીરભાઈ ખાણશીયા (ઈમાનપુરા)

રૂા.૫૦૦/- મો.આબેદાબાનું મિક્દાદઅલી ખાણશીયા (કનાઈ) તથા તેમના પરિવાર તરફથી.

રૂા.૫૦૦/- મો.શહરબાનું એહમદઅબ્બાસ ખાણશીયા (કાટવાડ) તથા તેમના પરિવાર તરફથી.

રૂા.૧૦૦/- મો.ઝહરાબાનું હસનઅલી ખરોડીયા (જેઠીપુરા)

રૂા.૧૦૦/- મો.શાકેરાબાનું અબ્બાસઅલી મસી (કનાઈ)

રૂા.૧૦૦/- હાજી એહસાનઅલી ઈસ્માઈલભાઈ ખરોડીયા

રૂા.૧૦૦/- મો.ફૈઝમોહંમદ ઈસ્માઈલભાઈ ખરોડીયા

**મર્હૂમ મો.ગુલામમોહંમદ અલજીભાઈ લોઢા (હરીપુરા)ની રૂહના સવાબ અર્થે મળેલ ડોનેશન.**

રૂા.૧૦૦૦/- મો.હૈદરઅલી ગુલામમોહંમદ લોઢા

રૂા.૧૦૦૦/- મો.અબ્બાસઅલી ગુલામમોહંમદ લોઢા

રૂા.૫૦૦/- મો.તાહેરઅલી અલજીભાઈ લોઢા

રૂા.૫૦૦/- મો.શબ્બીરઅલી અલજીભાઈ લોઢા

રૂા.૧૦૦૦/- મો.સુગરાબેન અહમદઅબ્બાસ પટેલ (કિશોરગઢ)

રૂા.૩૦૦/- મો.સકીનાબેન અહમદઅલી બાદરપુરા
રૂા.૩૦૦/- મો.સકીનાબેન હસનઅલી લોઢા
રૂા.૨૫૦/- મો.આબિદઅલી ઈસ્માઈલભાઈ મસી
રૂા.૨૫૦/- મો.બાકરઅલી ઈસ્માઈલભાઈ મસી
રૂા.૫૦૦/- મો.ઝહરાબેન નજરઅલી ખાણશીયા (કિશોરગઢ)
રૂા.૫૦૦/- મો.સુગરાબેન અન્વરઅલી સુરપુરા (જેઠીપુરા)
રૂા.૫૦૦/- મો.ઝૈનબબેન નૂરઅલી બાદરપુરા
રૂા.૫૦૦/- મો.કુલસૂમબેન મોહંમદઅલી જેથવા (કેશરપુરા)
રૂા.૨૦૦/- મો.ઝૈનબબેન ફઝલેહુસૈન ખાણશીયા
રૂા.૫૦૦/- મો.ઈસ્માઈલભાઈ અલજીભાઈ નુરભાણેજ
રૂા.૨૦૦/- મો.કુલસૂમબેન હૈદરઅલી સુરપુરા (સુરપુર)
રૂા.૧૦૦/- મો.ગુલામહુસૈન ઈસ્માઈલભાઈ ગોદડ
રૂા.૧૦૦/- મર્હૂમ તાહેરઅલી ઈબ્રાહીમભાઈ માણશીયા (જેઠીપુરા)
રૂા.૨૦૦/- મો.હુરીબેન વલીભાઈ ખાણશીયા (હરીપુરા)
રૂા.૫૦૦/- મો.અબ્બાસભાઈ હસનભાઈ વિજાપુરા (જેઠીપુરા)

**મર્હૂમા મો.હલીમાબેન ઈબ્રાહીમભાઈ મસી (મહેરપુરા)ની રૂહના સવાબ અર્થે મળેલ ડોનેશન.**

રૂા.૧૫૦૦/- હાજી અબ્બાસભાઈ ઈબ્રાહીમભાઈ મસી
રૂા.૧૦૦૦/- મો.અલજીભાઈ ગુલામભાઈ મસી
રૂા.૨૫૦/- મો.રહમતબેન ફતેહમોહંમદ ડોડીયા
રૂા.૨૫૦/- મો.ઝહરાબેન ગુલામભાઈ મસુ
રૂા.૨૦૦/- મો.ગુલામમોહંમદ જલાલભાઈ મસી

રૂા.૧૦૦૦૦/- ડૉ.હૈદરઅલી એ. ખાણસીયા (હરીપુરા) તરફથી તેમના દીકરા ડૉ.મોહંમદહુસૈનનું કેસીમ્પા મુકામે હોમિયોપેથિક ક્લીનીક શરૂ કર્યું અને તેમની પુત્રવધૂ સાબેરાબાનુંને ભાન્ડું મુકામે હોમિયોપેથિક કોલેજમાં એડમીશન મળ્યું, તેની ખુશાલી પ્રસંગે.

રૂા.૫૦૦૦/- મર્હૂમા મો.કુંવરબેન રહીમભાઈ મુખી (મોલીપુર)ની રૂહના સવાબ અર્થે તેમના પરિવારજનો તરફથી.

*હઝરત ઈમામ જાફર સાદિક (અ.)એ આવું પણ ફરમાવ્યું છે કે, "જ્યારે માહે રમઝાન આવી જાય તો તેમાં અલ્લાહની એક શરત છે. અલ્લાહ તઆલા ફરમાવે છે,* **فَمَنْ شَهِدَ مِنْكُمُ الشَّهْرَ فَلْيَصُمْهُ** *(તો તમારામાંથી જેણે આ મહીનાને જોઈ લીધો, તો તેને જોઈએ કે તેમાં રોઝા રાખે.) તો પછી માણસને એ અધિકાર નથી કે જ્યારે માહે રમઝાન આવે તો ઘરમાંથી નીકળી જાય, સિવાય કે હજ માટે, અથવા ઉમરા માટે, અથવા તો બરબાદ થઈ જવાની બીક હોય તેવા માલ માટે, અથવા તો જેનું મોત થવાનો ભય હોય તેવા ભાઈ માટે. અને તેને એ અધિકાર પણ નથી કે તે પોતાના ભાઈના માલને બરબાદ કરવા ઘરથી બહાર નીકળે. પરંતુ જ્યારે ૨૩મીની રાત્રી વીતી જાય તો જ્યાં પણ તેની ઈચ્છા થાય ત્યાં જવા નીકળી શકે છે."*[1]

1 મતાઉસ્સકલૈન લિ - મુજાહિદહુસૈન, ભાગ–૨, સફહા–૨૦૦